કુમાર ૭૬૦

માર્ચ એપ્રિલ · ૧૯૯૨
વર્ષ ૭૦મું · અંક ૪
તંત્રી · બચુભાઈ રાવત

સંસ્થાપક · રવિશંકર રાવળ



ફોટો : સોમાભાઈ મિસ્ત્રી

એપ્રિલ ૧૯૬૨ · અંક ૪૬૦

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧-૨૫

વાચકો લખે છે

'કચ્છના સંસ્કૃતિદર્શન'ને મળેલા પારિતોષિકમાં 'કુમાર'નો હિસ્સો પણ પૂરેપૂરો છે. ગુજરાતની પ્રજાને પોતાનાં ભાંડુઓ વિષે આવો સુંદર પરિચય કરાવવા માટે કચ્છના સૌ લોકો આપના પણ ઋણી રહેશે. રામસિંહભાઇને પણ અભિનંદન પાઠવ્યા છે. એમની વર્ષોની મહેનત ફળી તેથી આનંદ થાય જ.

હવે કચ્છ-માંડવીની જ્વલંત સમુદ્ર-તવારીખ વિષે પણ એવું જ અદ્‌ભુત સુવેનીર બહાર પાડો તો? ભાંગી પડેલા ગુજરાતના એ સુંદર બંદર અને ખલાસ થતી એ બહાદુર ખલાસી કોમ વિષે પણ બધા તેથી જાગૃત થશે.

(મુંબાઇ) —નાનાલાલ વસા

'કચ્છનું સંસ્કૃતિદર્શન'ને સાહિત્ય અકાદમીનું વાર્ષિક ઍવૉર્ડ મળ્યું. મારે મન એ ઍવૉર્ડ રામસિંહજીભાઇ ને 'કુમાર' બન્નેને છે. તમે જે ચાહ ને માવજતથી ક્રમેક્રમે 'કુમાર'માં એ બધું છાપ્યું (ને મૂળે આગ્રહથી કદાચ લખાવ્યું પણ તમે) એ માટે તમને પણ અભિનંદન આપતાં હું આનંદ પામું છું.

(ગોપાલપુરી-કચ્છ) —નાનાલાલ જોષી

'પ્રભાતને પહોર' કવિતા નીચે મેં અગાઉ લખ્યું હતું તેમ મારા ઉપનામ 'તુષાર'ને બદલે મૂળ નામ ન છાપ્યું?

ચાર્લ્સ ડિકન્સ અંગેના લેખમાં તેની જન્મ તારીખની સાલ ૧૮૯૨ નહિ પણ ૧૮૧૨ જોઇએ ને? આમ લેખ ગમ્યો, પણ ડિકન્સની શૈલી અંગે વારંવાર પુનરાવર્તન થયા કર્યું.

શ્રી ચંદ્રવદન મહેતાના લેખમાં અભિનેત્રી કે કેન્ડૉલને લોહીનો ક્ષય થયાનું લખ્યું છે; પણ 'કે'ને લોહીના શ્વેત કણોનું 'કૅન્સર' Leukaemia થયું હતું. ક્ષય એટલે tuberculosis—bacterial disease, અને આ cancer—જેમાં જીવાણુઓ કોઇ રીતે ભાગ ન ભજવે. તબીબી ભાષામાં તો આ આસમાન-જમીન જેટલો ભેદ કરી નાખે.

(પૂના) —દિલીપ ઝવેરી

જાન્યુઆરી અંકમાં ૩૭મા પાના પર લખ્યું છે: 'કાનમાં તેલ નાખતા રહેવાથી નાકનાં દર્દો નથી થતાં, આંખનું તેજ વધે છે ને ઊંઘ પણ સારી આવે છે.'

જો આટલા સાદા ને સસ્તા ઇલાજથી આંખનું તેજ વધી જતું હોત, ઊંઘ સારી આવતી હોત ને જો નાકનાં દર્દો દૂર થતાં હોત તો દુનિયા એટલી ભોળી ને સાદી નથી કે નકામો પૈસો આંખ, નાક, કાન માટે tonic, spectacles પાછળ વાપરે!

કાનમાં તેલ નાખવાથી કાનમાં fungus થાય છે. કદાચ બધાય casesમાં ન પણ થાય. માટે સારો ને સલામત રસ્તો એ છે કે જ્યાં કંઈ કાનમાં complications જણાય ને કાન કંઇ પણ complaint કરે તો કાનમાં તેલ નાખવું બંધ કરી ડૉક્ટરની સલાહ લેવી.

(પૉંડિચેરી) —અંબુ

[ત્રણ પેઢીથી આખા કુટુંબનાં મળી સત્તાવીસ માણસો છેલ્લાં નેવું વર્ષથી કાનમાં તેલ નાખતાં આવ્યાં છતાં કોઇને હજી 'ફંગસ' નથયાનો અનુભવ પણ છે. તમારો પત્ર વાંચીને કોઇને એમ પણ લાગવાનો સંભવ, કે આપણામાંના ઘણા પોતીકું ભૂલીને 'ટૉનિક', 'સ્પેક્ટેક્લ્સ' વગેરે શબ્દોના વપરાશની જેમ પશ્ચિમી વિચારના મોહના ભોગ બનવા જેટલા ભોળા ખરેખર છીએ.]

પૂ. રવિભાઇની કુંડલી એમણે સ્વહસ્તે ઉતારી મને મોકલેલી. ફેબ્રુઆરીના અંકમાં આવેલી કુંડલી જોવાફેરથી અપાઈ લાગે છે. મારા અનુમાન પ્રમાણે એ કુંડલી એમના ચિ. નરેન્દ્રભાઇની હશે; અને એનો પણ સમય રાત્રિના બાર આસપાસનો હોઇને આ ગોટાળો થવા પામ્યો લાગે છે. શ્રી રવિભાઇની કુંડલી નીચે પ્રમાણે છે (આકૃતિ ૧).

'કુમાર'ના વાચકોને (સંગ્રહ પૂરતો) રસ હોય તો મારા કુંડલી-સંગ્રહમાંથી પ્રત્યેક અંકે એકાદ કલાકારની કુંડલી પણ આપવાનું કરું.

(ભાવનગર) —ધીરજલાલ અ. વૉરા


'કુમાર'માં આપેલી શ્રી રવિશંકર રાવળની જન્મકુંડલીમાં ભૂલ જણાય છે. જન્મસંવત ૧૯૪૮ હોય તો તે સાલમાં શનિ વૃષભનો ન હોય, ગુરુ વૃશ્ચિકમાં ન હોય ને શ્રાવણ સુદ આઠમે સૂર્ય મિથુનમાં હોય જ નહિ.

(બોરીવલી) —અમર ઠાકુ

ગતાંકમાં રજૂ થએલી શ્રી રવિશંકરભાઇની કુંડલી ખોટી છપાઈ છે. તે નીચે મુજબ હોવી જોઇએ. વધુમાં જિજ્ઞાસુ વાચક માટે તેઓશ્રીની નવમાંશ કુંડલી પણ આપું છું.

(ભરૂચ) —ભાનુ પટેલ





જન્મ લગ્ન કુંડલી



નવમાંશ કુંડલી

જેટલો વખત આંખને બગડવાનાં કારણો આપ્યાં હોય તેથી અરધા કે પા સમયમાં સુધારો થઇ જવાની ધીરજ હોવી જોઇએ. અલીબાબા યા કે. લાલનું જાદુ નથી કે ઝટ ઘા ને પટ રોટલી જેવું થાય.

કબજિયાત હોય તો ખોરાકમાં ફેરફાર કરી (રેચ કે દવાથી નહિ) પેટને ઠેકાણે લાવવું.

પાંચ તોલા હરડાં બેડાં તથા આમળાંને અધકચરાં ખાંડી તેનો અરધો તોલો ભૂકો રોજ રાતે એક કપ ઠંડા પાણીમાં પલાળવો. સવારે ઊઠીને દાતણ પહેલાં તે પાણી કપડાથી ગાળી લઈ તે વડે આંખો ઉપર છાલક મારી ધોવી. અગર તો આંખ માટે આવતી 'ઑપ્ટ્રેક્સ'ની વાટકીમાં તે પાણી ભરી, દરેક આંખ માટે તાજું પાણી લઇ આંખને બાથ આપવો.

રાત્રે તાંબાના લોટામાં પાણી ભરી ઢાંકી રાખી રોજ સવારે સાડા ત્રણે ઊઠીને તે પાણી આસ્તે આસ્તે પીધા પછી સૂઈ જવું. નાકેથી પાણી પીવાથી વધુ ફાયદો થશે. રાતના સૂતાં પહેલાં પાણીના કોગળા કરી સૂવું.

સવારે સહેવાય તેટલું શીર્ષાસન કરવું.

સવારે રોજ અરધો કલાક લીલી હરિયાળી જમીન ઉપર ઉઘાડે પગે ફરવું. સાથોસાથ હરિયાળી ઝાડી કે બગીચા તરફ એક નજરથી જોવું.

મોટી હરડેને લીસા કાળમીંઢ પથ્થર ઉપર ગુલાબજળનાં ટીપાંમાં ઘસી તે અંજન કાચની સળીથી બન્ને આંખોમાં આંજવું.

રોજ માથામાં તલનું તેલ કે ધુપેલ માલિશ જેમ ખૂબ ઘસી અંદર પ્રસરાવવું.

સવારે પગનાં તળિયાં તેલમાલિશ કરવાં.

નરમ તડકામાં આંખને હથેળીથી પોચે હાથે પામિંગની કસરત આપવી.

માથાથી ગળા સુધીનો ભાગ સાબુથી ધોવા માટે કદી ગરમ પાણીનો ઉપયોગ ન કરવો.

આંખ જેવા અમૂલ્ય રત્ન માટે આટલું

કરવામાં રોજ થોડા સમયનો ભોગ આપવો કંઈ વિસાતમાં નથી.
(મુંબાઇ) —મે'તાજી કાન્તિલાલ શેઠ

ફેબ્રુઆરીના 'કુમાર'માં 'ટાંગાનિકા'નો પરિચય આપ્યો છે તે ભૂગોળ માટે અતિ ઉપયોગી બન્યો છે. વળી આ અંકની શિકારકથા પણ વાચકોનાં દિલ હરી જાય છે. જગન્નાથ મુરલીધર અહિવાસીની નિષ્કામ કલાઉપાસના પ્રચ્છન્ન કલાકારને ઓપ આપે છે.
(કો-ગાંગડ) —કાલિદાસ એસ. વાલા

ફેબ્રુઆરી અંકના કાવ્ય 'રાત્રી પડે છ જવ'નો ઇન્દ્રવજ્ર છંદ લખ્યો છે પણ તેનું બંધારણ જોતાં તો તે વસંતતિલકા છંદ છે.
(સરદારનગર) —છોટુભાઈ ભાવસાર
[*સાચી વાત. એ 'ખંડ-વસંતતિલકા' છે. ઇન્દ્રવજ્ર સંપાદકીય ભૂલ હતી.]

માર્ચ અંક: ડિકન્સના લેખમાં ૧૫૦મી જયંતી લખી છે; જન્મ ૧૮૯૨ની ૭ ફેબ્રુઆરી જણાવી છે; તો ૧૫૦મી જયંતી કઇ રીતે?

પૃ. ૧૧૮ ઉપર ૧ થી અમુક સળંગ આંકડાનો સરવાળો કરવાની સહેલી રીત આપી છે. એક જૂની રીત મને યાદ છે: આદિ અને અંતનો સરવાળો કરીને છેલ્લી રકમના અર્ધાએ ગુણવાથી સરવાળો આવી જાય છે. ૧ થી ૧૦નો સરવાળો = ૧+૧૦ = ૧૧×$\frac{૧૦}{૨}$ = ૫૫

બુકપોસ્ટ પર ઓછી ટિકિટ ચોડવાની કાસિમશાહ દર્દની સૂચનાનો અમલ વર્ષો પહેલાં હું કરતો. 'યંગ ઇન્ડિયા'નો અંક વાંચીને પૂના મારા ભત્રીજાને વાંચવા મોકલતો. તેના પર એક પૈસાની ઓછી ટિકિટ ચોડી તે પર Postage insufficiently paid લખતો અને તે સહીસલામત પહોંચી જતું.
(વાંકાનેર) —છોટાલાલ માનસિંગ કામદાર
[*ડિકન્સનું જન્મ વર્ષ ૧૮૯૨ છપાયું છે તે છાપભૂલ છે. ૧૮૧૨ જોઈએ.]


માર્ચ અંકમાં ચાર્લ્સ ડિકન્સની જન્મસાલ ઈ.૧૮૯૨ છાપવામાં ભૂલ થઇ છે. સાચી જન્મસાલ ૧૮૧૨ છે.
(પીજ) —હિમાંશુ શેલત

ફેબ્રુઆરી અંકમાં ૭૮મે પાને પહેલી કૉલમમાં છેડે લખો છો: 'યુરોપ અને અમેરિકાના અંતરમાં દર વર્ષે ૬૩ ફૂટનો ફરક પડતો જાય છે' તે કઈ રીતે? અંતર વધારે કે ઓછું? અને ફરક કઈ રીતે પડે? પૃથ્વી તો કંઈ મોટી થતી નથી. પૅસિફિક મહાસાગર કાં તો ઓછો થાય કાં વધતો જાય (પહોળાઈમાં).
(કલકત્તા) —ઉષા શ. દેસાઈ
[*આપની બીજી કલ્પના સાચી લાગે છે.]

શ્રી કામદારનો લેખ વાંચ્યો. તે પહેલાં પણ વર્તમાનપત્રોમાંની નળસરોવરની પ્રશંસાથી પ્રેરાઇ હું નાતાલના વૅકેશન દરમ્યાન કુટુંબ સાથે નળસરોવર ગયો હતો. એક પણ (ચકલીઓ સિવાય) પક્ષી નહિ એમ કહું તો ચાલે. ત્યાં હોડીમાં બેસીને ફરવા ગયા તો યે એક પણ પંખી જોવામાં ન આવ્યું. નળસરોવરનાં માણસોને પૂછી જોયું તો કોઇએ પંખીઓ વિષે જરાકે ય વાત ન કરી. હોડીવાળાઓએ પણ કહ્યું 'ના ભાઇ અહીં તો કંઈ આવતું નથી. પક્ષીઓ અહીં આવે છે એમ કહેનાર અમને એક પણ માણસ ન મળ્યો. ત્યાં ગવર્નમેન્ટ ક્વાર્ટર્સ બંધાતા હતાં તેનાં માણસોને પૂછ્યું તો યે એ જ જવાબ. અમે ભયંકરરીતે નાસિપાસ થઈને પાછાં ફર્યાં. તો નાતાલમાં અગર આ શિયાળામાં કોઈ ભાઈ ત્યાં ગયા હોય ને પક્ષીઓ જોયાં હોય તો કૃપા કરી માહિતી આપે અને અમને એકે પક્ષી જોવા ન મળ્યું એનું કારણ જણાવી શકે તો મોટો ઉપકાર થશે.
(સુરત) —પ્રફુલ્લ વૈદ્ય

માર્ચનું સાંકળિયું બતાવે છે 'ત્રિરંગી મુખચિત્ર: 'સમુદ્રતીરે રેતીના ઢૂવા · ચિત્રકાર શાંતિલાલ શાહ', જ્યારે અંકમાં ચિત્ર છે 'ગામડાનાં ઘર: કલાકાર પીરાજી સાગરા'; આમાં કંઈક ભૂલ થઈ હોય એમ લાગે છે.
(વિલેપારલે) —કેશવ પટેલ
[*બંને ચિત્રો છાપેલાં તૈયાર હતાં. શાંતિલાલ શાહનું ચિત્ર આગામી અંકમાં એમનાં બીજાં બે ત્રિરંગી ચિત્રો તથા એમની કલાના પરિચય સાથે છાપવાનું વિચારી મુલતવી રાખ્યું, પણ સાંકળિયું લખનારથી એ વિસરાઇ ગયું તેની દિલગીરી છે. આવી એક બીજી દિલગીરી પણ એ ચિત્ર વિષે પ્રકટ કરવાની એ છે કે એ 'ગુજરાત રાજ્યના સૌજન્યથી' મળ્યું હોવાનું ચિત્ર નીચે છાપવાનું રહી ગયું છે. જોકે પછીથી પૃ. ૮૭ નીચે એ સૌજન્ય સ્વીકાર કર્યો છે.]

તૂટેલાં ચીની માટીનાં વાસણોને સાંધવા બળેલો ચૂનો લો, એનો બારીક ભૂકો કરો અને તેમાં ઘરનું બનાવેલું પનીર મેળવો. એ જાડા લોંદા વડે તૂટેલા વાસણના ટુકડા સંધાશે.
(મોરબી) —દેવ[illegible] એચ. સાલીઆ




ગોરજ સમય

(કાંગડા કલમ)

ઢળતી સાંજે ઘેર પાછા ફરતા ગોધનના આગમનથી મચી ઊઠતી ચહલપહલને નાનકડા ફલક પર પણ કલાકારે કેટલી કુશળતાથી ઉતારી છે! પહાડી શૈલીનું આ ચિત્રરત્ન બૉસ્ટનના કલાસંગ્રહસ્થાનમાં સંઘરાએલું છે.

(મ્યૂઝિયમ ઑવ ફાઈન આર્ટ્સ-બૉસ્ટનના સૌજન્યથી)



ઝરણને
કાંઠે
કલાકાર · રસિકલાલ પરીખ
('અંગના'ના સૌજન્યથી)

તું જ

· વસંતતિલકા–મૃદંગ ·

છે યાદ એ મિલન આપણું પ્હેલું: જ્યારે
તું મૌનના અકલ ભાર નીચે દબાઇ
હૈયાતણો સકલ વૈભવ પોપચે ધરી
નીચી ઢળી નજરથી પથની ધરા (જ્યાં
ભેગાં મળ્યાં ઉભય)ને હતી ઓતરી રહી
ધીરે; પ્રકંપિત પછીથી સુચારુ હોઠથી
થોડાંક વેણ સરક્યાં;–સરક્યાં નહીં ગુંજ્યાં,
ને બંસરી બજી રહી મરમાળી અંતરે!

પાછી મળી; સ્મરણ છે, હતી તું જ તે ય, જે
ચાલી ગઇ ઘરડી કાબર જેમ જોતી,
સોહામણી ગરવી ડોક સહેજ વાળી,
રૂઆબમાં અધરને મરડી,—રૂડેરી
ભીની ભીની તડપતી મુજ જિન્દગીની
લાખેણી આરત બધી મૂકતી ગઇ પૂંઠે?

હેમન્ત દેસાઈ

પ્રિય હે!

· વસંતતિલકા ·

મારા અભાગી ઘરની પ્રિય હે! તું લક્ષ્મી;
તારા સુમંગલ મુખે લસતી પ્રભાએ
અંધારગ્રસ્ત મુજ સાંકડી ઘોલકીનું
ઊઠયું ઝગી સકલ ઓજસ પૂર્ણિમા શું.

તારા પદે કમલકોમલ સ્વસ્તિકોની
શી આ રચાય પ્રિય! કુંકુમ ભાગ્યલીલા!
પૂર્વે ન રંક ઘરઆંગણ જે સુહેલી,
આવી પ્રપૂર્ણ લઇ રિદ્ધિ તું ભાગ્યદેવી.

ના કૈં કમી, સકળ તેં ભરી દીધ કોષ,
હું રંક સ્તબ્ધ, મુજ ભાગ્ય સહી શકું ના;
શું હીન ભાગ્ય કદી છાજત આ સુદેવી!?
સંમૂઢ અંતર: શું સત્ય અરે શું સ્વપ્ન?!

ને દીન મૂઢ ઉર એમ વિમાસતું'તું,
ત્યાં તેં દીધો ચરમ ભાવથી ચૈત્યસ્પર્શ.

શશિશિવમ્

· સોરઠા ·

'દુહા' બરાબર બેસવા, દરિયા તુને આશ?
હૈડું તારે ક્યાં મળે, મરમ અને મીઠાશ?

ચિઠ્ઠી અક્ષર ચાર, વેદ થકી લાગ્યા વધુ,
અરથ ભર્યાં અપાર, ઉમ્મરભર ના ઊકલ્યા!

આગળ જ્યાં ભાંગી ગઇ, કાંઉં કરે કમાડ?
હૈયા હરેરી જો ગયાં, હામ ભીડે શું હાડ?

માદુહાં મીઠાં મળ્યે, હૈડાં રહે કોં હાથ?
આંતમડાં અથાટ, સોંપી જ દઇએ, શામળા!

મન-મોટપ, મીઠપ, અને અમી ઠારંતાં આગ,
રાખ્યાં તે અણુતાગ, તળિયું ન સૂઝે ત્રિકમા!

જયંતીલાલ સોમનાથ દવે

જૂના પત્રોનો નાશ કરતાં—

· મંદાક્રાન્તા ·

પત્રો જૂના અણુમૂલ ખજાનો ગણી સાચવેલા,
પાને પાને ઊકલતી કશી લાગણીની ગડીઓ!
વર્ષે વર્ષે મિભવ ઉર ને ચિત્તના ઠાલવેલા,
નાનાં મોટાં સુખદુઃખ તણી સુસ જેમાં ઘડીઓ.

કેવાં કેવાં વચન પ્રણયાનંદનાં ને વ્યથાનાં:
આખાં હૈયાં પરબાડિયું થૈ કાળ ને સ્થાન કેરાં
વીંધીને અંતર અહીં સુધી લાવતાં લોકછાનાં
ઊનાં આંસુ તણું લવણ ને લાસ્ય આનંદપ્રેર્યાં!

હૈયે ચાંપી બહુ વખત જેનો કર્યો પાઠ પ્રીતે
'રે સંબંધો મરણ પછી યે ના છૂટે કોઇ રીતે'
એવાં એવાં વચન વદતાં કાળની ઠેકડીઓ
કીધી; આજે ખબર પડી કે આખરે એ જ જીત્યો!

જૂના પત્રોઅહીં તહીં ચીરા ઊડતા જોઇ હેતો
થોડું કંપે કર, હૃદય થોડું દ્રવે
થોડું... થોડું જ એ તો!

જયન્ત પાઠક

થોડા દિવસ

· ગઝલ ·

સૌ કહે છે કે રહે છે ચાંદની થોડા દિવસ,
તો ય લાગે છે મઝાની ઝિંદગી થોડા દિવસ.

હે વિધિ! તું આપ મુજને એ ફરી થોડા દિવસ,
મોકલ્યા જે સ્નેહના મારા ભણી થોડા દિવસ.

આપ જ્યારે જાઓ છો મુજને તજીને હે સનમ!
એમ માનું છું કે 'છે આ ઝિંદગી થોડા દિવસ.'

સ્વર્ગ છોડીને ધરા પર આવવું પડશે પ્રભુ,
હું જપું માળા અગર તુજ નામની થોડા દિવસ.

ઝિંદગીભર હું રુદન કરતો રહ્યો 'મનહર' અહીં,
ભૂલવા કોઇનો ગમ ગઝલો લખી થોડા દિવસ.

મનહરલાલ ચોકસી

રવિ

· મિશ્ર ·

શૈત્યના
સુતીક્ષ્ણ રું રું શરથી વીંધાઇને
કલી પરે નિર્જીવ થૈ પડ્યું હતું
પતંગિયું; સ્પર્શી રહ્યા ઋજુ તમે
ઊંડે ઊંડે અમૃતપાણિ. રે જુઓ
ફૂટી કળી ફૂલ બને હજુ જ્યાં
ઊડ્યું નર્યું કાંચન—રે પતંગિયું
પીળું પીળું આ તડકાથી આર્દ્ર થૈ
સુવર્ણને અક્ષર દોરતું જતું
હિલ્લોલ મારા હિયનો......

થીજી ગએલાં જલ જે પુકુરનાં
કૂદે છ તેમાં અવ મત્સ્ય, તીર પે
બેઠી તનુ મોહક શકુન્તલા
ઝબોળતી બે પગને સુવર્ણમાં.

સુવર્ણ મ સ્નાન કરે નભોક્ષત
સૌ વૃક્ષ રે શ્રીફળનાં, લીલોતરી
સુવર્ણથી શી પલળી ગઇ, ઝગે
સોને મઢયાં સૌ ઘર નાનકાં, અરે
બરાડતી પૂંછ ઉલાળતી ધસે
ઓ સીમથી ખેતરને પથે જુઓ
આનંદની છાલકથી વીંઝાઇને
મહિષીની મુક્ત ગતિ... ઝમે ઝમે
સોનું નર્યું સૌ ટચનું અજસ્ર.
પ્રસન્ન કોઈ ખગકંઠ, વાંસનું
અસ્તિત્વ ચાહે નભને વીંધી જવા!

આકાશમાં કો' ભરી ખોબલો નીચે
ઢોળી રહે છે તડકો—ગીતાંજલિ.

લાભશંકર ઠાકર

મનને એકાન્ત

· ગાન ·

તારું તે નામ લઇ હૈયું આ રાતદિન મીઠેરી વાંસળીને વાય:
મનને એકાન્ત જરી બોલું હું નામ ત્યાં નીચાં આ નેણ ઢળી જાય!

દર્પણની પાસ જઈ પાછી હું જાઉં વળી એવું શું થાય મને આજ!
(કે) હોઠ નહિ ઊઘડે ને પાય નહિ ઊપડે ને મુખડે છવાઇ જાય લાજ;
છાનેરી વાતને ચોરીછૂપીથી રખે વાયરો યે સાંભળી જાય: મનને૦

પાંપણ બિડાય પણ નીંદરનું નામ નહિ; સપનાંનો સુરમો અંજાય;
ચંચલ સુગંધને કૂણી આ પાંખડીમાં કેમ કરી ઢાંકી ઢંકાય?!
પંખાળી ફોરમને ઝાલી ઝલાય નહિ, કોણ જાણે ક્યાંય ભળી જાય: મનને૦

સુરેશ દલાલ

કવિતા લેખકોને વિનતિ છે કે માર્ગદર્શન, સૂચન-સુધારા કે ઉત્તેજનાર્થે છાપવા માટેની કાચી કૃતિઓને આવકારવા જેટલું સ્વાસ્થ્ય કે સમય હવે રહ્યાં નથી, એટલે એવી કૃતિઓ ન મોકલતાં 'કુમાર'ની કક્ષાની જણાય તેવી એકાદ જ કૃતિ મોકલવી. ઉત્તર કે કૃતિ પાછી મેળવવા માટે પોતાનું સરનામું કરેલું તથા ટિકિટ ચોડેલું કાર્ડ કે કવર સાથે મોકલવું. છૂટું પોસ્ટેજ મોકલવું નહિ. પોસ્ટેજ બીડયા વિનાની કોઇ પણ કૃતિને માટે ઉત્તર આપવાનું શક્ય નથી.

આજની પ્રક્રિયા

નવી પ્રજા પાસેથી કામ લેવાનું આવે ત્યારે આપત્તિ જ આવી સમજો ! પણ થાય શું ? આજની પેઢીને સુખાળવાપણું, આળસ, બેદરકારી અને અલ્લડવેડા વધુ ગમે છે. એ આપણી ચલચિત્રો, ક્રિકેટ-કૉમેન્ટ્રી અને સિલોન રેડિયોની સંસ્કૃતિનો પરિપાક છે. મધ્યમ વર્ગમાં ભીંસમાંથી છટકવાની જે એક વૃત્તિ છે તેના પરિણામ રૂપ પણ એ હોય. કશું યે ઊંડું, તાત્ત્વિક, વિચારણીય કે ગહન વસ્તુ ઉપેક્ષાને પાત્ર થાય છે; અને હળવું, આછકલું અને મનોરંજક, એ આપણા નવતર વ્યક્તિત્વના સાર રૂપ બની રહ્યું છે. ગંભીર નાટકો કરતાં ફાર્સ અને વિનોદની નિકૃષ્ટ કોટિ સુધી ઊતરતાં નાટકો આપણને રુચે છે, ચિન્તનાત્મક ધીર-ગંભીર વિચારોથી ભરેલા ગ્રંથો કરતાં માનવજીવનના વરણાગિયાવેડાને પ્રચ્છન્નરીતે વર્ણવતાં પુસ્તકો વિશેષ ગમે છે. ચિત્રોમાં પણ આહ્‌લાદક, રમણીય કે ચિત્તને ચિરંતન પ્રસાદ રૂપ બની જાય એવી રચનાઓ કરતાં જીવનના અજંપા ને અરાજકતામાંથી ઉત્પન્ન થતાં વિચિત્ર આયોજન અને અનુભૂતિથી નીપજેલાં ચિત્રો જ દેખા દે છે. સંગીતકારની મધુર અદાથી તે આપણને મુગ્ધ કરી દેતાં નથી, પરંતુ સરકસના ડાગલાના ચાબુકના કડાકાની જેમ આપણને આંચકો આપીને આકર્ષવા પ્રયત્ન કરે છે. કાળની એ બલિહારી છે.

આ દશામાંથી 'સાચું' શિક્ષણ જ આપણને બચાવી શકે. આપણે જીવનપરિવર્તનની પ્રક્રિયાના એવા આરા પર આવીને ઊભા છીએ કે ગીતનો તાલ, લય, સૂરવિહાર કે સંવાદ આપણને સાંપડી શકતાં નથી,—બલ્કે એથી કાંઈક ઊલટો જ જીવનાનુભવ થાય છે; અને પરિણામે કલાનુભવ પણ તેવો જ સાંપડે છે. We are living in a chaos that tries, rather fumbles to resolve into a new cosmos. આ અવ્યવસ્થાને, આ અરાજકતાને આપણે હાથ ધરીને તેને સર્જક કેળવણી દ્વારા જો નવો વળાંક નહિ આપીએ તો પ્રકૃતિ, એના નિયમ મુજબ, ઘણા જ દુર્વ્યય પછી, પોતાની મેળે પોતાનો સંવાદ મેળવી તો લેશે, પણ તે કાળ સુધી રાહ જોવી પડશે. એટલે એ ખતરનાક ગાળાને કાપી નાખવો હોય તો આ પરિવર્તનની પ્રક્રિયાને સભાન, સર્જક, શૈક્ષણિક પ્રક્રિયા દ્વારા હાથ ધરી તેને યોગ્ય ઘાટ આપવો પડશે. ત્યાં સુધી આ ફરિયાદ, આ હતાશા, આ નૈષ્ફલ્ય અને આ 'સુખાળવાપણું' આપણને નહિ છોડે.

ઈશ્વર-ઇચ્છા મનુષ્યના પ્રયત્નની રાહ જોઈ રહી છે.

રતિલાલ છાયા

ઇંગ્લંડની શ્રેષ્ઠ સ્ત્રી-કવિ: જેનું

સુવિખ્યાત કવયિત્રી, અને કેટલાકને મતે તો ઇંગ્લંડની શ્રેષ્ઠ સ્ત્રી-કવિ ઇલિઝાબેથ બૅરેટ બ્રાઉનિંગનો જન્મ ઈ. સ. ૧૮૦૬ની ૬ઠ્ઠી માર્ચે, કૉક્સહૉલ, ડરહામમાં. એના પિતા એડવર્ડ મોલ્ટન (પાછળથી નામ બદલાઇને બૅરેટ) વેસ્ટ ઈન્ડીઝમાં પ્લાન્ટેશન્સ–બગીચા ઉછેરનાર જમીનદાર હતા. ઇલિઝાબેથ અગિયાર બાળકોમાં સૌથી મોટી.

એના બાળપણમાં જ પૈતૃક રહેઠાણ બદલ્યું. હોપ ઍન્ડ હિયરફોર્ડશાયરમાં. ઇલિઝાબેથે ત્યાંના સંસ્મરણો 'અરોરા લે' તેમજ 'લૉસ્ટ બાવર' ને અન્ય કાવ્યોમાં વેર્યા છે. દેહે એ હતી નાજુક છતાં તંદુરસ્ત અને સ્ફૂર્તિશીલ. અચ્છી ઘોડેસવારી કરી શકે. પણ એકવાર ઘોડેસવારી કરતાં એની કરોડમાં એવી ગંભીર ઈજા થઈ કે જેને પરિણામે તે પથારીવશ અને પરવશ થઈ ગઈ—લગભગ જીવનભરને માટે.

હિયરફોર્ડશાયરથી સિડમથ, ત્યાંથી ગ્લૂસ્ટર પ્લેઈસ ને ત્યાંથી રહેઠાણ ફેરવાયું ૫૦, વિમ્પલ સ્ટ્રીટ, લંડનમાં. રુડૉલ્ફ બીઝીઅરે ઇલિઝાબેથ અને રૉબર્ટ બ્રાઉનિંગના પ્રણયજીવનને આલેખતું એક નાટક લખ્યું છે. તેનું મથાળું છે: 'બૅરેટ્સ ઑાવ વિમ્પલ સ્ટ્રીટ'. અહીં વિમ્પલ સ્ટ્રીટમાં પડયાં પડયાં જ તેણે કવિતાની સાધના કરી, ગ્રીક સાહિત્યનો અભ્યાસ કર્યો, અનુવાદો કર્યા, કાવ્યો સર્જ્યા, લેખો લખ્યા અને–અહીં જ, એના એકાંત અને એકધારા જીવનમાં પલટો આણી એને નવજીવન બક્ષનાર કવિ રૉબર્ટ બ્રાઉનિંગનો મેળાપ થયો: ૧૮૪૪માં. ઇલિઝાબેથ ને રૉબર્ટ બે કવિજીવોનું પ્રણય-પ્રકરણ અને દાંપત્ય સાહિત્યજગતની અનોખી અને રોમાંચક કથા છે.

ઇલિઝાબેથનો રૉબર્ટ બ્રાઉનિંગ સાથે મેળાપ થયો તે પહેલાંથી જ તેની કાવ્યપ્રવૃત્તિ તો સારી એવી વિસ્તરી ચૂકી હતી અને સાહિત્યજગતને એણે ઠીક-ઠીક આકર્ષવા માંડયું હતું. એ નોંધપાત્ર છે કે પાછળથી ઇંગ્લંડનો મહાન કવિ ગણાનાર રૉબર્ટ બ્રાઉનિંગ જ્યારે પ્રમાણમાં ઓછો જાણીતો હતો અને દુર્બોધ કવિ તરીકે બાજુએ મુકાતો હતો ત્યારે ઇલિઝાબેથે અંગ્રેજ સાહિત્યકારો વચ્ચે નિશ્ચિત સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. બ્રાઉનિંગને મળતાં પહેલાં એની અનેક કૃતિઓ પ્રગટ થઈ ચૂકી હતી. 'ધ બૅટલ ઑાવ મૅરેથૉન (૧૮૨૦), 'ઍન એસે ઑાન માઈન્ડ ઍન્ડ અધર પૉએમ્સ' (૧૮૨૬), 'પ્રોમીથિયસ બાઉન્ડ (અનુવાદ) ઍન્ડ 'મિસેલેનિયસ પૉએમ્સ' (૧૮૩૩), અને 'ધ સેરાફિમ ઍન્ડ અધર પૉએમ્સ' (૧૮૩૮). ઉપરાંત 'ધી ઍથીનિયમ' પત્રમાં એણે પ્રગટ કરેલી 'અંગ્રેજ કવિઓ' વિષેની લેખમાળાએ પણ સારો એવો રસ જગાવ્યો હતો. આમાં ૧૮૪૪માં પ્રગટ થયેલાં 'પૉએમ્સ'નો ઉમેરો થયો.

ઈટાલીની મુસાફરીએથી પાછા ફરેલા બ્રાઉનિંગને એ કાવ્યો ગમ્યાં–ઘણાં ગમ્યાં. ઇલિઝાબેથે પણ પોતાના લેખોમાં બ્રાઉનિંગને 'High and gifted spirits'માં ગણાવ્યો હતો અને 'પૉએમ્સ'માંની 'લેડી જિરાલ્ડાઈન્સ કોર્ટશિપ'માં તેનો ઉલ્લેખ ટેનિસન અને વર્ડ્ઝવર્થની સમકક્ષાએ કર્યો હતો. વળી ઉભયના સમાન મિત્ર કેન્યૉન દ્વારા બન્ને પરસ્પરને પરોક્ષરીતે તો પિછાનતાં જ હતાં. કેન્યૉને રૉબર્ટને ઇલિઝાબેથનાં કાવ્યો વિષેનો એનો આદર વ્યક્ત કરવા પ્રેર્યો અને કવિએ લખ્યું: 'I loved her verses with all my heart.' 'પારાસેલ્સસ'ના કવિની આ પ્રશંસાએ ઇલિઝાબેથના અંતરમાં આશા અને આનંદની ભરતી ચડાવી. બન્ને વચ્ચે પત્રવ્યવહાર શરૂ થયો અને પરોક્ષ આત્મીયતા જન્મી. ઈ. ૧૮૪૪માં પહેલીવાર રૉબર્ટ બ્રાઉનિંગે ઇલિ-

પ્રણય-પ્રકરણ અને દાંપત્ય સાહિત્યજગતની અનોખી અને રોમાંચક કથા છે



લેખક
પ્રો. વિનોદ
અધ્વર્યુ

ઇલિઝાબેથ બૅરેટ-બ્રાઉનિંગ

ઝાબેથ બૅરેટની પ્રથમ પ્રત્યક્ષ મુલાકાત કરી. વિમ્પલ સ્ટ્રીટના એ ઓરડામાં એણે જોઈ–સોફામાંથી ઊઠી પણ ન શકતી એ નાજુક આકૃતિ, વાંકડિયાં ઝુલ્ફાંની વચમાંનો ફિક્કો ચહેરો, વિશાળ આતુર અને ભાવભરપૂર આંખો, અને ઇલિઝાબેથે કહ્યું તેમ, 'એ કદી પાછો ન જઈ શક્યો!'

એ જ ક્ષણથી ઇલિઝાબેથના જીવનમાં મહાન પરિવર્તન શરૂ થયું. પિતાના અનનુકૂળ સ્વભાવને લીધે રૉબર્ટની નિત્ય મુલાકાતો ગુપ્ત જ રહી. બે વર્ષ સુધી સતત આવવા છતાં રૉબર્ટ ને મિ. બૅરેટ કદી એકબીજાને મળ્યા સુદ્ધાં નહિ. પછી તો ૧૮૪૬માં ગુપ્ત લગ્ન બાદ તરત જ ઇલિઝાબેથ ને રૉબર્ટ ઈટાલી ચાલ્યાં જતાં પિતા સાથેનો સંબંધ સદા માટે કપાઈ ગયો; ને વર્ષો પછી પિતાએ પુત્રીને એક પાર્સલ મોકલ્યું તેમાં પણ તેણે લખેલા બધા જ પત્રો ઉઘાડ્યા વગરના એમ ને એમ પાછા મોકલ્યા. તેમને મન પુત્રી મૃત્યુ પામ્યા બરાબર જ હતી.

ઇટાલીમાં ફ્લૉરેન્સમાં ઇલિઝાબેથને કાયમનું ઘર મળ્યું, સ્વાસ્થ્યમાં અણધાર્યો સુધારો થયો, પુત્ર સાંપડયો, મિત્રો મળ્યા અને એણે પ્રેમભર્યું જીવન જીવતાં જીવતાં અનેક કાવ્યો લખ્યાં. જીવનનો આ સૌથી સુખી ગાળો હતો. અહીં જ એક દિવસ ઇલિઝાબેથે ક્ષોભપૂર્વક પતિના હાથમાં એક હસ્તપ્રત મૂકી. લગ્ન પૂર્વેના સ્નેહજીવનનાં સંવેદનોની કથા આલેખતાં એ 'સૉનેટ્સ'માં બ્રાઉનિંગે ઇલિઝાબેથના પ્રેમની ગંભીરતા, નાજુકતા ને અપાર્થિવતાનું જાણે નવું દર્શન કર્યું. જગતસાહિત્યમાં ઉત્તમ પ્રણયકાવ્યો ગણાનાર એ જ 'ધ સૉનેટ્સ ફ્રૉમ ધ પોર્ચુગીઝ'–રૉબર્ટ ઇલિઝાબેથને લાડમાં 'માઈ લિટલ પોર્ચુગીઝ' કહેતો!

આ દરમિયાન ઇલિઝાબેથે સાહિત્યક્ષેત્રે કેવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું તેનો પુરાવો: ઈ. ૧૮૫૦માં કવિ વર્ડ્ઝવર્થના અવસાનથી રાજકવિ:(પોએટ લૉરીએટ)ની જગ્યા ખાલી પડી, તે માટે ટેનિસનની સાથેસાથે ઇલિઝાબેથનું નામ સૂચવવામાં આવ્યું હતું—રૉબર્ટનું નહિ!

ઈ. ૧૮૫૫માં રૉબર્ટે 'મૅન ઍન્ડ વિમેન' પ્રગટ કર્યું. ૧૮૫૭માં ઇલિઝાબેથનું સુદીર્ઘ કથાકાવ્ય 'અરોરા લે' પ્રગટ થયું—બ્લૅન્ક વર્સની ૧૧,૦૦૦ પંક્તિઓમાં લખાએલી એક નવલકથા. એ પ્રગટ થતાં જ એને એટલો ઊમળકાભર્યો સત્કાર મળ્યો કે એક પખવાડિયામાં તો એની બીજી આવૃત્તિ કરવી પડી, ને થોડાક માસમાં જ ત્રીજી! જોકે એમાં આવતાં વેશ્યાવૃત્તિ, બળાત્કાર આદિનાં વર્ણનો (ને તે ય સ્ત્રી-લેખકને હાથે!) ને લીધે ઠીકઠીક ઉહાપોહ પણ થયો. પરંતુ એકંદરે અનેક મર્યાદાઓવાળું આ કાવ્ય ઠેરઠેર કર્તાના સામાજિક, રાજકીય વગેરે મુદ્દા ઉપરના વિચારોનાં વ્યાખ્યાનોથી ભરપૂર હોવા છતાં તેના કેટલાક ગુણોને લીધે નોંધપાત્ર છે. આ કાવ્યે ઇલિઝાબેથની કીર્તિમાં સારો એવો ઉમેરો કર્યો છે.

ઈ. ૧૮૫૯માં ફ્લૉરેન્સમાં ઇલિઝાબેથ ગંભીર માંદગીમાં પટકાઇ. બ્રાઉનિંગની પ્રેમપૂર્વક સારવાર છતાં તેની શક્તિ ઉત્તરોત્તર ક્ષીણ થતી ગઈ અને ર૯મી જૂન ૧૮૬૧ના રોજ શાંત અનુદ્વિગ્ન સ્થિતિમાં તેનું અવસાન થયું.

ઈલિઝાબેથની કાવ્યપ્રતિભા મુખ્યત્વે ઊર્મિપ્રધાન અને આત્મલક્ષી હતી. તેથી જ તે તેનાં પ્રણયકાવ્યોમાં સર્વોત્કૃષ્ટ સ્વરૂપે પ્રગટ થઈ છે. સરળ નિરલંકાર નિરાડંબર વાણીમાં એણે ખૂબ ભાવપૂર્વક પોતાના પ્રેમસ્પંદિત હૃદયની આછી-ઘેરી, તરલ-ગંભીર ભાવછાયાઓ ગાઈ છે. આશા-નિરાશા, ઉત્સાહ-વિષાદ, એવા અનેક તરંગોમાં એણે મુગ્ધ નિર્દોષ પ્રણયી ઉરનાં સંવેદનો આલેખ્યાં છે. ઉદ્યોગધંધે જોતરાતાં નાનાં બાળકોની અવદશા જોઇને કંપી ઊઠેલા માતૃહૃદયનો પોકાર 'ધ ક્રાય ઑવ ચિલ્ડ્રન'માં છે.

બ્રાઉનિંગના પરિચયે એના જીવનમાં તેમજ કાવ્યમાં પણ ઉપકારક પરિવર્તન આણ્યું છે. એની કવિતાની અસરથી નહીં પણ જીવનના પ્રવાહના દિશા-પલટાથી જ જાણે ઇલિઝાબેથની કવિતાએ વળાંક લીધો છે. એનું શરૂઆતનું 'બૅટલ ઑવ મૅરથૉન' ઊગતી દશાનું છે, અને 'એસે ઑન માઇન્ડ' પર કવિ પોપની ઘણી અસર છે. પ્રોમીથિયસનો અનુવાદ તો કર્તાને પોતાને પણ પસંદ પડ્યો નથી. તેથી જ ૧૮૫૦માં તેની જગ્યાએ નવો મૂક્યો હતો.

ગ્રીક સાહિત્યના વિશાળ પરિચય છતાં ઇલિઝાબેથમાં ગ્રીક કલાની આકાર-દૃઢતા ને પ્રમાણભાનનો અભાવ છે. તેની કૃતિઓમાં અતિ વિસ્તાર અને અવ્યવસ્થા ઠેરઠેર દેખાય છે, અને ટૂંકાં કાવ્યો પણ વધારેપડતાં લાંબાં લાગે છે. છંદોલયમાં કદાચ તેના જેટલા દોષો ભાગ્યે બીજાએ કર્યા હશે. છતાં તેના વ્યક્તિત્વની એક અપૂર્વ મુદ્રાથી અંકિત થએલાં તેનાં પાછળનાં કાવ્યોએ તેને વિશ્વકવિઓની હરોળમાં સ્થાન આપ્યું છે. 'સેરાફિમ' અસ્પષ્ટ ધુમ્મસરૂપ છે અને 'ડ્રામા ઑવ એક્ઝાઈલ' નીરસ રૂપકકાવ્ય છે; પણ 'સૉનેટ્સ ફ્રૉમ ધ પોર્ચુગીઝ' આ બધાંમાંથી ઊગરી ગયાં છે. એનું એક કારણ તો પ્રણયની અનુભૂતિ છે. એના સ્પર્શે જાણે આખું ચૈતન્ય સ્પંદિત થઈ ઊઠયું છે. અને બીજું કારણ છે સૉનેટનું સ્વરૂપ. એ સ્વરૂપ ચોક્કસાઈવાળું ને દૃઢ હોવાથી ઇલિઝાબેથ પર નિયંત્રણ આવી ગયું છે ને પરિણામે કાવ્યો દૃઢ, સઘન થયાં છે; તો બીજી બાજુ સૉનેટના યાંત્રિક માળખાને કવિની સંવેદનસભરતાએ જીવંત ને રસછલકતું કરી મૂક્યું છે.

ઈટાલી-નિવાસ દરમિયાન ઈલિઝાબેથે ઈટાલીના જાહેરજીવનમાં પ્રગટતાં આંદોલનો પણ સહાનુભૂતિપૂર્વક ઝીલ્યાં છે. ઈટલીનો એ ક્રાંતિકાળ હતો. 'પોએમ્સ બિફોર ધ કૉંગ્રેસ'માં આ સામાજિક, રાજકીય સમભાવનાઓના પડઘા ઝીલાએલા મળે છે.

'લાસ્ટ પૉએમ્સ' (અવસાનોત્તર પ્રકાશન; ૧૮૬૨)માં વધુ વિકાસ જોવા નથી મળતો; તેમ છતાં સમગ્ર દૃષ્ટિએ જોતાં ઇલિઝાબેથની કાવ્યકૃતિઓએ એક આગવી નિજી ભાત ઊભી કરી છે. માનવતાથી છલકાતી એની કવિતામાં એક પ્રકારનું મધુરમાર્દવ છે, સૂક્ષ્મસંવેદનશીલ અભિજાત હૃદયની વિશુદ્ધ અને ઉત્કટ પ્રણયાનુભૂતિની અકૃત્રિમ અભિવ્યક્તિ છે.

આમ રૉબર્ટ બ્રાઉનિંગની નાટયાત્મક ને બલિષ્ઠ કવિતાને પડખે બેઠેલી મિસિસ ઇલિઝાબેથની પોતાના વ્યક્તિત્વની નિરાળી છબી ઉપજાવતી ઊર્મિકવિતા, વિશ્વસાહિત્યને એનું અવિસ્મરણીય પ્રદાન છે.

—સમાંતર વહેતા બે ભિન્ન જીવનપ્રવાહોની વાર્તા

ગંગા-જમના

પ્રબોધ જોષી

આમ તો ધોલેરા એક જમાનામાં મોટું બંદર હતું, આજે ત્યાં ટ્રેઇન પણ નથી, અને પૂરી વસતિ પણ નથી રહી; ત્યાં રહે છે ગંગાબહેન. એમનું મકાન ગામને ગોંદરે છે,—એ મકાન મૂળ તો ગામમાં હશે અને કદાચ આજે ગામ છે ત્યાં ગોંદરો હશે. એ જે હોય તે. પણ ગંગાનું મકાન ગામથી ઘણે દૂર છે, અને તેમાં 'મકાન' કહેવા માટે માત્ર છાપરું જ રહ્યું છે. ચૂના-પ્લાસ્ટરનાં વસ્ત્રો ફાટી જતાં ઈંટો દેખાવા માંડી છે અને ફાટેલાં વસ્ત્રોમાંથી શરીર પરના ઉઝરડા દેખાય એમ ઈંટોની પણ બિસ્માર હાલત દેખાય છે. ઘરવખરી પણ પતી ગએલા—ફાઈલ થઈ ગએલા સેલ્સ ટેકસ કેસના જેવી જીર્ણ દશામાં છે.

એની બાજુમાં એવું જ એક મકાન જમનાબેનનું છે. એક વખત આ ગંગા જમનાના મિલન જેવો લત્તો ત્રિવેણીસંગમ જેવો કદાચ હશે, પણ આજે તો ગામની વસતિમાં આ બે વિધવાની હસ્તી ન તો તમને જડશે, ન તો તમને નડશે. ગામમાં એ બંને પરણીને આવી ત્યારથી બદલાએલી દુનિયા સાથે તેમને જાણે આજે કાંઈ સંબંધ જ નથી. અમદાવાદમાં પ્રવાસી ક્રિકેટટીમ આવે ને સરદાર સ્ટેડિયમ ઉપર થાય તેવી ધમાલ અહીં જ્યારે ગામમાં બસ આવે ત્યારે થાય. ગામના વેપારીનો દીકરો તેના બાપાએ મંગાવી આપેલી સેકંડહેન્ડ સાઈકલ ઉપર ઘંટડી વગાડતો ફરવા નીકળે ત્યારે ગામની રહીસહી કુંવારી છોકરીઓ તેને ટીકીટીકીને જુએ.

આજે દિવસ પશ્ચિમમાં ઊગ્યો હોય તેમ પેલો ટપાલી ટપુશંકર ગંગાનો કાગળ લઈને આવ્યો. 'એલી ગંગાડોશી તારા છૈયાનો કાગર છે.' ગંગાથી બૂમ પડાઈ ગઈ, 'મારા દીકરાનો?'

'હું અં ને! ટપાલી છું; તારા દીકરાના અગશર નો ઓરખું?'

ગંગા કાગળ લઈ ઓરડામાં પેસી ગઈ અને કમાડ બંધ કરી દીધાં. ટપુ ટપાલી મોં વકાસી ઊભો રહ્યો. જમના આ સંવાદ સાંભળી એટલે આવી હતી તેના તરફ નજર કરી 'ટપુ'ટપાલીએ કહ્યું 'ઓહો ડોશીઉં, હવે તો ગામમાં રો. આ તમારા કાગર વેંચવા આવતાં ટાંટિયાની કઢી થઇ જાય છે.' જમના જવાબ આપવાને બદલે ઘરમાં જતી રહી અને ટપુએ તમાકુ-ચૂનાના મિશ્રણને દાંત અને નીચલા હોઠ વચ્ચે મૂકતાં ચાલવા માંડયું.

કાગળ ગંગાના દીકરા પરશોતમનો હતો અને તે બે વરસે ઘેર આવનાર હતો. પરશોતમ આવવાનું જાણી ગંગા જમનાને ઘેર ગઈ અને વાત કરી. જમનાએ કહ્યું 'ઓલી સાલ નો'તો આવ્યો?' ગંગાએ જવાબ આપ્યો: 'મુંબે રે' છે ને; તે ગઈ સાલ એના સાસરે વહુદીકરાને મરવા પીજ ગયો'તો.' પરશોતમનો સસરો નડિયાદ પાસે પીજના હનુમાનની દેરી આગળ ચાની હોટલ ચલાવતો હતો અને પરશોતમને મુંબાઈમાં 'ઍકોમૉડેશન પ્રૉબ્લેમ' હતો તેથી એનું કુટુંબ પિયેર અને મોસાળમાં એમ અનુક્રમે રહેતું હતું.

ગંગાએ દીકરાના સ્વાગતની ભલી ભાંતે તૈયારી કરી અને બીજે દિવસે મુંબાઇથી 'જનતા'માં બેસી સવારે અમદાવાદના કાળુપુર સ્ટેશનેથી બોટાદનો મેલ પકડી પરશોતમ ધંધુકાથી બસમાં ધોલેરા આવી પહોંચ્યો. બસમાંથી ઊતરી એ જ્યારે ઘર તરફ જવા નીકળ્યો ત્યારે બધાં એનાથી અંજાઈ મુંબાઈ વિષે જાતજાતના પ્રશ્નો પૂછતા હતા. ધોલેરાની ગરીબ વિધવા ગંગાનો એકમાત્ર સાવકો દીકરો ને પીજની હોટેલવાળા બહેચરદાસનો જમાઈ પરશોતમ મુંબાઈની કોઇ હોટલમાં 'વેઈટર' હતો. વ્યસનથી એ દૂર હતો, અને પગારમાંથી મહીને દસ માને અને પંદર વહુને મોકલતો. પરશોતમ મુંબાઇવાસી હતો, પણ બીજા મુંબાઇવાસી જેવો જ હતો. તકદીર અજમાવવા મુંબાઈ આવનારા તકદીર ન ચાલે તો પણ પાછા જઇએ તો વટ જાય માની, ગમે તેવી દશા-અવદશામાં પણ પડી રહીને 'મુંબાઈવાસી'નો ગર્વ જાળવતા મરી જતાં સુધી જીવતી લાશ બનીને રહે છે.

પરિવારની રહીસહી નિશાની જેવા પરશોતમને જોઈ માની આંખમાં આંસુ આવ્યાં. દર વરસે પરશોતમ થોડા પૈસા ભેગા કરી માને અને સંતાનોને કાંઈક ચીજ વસ્તુ મોકલતો. ગયા વર્ષે દીકરો પણ નહોતો આવ્યો અને તેના તરફથી પણ કાંઈ નહોતું આવ્યું એટલે માને જરા વધારે લાગણી થઈ આવી. તેણે પૂછ્યું 'કેટલા દી'?' જવાબ મળ્યો: 'તઈણ દી'.

'પછે પીજ જવાનો?'

'ના માડી, મુંબાઈમાં રજા નથી મળતી.'

માએ વ્યવહારુ બનીને કહ્યું, 'તો બે દિ' રહીને હાલ્યો જા; પણ મોંઘીને મળ તો ખરો.' એ હજી બોલતી જ હતી ત્યાં પરશોતમની નજર ઘરમાંની આરામખુરશી પર પડી. એણે પૂછ્યું. 'આ ખુરશી કેવી છે?' માએ કહ્યું, 'તું થાકેલો આવે તો આરામ કરે માટે મેં કરાવી લીધી. નિરાંતે બેહ તો ખરો; હું સાફ કરું.'

પરશોતમના દિલને જાણે કાંઇક આંઘાત થયો, પણ બોલ્યો નહિ. જમી કરીને બપોરે માને લઇને બજારમાં નીકળ્યો અને થોડી ખરીદી કરાવી. માએ કહ્યું, 'મૂઆ મને શાનું અપાવે છે, તું તો કાંઈક લે,' પરશોતમ બોલ્યો: 'આ મારા પૈસા છે. તું મૂંગી રે.' એણે માને ચાર રૂપિયાનું કાપડ અને બેની બીજી ચીજવસ્તુ અપાવી. માની આંખમાં આનંદનાં આંસુ આવ્યાં. દીકરો માને અપાવે ત્યારે માને જે ગર્વ થાય છે તેનું મહત્ત્વ આપકમાઇવાળા દીકરાની મા બની જ અનુભવી શકાયછે.

રાત્રે જમના માશીને ત્યાં જમી આવ્યાં, જમના માશીએ આજે આઠ મહિને શોક કર્યું હતું. એના બે દીકરા, એ આઠ મહિના પહેલાં માંદી પડી ત્યારે આવ્યા હતા. મોટો દીકરો અમદાવાદમાં લોટ દળવાની ઘંટીમાં કામ કરતો હતો, અને નાનો ધોળકા સ્ટેશને કુલી હતો. એ અવારનવાર માને દાડમ, પોપૈયા ને જામફળ મોકલતો.

જમી કરીને ઘરમાં આવ્યાં ત્યાં ગંગાએ કહ્યું, 'પશા, આ ખુરશી તારા હારુ કરાવી છે. મૂઆ બેહ તો ખરો!' પરશોતમ એમાં બેઠો ને ન રહેવાતાં પુછાઇ ગયું હોય એમ બોલ્યો, 'બા, આવી ખુરશી કેટલાની થાય?' ગંગાને જાણે પરાણે બોલવું પડતું હોય તેમ બોલી, 'મારે એકનો એક દીકરો; પૈસા હામે શું કરવા જોઉં?'

રાત વીતીને સવાર પડી. પશો ગામવાળાઓને મળી આવ્યો. સાંજે બસ પકડતાં પહેલાં બાના હાથમાં ચાર રૂપિયા મૂકયા. બાએ પોતરાઓને આપવા માટે બાર આના અને માટીની થોડી પૂતળીઓ આપી. પરશોતમ વિદાય થયો.

ધંધુકાથી ગાડી ઊપડચા પછી પરશોતમ વિચારવા બેઠો: મારી બાને મારા પર કેટલું બધું હેત છે? અને હું મૂરખો, મુંબાઈમાં પાઈ પાઈ કરીને કાયા ઘસી નાખી કરું છું શું? નથી શરીર સારું રહેતું, નથી માની ચાકરી થતી, નથી ઘરવાળાં સાથે રહેવાતું. તો ય ખાધેપીધે પચ્ચીસ મોકલું છું તે આ ધોલેરામાં મારા (અનુસંધાન પૃષ્ઠ ૧૩૪)

આત્મકથાનક-૪

જીવનપટનાં સ્મૃતિચિત્રો



લેખક-આલેખક
રવિશંકર
મહાશંકર
રાવળ

લેખક રાજકોટમાં: જે કાળની વાત આ હપતામાં આવે છે તે સમયે ઈ. ૧૮૯૫-૯૬માં

૧૨ રાજકોટનાં સ્મરણો

રાજકોટના સંબંધો અમારા કુટુંબ માટે જીવનભરના સંબંધો બન્યા હતા. મંગળજી કાકાના ગટુભાઈ (જયન્તીલાલ ઓઝા) આજે પણ અમદાવાદમાં એ પ્રસન્ન બાળપણના દિવસોની વાત મારા પુત્રપૌત્રો આગળ સંભારે છે, અને વિશ્વનાથ સદારામ પાઠક તે વખતે ગુજરાતી નિશાળોના ડેપ્યુટી હતા, એ તો રાજકોટના પહેલી વારના વસવાટ વખતે જ એક ઓસરીના પડોશી બન્યા હતા. તેમના પુત્ર રામનારાયણ પાઠક(બટુભાઈ) મારા મોટાભાઈની વયના હતા અને ગજુભાઇ (ગજાનન) અને હું સરખા હતા. તેમનાં માતુશ્રી આદિત્યબાને અમે માશી કહેતા અને એ બધા પાઠક ભાઇઓ મારાં બાને માશી કહેતા. પણ વિશ્વનાથકાકા અને મહાશંકરકાકા તો કાકા જ રહ્યા હતા. આ સંબધો અમદાવાદ સુધી લંબાયા. આદિત્ય માશી-ના નામ પર ગજાનન પાઠકે અમદાવાદમાં આદિત્ય મુદ્રણાલય સ્થાપ્યું ત્યારે આરંભમાં મેં પણ તેમાં ભાગીદારી કરી હતી.

ઘણી વાર આ કુટુંબનાં બાળકો એકમેકના રસોડે જમી લેતાં. એક વાર બંને વડીલ પુરુષો નાટક જોવા ગયા હતા અને બધાં છોકરાં સૂઈ ગયાં હતાં ત્યારે ઘર પાછળની ભીંત પર નવેળીમાંથી કંઈ ખોદા-વાનો અવાજ આવ્યો. મારાં બા અને આદિત્યમાશી છોકરાં સાથે એકલાં જ હતાં અને જાગતાં બેઠાં હતાં. પણ બંને જણે હિંમત ભેગી કરી અને ઘરમાં જાણે ઘણા જણ છે એમ સાદ પાડવા માંડયા: ‘બટુ, (રામનારાયણભાઈનું હુલામણું નામ) જો ઓટલેથી તારા બાપુને બો-લાવને; અને રવિ, તું પેલો લોટો મૂકવા ન ગયો?’ એમ પાંચ-પંદર નામોના પોકાર કર્યા એટલે પાછળનો અવાજ તો બંધ થઇ ગયો, પણ વડીલો મોડી રાત્રે ઘેર આવ્યા ત્યારે જ બધાંને ધીરજ મળી. સવાર-માં જાણ્યું કે બાજુના એક મકાનમાં ખાતર પડયું હતું!

આ બંને કુટુંબો શ્રીમન્નથુરામ શર્માના શિષ્યસંપ્રદાય પ્રમાણે જ ઘરમાં સંધ્યા-પૂજા ને સ્તુતિ-સ્મરણ કરતાં. તેથી વાતાવરણ ને વર્તાવ ઉચ્ચ પ્રકારનાં રહેતાં. કોઇ મળવા આવે ત્યારે છોકરાંઓ પણ ‘જય જય’ કરી સત્કાર કરતાં. કોઈને ઘેર જઈએ તો પણ એ રિવાજ પળાતો.

હું ઘણી વાર રાજકોટમાં નથુરામ શર્માના આશ્રમે જતો. ત્યારે તેમને હું દંડવત્ પ્રણામ કરી ઊભો રહું એટલે પાસે બોલાવી મોગ-રાનાં ફૂલો આપે. મોગરાનાં ફૂલો માટેનો તેમનો શોખ જીવનભર રહ્યો હતો. વળી મોટાંઓ જ્યારે શ્રવણમાં બેસે ત્યારે નાનાં છોકરાં માટે માધવજીભાઇ કરીને રસોઈ કરનાર શિષ્ય હતા તેને આદેશ આપે કે બાળકોને પ્રસાદ આપજો. શ્રવણ ચાલે એટલો વખત અમે પ્રસાદભક્તો માધવજીભાઈ પાસે બેસતા. એ પણ પંચકેશ રાખતા એટલે અમને તો મહાત્મા જેવા લાગતા, પણ તેમનું ભેજું મોટું નહિ.

મહાત્માશ્રીએ મારો ચિત્રો કરવાનો શોખ જાણ્યો ત્યારે એક વાર કહ્યુ કે તેને રવિશર્મા કહી બોલાવો. રવિવર્મા તે કાળના મારા નામેરી ભારતપ્રસિદ્ધ ચિત્રકાર હતા, એટલે તેમનો એ વિનોદ પણ આશી-ર્વાદ જેવો લાગ્યો હતો. મોટી ઉમરે હું ઠીક ચિત્રો કરવા લાગ્યો ત્યારે રવિવર્માની ઢબે Ravi Sharma એમ સહી પણ કરતો!


રાજકોટનાં બધાં સ્મરણો મારે મન મધુર સ્વપ્નાં જેવાં છે. મારાં બા ઘણી વાર તહેવારોમાં સાંજને વખતે પંચનાથ મહાદેવનાં દર્શન કરવા જતાં ત્યારે હું સાથે જતો. તેના દરવાજા બહાર નીકળતાં સામે એક પેંડાવાળાની દુકાન હતી ત્યાંથી મને વખતોવખત એક પેંડો એ અપાવતાં. મને એ પેંડાવાળો ને તેના ઘરનાં બહુ આકર્ષક લાગતાં.

પંચનાથ મહાદેવમાં વારંવાર હરિકથા થતી તેમાં મારા પિતાશ્રી અને નારાયણરાવકાકા જાય ત્યારે હું સાથે જતો. કથા સમજાતી નહિ પણ હારમોનિયમ વાગતું સાંભળવામાં ચમત્કાર અનુભવતો. કાળી પેટી પાછળ બેઠેલો માણસ માત્ર હાથપગ ચલાવે અને ગાયનો જેવા જ સ્વરો નીકળે તેનું મને બહુ આશ્ચર્ય થતું.

તાર ઑફિસના બે પટાવાળાઓ મને બહુ યાદ રહ્યા છે. એક બ્રાહ્મણ પટાવાળાનું નામ સદાશિવ હતું. તે માથે કથ્થાઇ ફેંટો ત્રણ આંટીથી બાંધતો ને કપાળમાં ત્રિપુંડ કરતો. તે કાળે કોઈ પટાવાળાને ખાખી ડ્રેસ હતો નહિ. સૌ પોતાની કોમ કે જ્ઞાતિ પ્રમાણે જ પોશાક પહેરતા. માત્ર ઑફિસનો પટ્ટો પહેરવાનો ફરજિયાત હતો. બીજા પટાવાળા હતા એક દાઢીવાળા મિયાં. તે હમેશાં સ્વચ્છ સફેદ ફેંટો, અંગરખું અને સુરવાલ પહેરીને આવે. તે બંને ઘરનાં કામ પણ કરતા. મને નિશાળે મૂકી જવાનું સદાશિવને માથે હતું. ચોમાસામાં તે મને પોતાને ખભે બેસાડીને ઘેર લાવે. બજારની ખરીદી મિયાં કરી લાવતા. બહુ મીઠી જીભવાળા. અમને તે ગમી જતા. એ વખતે હિંદુ-મુસલમાન વચ્ચે ખાનપાનની ચોખવટનો આગ્રહ રહેતો, પણ બીજી બધી રીતે બહુ નજીકના સાથીઓ જેવા સંબંધો હતા.

રાજકોટના જ્યુબિલીબાગનું મ્યૂઝિયમ જોવા હું વારંવાર જતો. પગથિયાં પરનાં સિંહોને દૂરથી જ જોતો. બારણામાં પેસતાં જ મૂકેલો

નીચે: એ સમયની રાજકોટની તાર-ટપાલ ઑફિસ. ડાબી બાજુ આગળના ભાગમાં દેખાતો ખંડ તાર-ઑફિસનો હતો ને ત્યાં જ ચિત્રકામની ચેષ્ટા શરૂ થઈ.



આ વૃત્તાંતનો સમય સમજવા થોડી નોંધપાત્ર સાલવારી

૧૮૪૫માં સૌરાષ્ટ્રમા પહેલી પોસ્ટઓફિસ ધોલેરામાં થઈ.

૧૮૫૧ સુધી આખા કાઠિયાવાડમાં માત્ર રાજકોટ અને ભાવનગર એ બે શહેરોમાં જ ટપાલ ઑફિસો ખુલી હતી.

૧૮૫૪મા હિન્દમાં રીતસરનું ટપાલખાતું શરૂ થયું.

૧૮૭૫: સયાજીરાવ ગાયકવાડનું રાજ્યપદારોહણ.

૧૮૭૬: અમેરિકામાં ઍડિસને ફોનોગ્રાફની શોધ કરી.

૧૮૭૭: રાણી વિક્ટોરિયા 'એમપ્રેસ ઑવ ઇન્ડિયા' બની.

૧૮૮૦: ભાવનગરથી વઢવાણ સો પ્રથમ મીટરગેઈજ રેલવે ચાલુ થઈ, અને બ્રોડ ગેઈજ વાળી બી. બી. ઍન્ડ સી. આઈ. (બોમ્બે બરોડા ઍન્ડ સેન્ટ્રલ ઇન્ડિયા) રેલવે વઢવાણ કૅમ્પમાં તેને આવી મળી. મોરબીમાં પહેલવહેલી નાટક મંડળી સ્થપાઈ.

૧૮૮૩: સ્વામી દયાનંદ સરસ્વતી ભૂમિભૂત થયા. શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી ભાવનગરમાં દીવાનના અંગત મંત્રીપદે.

૧૮૮૭: રાણી વિક્ટોરિયાનો ડાયમંડ જ્યુબિલી ઉત્સવ.

૧૮૮૮: ગાંધીજી બૅરિસ્ટર થવા ઈંગ્લંડ ગયા.

૧૮૮૯: ઍડિસને પહેલું ચલચિત્ર (સીનેમા) બનાવ્યું.

ગ્રીક પહેલવાન જોઈ હું ડરથી દૂર ઊભો રહેતો. ત્યાં દાદરની ભીંત પર ચોડેલું મગરનું શબ હું કદી ભૂલ્યો નથી. તે હજી પણ ત્યાં જ છે. આજે વિચાર કરું છું કે પ્રાણીમાં વસતા પ્રાણીને એટલે ઊંચે ભીંત પર કેમ રાખ્યું હશે? ગરોળીનો અને મગરનો આકાર સરખો છે તે માટે હશે?! કે પછી બીજું કંઈ સૂઝયું નહિ હોય તે માટે?

ત્યાં કૅનૉટ હૉલમાં કાઠિયાવાડના લગભગ બધા નાનામોટા રાજવીઓની સુંદર તૈલરંગી તસવીરો હતી. એ છબીઓ એટલે ઊંચે ટાંગેલી હતી કે હું તેમના ચહેરા બરોબર જોઈ શકતો નહિ, પરંતુ પોરબંદરના રાણા, પાલીતાણાના ઠાકોર ને ભાવનગરના તખ્તસિંહજીને હું ઓળખી લેતો. ઈંગ્લંડના નામી કલાકારો પાસે ખાસ કાળજીથી મોટા ખર્ચે તૈયાર કરાવેલી એ તસવીરો કલાના ઉત્કૃષ્ટ નમૂના રૂપ હોવા ઉપરાંત એ કાળના રાજવીઓના લાક્ષણિક ચહેરા, પોશાકો, આભૂષણો, આયુધો વગેરે ધરાવતી હોઈ ઊંચું દસ્તાવેજી મૂલ્ય પણ ધરાવે છે; પરંતુ ગ્લાનિની વાત તો એ છે કે સ્વરાજ્ય મળ્યા પછીના સૂઝ વિનાના શાસનકર્તાઓએ તેની દેખભાળ રાખવાને બદલે તેને ક્યાંક ગોડાઉનમાં ધૂળ જીવાત ને ભેજના ભોગ થતી ખડકી મૂકી છે, ને ઐતિહાસિક મૂલ્ય ધરાવતો આપણો એ કલાવારસો આજે વિનાશને પંથે છે.

જ્યુબિલીનું મકાન ખુલ્લું મુકાયું ત્યારે ત્યાં રાજાઓનો મોટો મેળો થયો હતો ને શરતના ઘોડા દોડ્યા તે મેં જોયું હતું. ત્યાં ઊભેલી ગાડીઓમાં ગોંડલ દરબારની ઘોડા વગરની ગાડી (ગૅસથી ચાલતી મોટર)ની વાતો લોકો કરતા હતા. મેં દૂરથી એ ગાડી ઊભેલી જોઈ. આજની મોટરની કલ્પના ત્યારે અશક્ય હતી.

નાટકો પણ રાજકોટમાં જ મેં પહેલી વાર જોયાં. વડીલો સાથે કુમુદચંદ્ર, વિબુધવિજય, ને સીતાસ્વયંવર નાટકો જોએલાં. પણ હું તેનું સળંગ વસ્તુ સમજી શકું એટલી મારી બુદ્ધિ તે કાળે વિકસી નહોતી. કુમુદચંદ્ર નાટકમાં પાણીમાં તરતી આવતી પેટી ભરવાડો ઊંચકીને બહાર કાઢે છે, તેમાંથી એક રાજકુમારી નીકળે છે, પછી ભરવાડો તે જ પેટીમાં એક જંગલી રીંછ પૂરીને પાછી તરતી મૂકે છે, છેવટ કાવતરું કરનારો બીજે દૂર કિનારે એ પેટી પાણીમાંથી પોતાના ઘરમાં લઈ જઈ ઉઘાડે છે કે તુરત રીંછ તેને બાઝે છે ને પૂરો કરી નાખે છે, એ દશ્યો યાદ રહ્યાં છે. વિબુધવિજયમાં 'પ્રેમનો કોલ દીધો રાજકુમાર' વાળું ગીત ગાતાં સાત કુમારકુમારી જેવાં પાત્રો યાદ રહ્યાં છે, કારણ કે એ ગીત બહારના લોકોમાં બહુ ગવાતું. પણ સાથે ભયાનક દેખાવના યમદૂતો અને પૂરના દેખાવવાળુ એક દશ્ય પણ યાદ છે. સીતાસ્વયંવરમાં રામની થોડી કથા યાદ હતી, એટલે સીતા ધનુષ લઇ રમે છે ને રાવણ ગર્જનાઓ કરતો આવે છે તે યાદ છે. ઘણીવાર નાટક પૂરું થતાં પહેલા હું ઊંઘી ગયો હોઈશ.

નાટકો કરતા મને બહારના સાપ બતાવનારા મદારીઓ, વાંદરાવાંદરીના ખેલ અને દોરડા પર ચડતા બજાણિયા જોવામાં રસ પડતો. પોસ્ટ ઑફિસ સામે જ એક યુરોપિયન કબ્રસ્તાન છે. ત્યાં ઘણી વાર મોટા રસાલા સાથે કે લશ્કરી પલટનો સાથે કોઈ ઑફિસરનું શબ આવતું ત્યારે હું પોસ્ટ ઑફિસના કૉમ્પાઉન્ડની પાળ પર પટાવાળા સાથે ઊભો રહી જોતો. એ લાલ ભૂરા ડ્રેસવાળા સોલ્જરો મારા ચીતરવાનાં પાત્રો બન્યા હતાં. મને નકામા કાગળો અને લાલ ભૂરી પેન્સિલ ગમે ત્યારે તાર ઑફિસમાં મળતા, એટલે મારો મહાવરો ઠીક ચાલતો. એકવાર કોઈ ડ્રૉઇંગ માસ્તર જેવા ગૃહસ્થે મને આડીઊભી લીટીઓ અને ચોરસ દોરી તે પ્રમાણે કરવા કહ્યું, પણ હું તેમાં રસ લઇ શક્યો જ નહિ. બાળકોનાં મનમા કે વિચારમાં શું ચાલે છે, તેને શું ગમે છે એ જાણવાનો પ્રયાસ કોઇ કરતું નહિ હોય એમ લાગે છે. મને એ યાદ રહી ગયું છે કે સદરમા કેવળરામ માવજી દવેનું નવું ઘર બંધાયું હતું કે ત્યાં કોઈ પ્રસંગ હતો તે જોવા મારાં બા સાથે ગએલો. રાજકોટનાં ઘરો રસ્તા પર અડીઅડીને બાંધેલા જણાય, પણ દરેક ઘરને એક ડહેલી ને તેમા, બાજુના લાંબા ઓટલા પરથી જવાય એવું ઑફિસનું કે મિલાપખંડનું બારણુ હોય. એ ડહેલીમાથી અંદરના ફળીઆમાં જઈએ ત્યારે આ આગલા ખંડની પછીતે ઓટલો અને અંદરપડતાં બારણાં હોય, અને સામેની ઓસરીમા રસોડું, પાણિયારું તથા ઘરવાસના ખંડો હોય. આવા એક સુંદર નવા ઘરમાં મેં ભીંત ઉપર ચિત્રો પણ જોયાં ત્યારે હું ખૂબ ખુશ થયો હતો. તેમાં કૃષ્ણ, ગોપીઓ, ગાયો, મોર વગેરે ભભકીલા રંગમાં છૂટાછૂટા આલેખેલાં હતા. એ શોખ પ્રજામાંથી આજે તો નાશ પામ્યો છે.

૧૩ પહેલી આગ વગેરે

રાજકોટનું ચોમાસું પણ મારાથી ભુલાયું નથી. ચારે પાસ ખૂબ જંગલી છોડ અને ઘાસ ઊગી નીકળતા. તેમા પતંગિયાં આવતાં તેનું મને ખૂબ આકર્ષણ થતું. હું અને મારી નાની બેન નબુ (નર્મદા) તેને પકડવા રખડતાં. આજી નદીમાં પૂર આવતું તે જોવા હું પટાવાળાની ખાંધે ચડી જતો. પોસ્ટ ઑફિસની પાછળના ભાગમાં રહેવાનાં સરકારી મકાન હતાં. તેની પાછળ જ વંડીની બીજી બાજુ સરકારી છાપખાનું હતું. તેનો મૅનેજર ઘણીવાર રાત્રે દારૂ પીને બરાડા પાડતો. તેની ટેવનું ખરાબ પરિણામ પણ મેં જોયું.

મેં અગાઉ કહ્યું તેમ મારાં માતુશ્રી મારી નાની બેન નબુ(નર્મદા)ને લઇને ભાવનગર ગયાં હતાં તે દરમિયાન મોટાં મા (ઝવલબા) મને અને બાપુને રસોઇ કરી આપવા આવ્યાં હતાં. તે ઘણી રીતે મને રાજી રાખતાં, પણ એક વાર સાંજે ખાવાનું ભાવતું મળ્યું નહિ એટલે હું રીસ કરી પથારીમાં જઈ સૂઇ ગયો. રાત્રે બાપુ આવ્યા ત્યારે મોટાં માએ કહ્યું કે છોકરો રિસાઇને ભૂખ્યો સૂઈ ગયો છે. બાપુ હજી જમવા જ બેસતા હતા. કહ્યું કે જાઓ એને લઈ આવો. તે પોતે ન આવ્યા અને મોટાં માને મોકલ્યા. તેમણે કહ્યું કે ચાલ તારા બાપ બોલાવે છે. પણ મેં મિજાજમાં પગ ઉછાળ્યો તે તેમની આંખમાં જોરથી વાગ્યો. તે




શ્રીમન્ નથુરામ શર્મા

જન્મ : ૧૯૧૪ના આશ્વિન સુદ ૪
નિધન : ૧૯૮૭ના આશ્વિન વદ ૧૧

જેમના પ્રભાવે સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબાઇ સધી અનેક કુટુંબોમાં સદાચાર, સદ્વર્તન અને બંધુભાવનો ઉદય થયો હતો અને તેમની પેઢીઓનાં બાળકો સંસ્કારથી સમૃદ્ધ બની સારાં નાગરેકો તરીકે સમ્માનપાત્ર બન્યાં હતાં. પોતે લીમડી પાસે મોજીદડના ઔદિચ્ય બ્રાહ્મણ રાવળ કુટુંબમાં જન્મેલા. રાજકોટ ટ્રેઇનિંગ કૉલેજનો બે વર્ષનો અભ્યાસ પૂરો કરી ત્રીજા વર્ષ માટે અમદાવાદ જવાનો વિચાર કર્યો, પણ પિતાજીના દેહત્યાગને લીધે તત્કાલ પોરબંદર તાબાના અડવાણા ગામમાં માત્ર બાર રૂપિયાના વેતનથી મહેતાજીની નોકરી સ્વીકારવી પડી. ત્યાં સારું સત્સંગ-મંડળ મળ્યું. તે સાથે સ્વપ્રયાસે અંગ્રેજી શીખીને અધ્યાત્મના ગ્રંથો વાંચી શકાય એટલું જ્ઞાન પણ પ્રાપ્ત કર્યું. સંતોની વાણી સમજ્યા અને ઉર્દૂ ભાષાનો પણ પરિચય કર્યો. તે વખતે જ તેમનું નિત્યજીવન સંયમ, વ્યવસ્થા અને સાવધાનીભર્યું હતું. વર્તનમાં શુદ્ધિ અને સત્યપ્રિયતા માટે આગ્રહ રાખતા.

માંગરોળ, જાફરાબાદ, લીમડી વગેરે સ્થળે નોકરી કરતાંકરતાં આત્મકલ્યાણની લગની જાગી અને બ્રહ્મચર્ય રાખી સાધના કરવાનો નિશ્ચય કર્યો. નોકરી છોડી થોડા માસ વરલ દરબાર હરિસિંહજીના કારભારી થયા. દરમિયાન લગ્ન લેવાયાં, પણ તે માટે મોજીદડ ન જતાં ભારતની યાત્રામાં નીકળી ગયા. તેમાં અનેક સાધુસંતો ને સિદ્ધોનો સમાગમ કરી, થોડો સમય હિમાલયમાં વિતાવી સૌરાષ્ટ્ર આવ્યા ત્યારે તેમનું વય તો માત્ર ઓગણત્રીસ વર્ષનું હતું; પણ તેમની યોગસાધના, સમાધાનપૂર્ણ જ્ઞાનચર્ચા ને જીવનચર્યાથી તેમનો મહિમા ફેલાયો ને ઘણા જિજ્ઞાસુઓ તેમના શિષ્યમંડળમાં જોડાયા. બીલખા દરબારે તેમને બીલખામાં આનંદાશ્રમ અર્પણ કર્યો તે પછી કાયમ તેમનો નિવાસ ત્યાં થયો ને તેમનું આખુ જીવન પ્રાચીન વૈદિક આદર્શો પ્રમાણે ઉપદેશકાર્ય અને ગ્રંથલેખનમાં વીત્યું. તેઓ કદી કોઇનું ખંડન કરતા નહિ, સારી વાતોનું પ્રતિપાદન જ કરતા ને કહેતા કે જેમ ઓરડામાં દીવો આવતાં અંધકાર આપોઆપ દૂર થઈ જાય છે તેમ જ્ઞાનદીપથી અજ્ઞાનરૂપી પાપ નાશ પામે છે. તેમના પ્રભાવે ભાવનગરમાં 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન' સ્થપાયું અને ગુજરાતમાં કેળવણીનો નવો યુગ શરૂ થયો. અન્ય સ્થળોએ પણ એમના આશ્રમો અને મંડળો થયાં. આ માળામાં આગળ તેમનો વિશેષ ઉલ્લેખ આવશે.



બીલખા આશ્રમ (સ્કેચ : રવિશંકર રાવળ)

આંખમાંથી પાણી કાઢતાં પાછાં ગયાં. પછી તો શું કહેવું? કોઇ વાવાઝોડું થાય એમ બાપુ સીધા મારા ખાટલા પાસે આવ્યા : 'માને તેં લાત મારી? કહીને મને ઊંચકી બહાર ઓટલા પર મૂકી બારણું વાસી દીધું.

મારા પર તો જાણે ચારે કોરની દિશાઓ રૂઠી. મારી બાને સાદ મારી ખૂબ ઠૂઠવો મૂક્યો. રોઇ રોઈ થાક્યો પણ બારણું ઊઘડ્યું નહિ.

એવામાં વંડીની પાછળ છાપખાના તરફથી 'આગ! આગ!'ની બૂમ ઊઠી અને અજવાળું દેખાયું. એ સાથે ઘરનું પણ બારણું ઊઘડી ગયું અને પિતાજી તથા મોટાં મા બહાર આવ્યાં. 'ચાલ ઊઠ, આગ જોવી હોય તો' કહી બાપુએ મને તેમણે ઓઢેલી શાલમાં ઊંચકી લીધો અને વંડી આગળ લઈ જઈ ઊંચો કર્યો. સામી બાજુ ભડભડાટ છાપખાનાનું મોટું મકાન સળગતું હતું ને પેલો મૅનેજર બરાડા પાડતો હતો તેને બે જણે પકડી રાખ્યો હતો. તે દિવસથી 'ખ્રિસ્તીઓ દારૂ પીએ છે માટે નઠારા છે' એવી છાપ મારા મન પર રહી ગઈ.

વંડીની અમારી બાજુ પોસ્ટ અને તારનાં માણસો દોડી આવ્યાં હતાં. મેં પહેલી જ વાર આગ જોઈ. ઘર બળી જાય, કોઈ માણસ સળગી જાય એના વિચારો સ્વપ્નાં લાવે એવા હતા. રાત્રે મોટાં માને પગે લાગી માફી માગી અને તેમણે ભાખરી ભાંગી લાડુ કરી રાખેલો તે ખાઇને ઊંઘમાં સવાર પાડી.

એ વખતે પોરબંદરના રાણા વિક્રમાતજીને રાજ્યથી પદચ્યુત કરી ત્યાંના રાજવહીવટ માટે ઍડમિનિસ્ટ્રેશન નીમ્યું હતું તેથી તે રાજકોટમાં રહેતા. વખતોવખત તે સાદી ઘોડાગાડીમાં બેસી સરિયામ રસ્તે બિલેશ્વર મહાદેવનાં દર્શને જતા, તે પાછા આવે ત્યાં સુધી તેમને જોવાને પોસ્ટ ઑફિસનાં પગથિયાં પર અમે રાહ જોતાં ઊભાં રહેતાં. (તેમને વિષેની વિગત જુઓ સાથેના ચોકઠામાં.) તેમનો રાજહાથી પણ એ રસ્તે થઈ વારંવાર નીકળતો. જિંદગીમાં પહેલવહેલો હાથી મેં ત્યારે જોયો તેથી તેનું ઘણું જ કુતૂહલ થતું. એ હાથીએ તેના મહાવતને મારી નાખેલો તેની વાત મારાં બા કહેતાં. એ મહાવત હાથી માટે આવતા ખોરાકમાંથી ચોરી કરતો અને તેને ખૂબ મારતો, આથી હાથીને તેના પ્રત્યે રોષ હતો ને તેને મારવાના બેએક પ્રયત્નો કરેલા. એક હુમલા વખતે તો એ આમલીના મોટા ઝાડ ઉપર ચઢી ગયો, પણ હાથી ઝાડની આસપાસ ઘૂમતો જ રહ્યો. આથી પેલાએ ઝાડ પરથી પોતાની પાઘડી દૂર ફેંકી, અને તે પર હાથી દોડી ગયો એટલે પોતે સડસડાટ ઊતરીને ઘરમાં ઘૂસી ગયો. પણ બીજા પ્રસંગે જન્માષ્ટમીને દિવસે ભરબજાર વચ્ચે તેને પટકીને સૂંઢમાં ઉપાડી દરિયા



મંગળજી હરજીવન ઓઝા
જન્મ: વિ.સં. ૧૯૫૬ના કાર્તિક સુદ ૨
નિધન: વિ. સં. ૨૦૦૮ની ધનતેરશ

સરકારી વાચનમાળામાંની નળદમયંતીની કવિતાના લેખક તરીકે ગઈ પેઢીના પરિચિત શ્રી મંગળજીભાઇ રાજકોટની હંટર મેઈલ ટ્રેઈનિંગ કૉલેજના યશસ્વી શિક્ષક હતા. નાનપણમાં જ માબાપ ગુજરી જવાથી સ્વામીનારાયણના ગઢડા મુકામે મોસાળમાં ઊછરીને મોટા થયા અને રાજકોટ ટ્રેઈનિંગ કૉલેજમાં બે વર્ષનો અભ્યાસ કરી અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેઈનિંગ કૉલેજમાંથી પહેલે નંબરે સીનિયર ટ્રેઈન્ડ થઈ શિક્ષણનો હોપ મેડલ મેળવ્યો. શરૂનાં સાત વર્ષ જામનગરની તાલુકા સ્કૂલમાં ગાળી રાજકોટ પ્રૅક્ટિસિંગ સ્કૂલના હેડમાસ્તર અને પછી હંટર મેઈલ ટ્રેઈનિંગ કૉલેજના હાઉસમાસ્તર તથા શિક્ષક તરીકે ૧૯૧૯ સુધી કામ કર્યું. રાજકોટની ટ્રેઈનિંગ કૉલેજ ફૉર વિમેનના હેડમાસ્તર અને પછી ત્રણેક વર્ષ સુપરિન્ટેન્ડેન્ટ તરીકે કામ કરી નિવૃત્ત થયા. એની સાથેસાથ ઇ. ૧૯૧૨ થી ૧૯૧૮ સુધી રાજકોટની રાજકુમાર કૉલેજમાં રાજકુમારોને નીતિશિક્ષણ આપનાર શાસ્ત્રી તરીકે પણ કામ કરેલું. ત્યારે કવિ નાનાલાલ એ કૉલેજમાં શિક્ષક હતા. એમના અભ્યાસકાળ દરમિયાન બીજી ભાષા ફારસી હોવાથી તેઓ મંગળજી શાસ્ત્રી પાસે સંસ્કૃત શીખી પાવરધા થએલા.

કિનારે લઈ જઈ તેને છૂંદી નાખ્યો અને પછી પોતાના તબેલામાં જઈ ખાવુંપીવું બધ કરીને આસુ સારતો ઊભો. કોઈ બીજા મહાવતો આવીને ખાવાનું નીરે તો પણ મો ફેરવી લે. આખરે એ મહાવતનો છોકરો, જે તેના પર બહુ પ્રેમ રાખતો તેણે તેની પાસે જઈ તેને પંપાળ્યો, એટલે તેના બોલને માન આપી તેણે ખાધું અને તેને સૂંઢ વડે ઊંચકી પોતાની પીઠ પર બેસાડયો રાજ્યે પછી એ છોકરાને તેનું મહાવતપદ આપ્યું.

૨૪ એક સામાજિક ઘટના

બાપુ રાજકોટમાં તાર માસ્તર હતા તે વખતે પડોશમાં બનેલી એક સામાજિક ઘટના સાંભળેલી તે પણ હજી યાદ છે. ભાવનગરના એક ગોહેલ સરદાર નજીકમાં રહેવા આવ્યા. રાજખટપટને લઇ તેમના પર કંઈ તોહમત મુકાયું હોઈ ભાગીને આવેલા. પોતાના વતનના એક ખાનદાન આસામીને આમ દુ:ખી થએલા જાણી બાપુ તેમને મળવા ગયા ને કંઇ કામ પડે તો જણાવવા કહ્યું. પોતે સરકારી નોકર હોવાથી રાજ્યની ખફગીનો કશો ડર નહોતો. માત્ર પડોશીધર્મ બજાવવાની ઇચ્છા હતી. મારાં બા પણ તેમનાં બાઇને મળી આવ્યાં. તે વળી તેમના પાસેના ગામનાં પિયરવાળાં નીકળ્યાં એટલે તે ફોઇબા ઠર્યાં.

એ સરદારને વયમાં આવેલી એક કન્યા હતી. તેનો સંબધ નેપાળના યુવરાજ સાથે ગોઠવવાની તેઓ પેરવી કરી રહ્યા હતા અને તે માટે પટણામાં બે કુશળ મુનશીઓને પગારથી રોકી લીધા હતા. એ મુનશીઓએ નેપાળના અમલદારો અને રાજકુટુંબમાં લાગવગ ચલાવી આ કન્યાની માહિતી પહોંચાડી.

નેપાળનું રાજકુળ શુદ્ધ સિસોદિયા વંશનું છે એટલે શુદ્ધ ક્ષત્રિય કુળની જ કન્યા ત્યાં ખપે, એવી બધી બાબતો તેમના મનમાં ઠસાવી મુનશીઓએ નેપાળનું ડેપ્યુટેશન કન્યા જોવા માટે ઠેઠ રાજકોટ સુધી ખેંચી આણ્યું. તેમાં નેપાળના દીવાન પણ હતા. એ બધા દિલ્હીથી આવતા હતા ત્યારે તેમને રસ્તામાં એક પાટીદાર ગૃહસ્થનો ભેટો થઈ ગયો અને તેણે પોતાની સલાહ કામ લાગશે એમ ડેપ્યુટેશનનાં માણસોનાં મનમાં ઠસાવી દીધું. ડેપ્યુટેશનને આદર આપવા ઉતારા વગેરેનો સરસ બંદોબસ્ત મોટા ખર્ચે સરદારે તૈયાર રાખ્યો હતો.

તેમણે કન્યાને જોઈ, પસંદ કરી અને લગભગ નક્કી જેવું કર્યું, પણ પેલા પાટીદારે તેમને બાજુએ બોલાવી કંઈ સમજાવ્યું એટલે નેપાળીઓએ પોતાનો નિર્ણય મોકૂફ રાખ્યો ને પછી જણાવીશું કહી ઊભા થયા.

બપોરના ભાગે પાટીદાર ગૃહસ્થ અમારા ક્વાર્ટર્સમાં આવી ચડ્યા. તેનો ઇરાદો કંઈ તાર આવ્યા છે કે નહિ તે જાણવાનો હશે. બાપુજીએ પૂછ્યું, 'કેમ મિ. પટેલ? શું થયું?' એમણે કહ્યું, 'શું થાય? ભૂખ્યે પેટ કંઈ બને?' બાપુજી કહે, 'ભૂખ્યા હો તો ચાલો જમવા.'

'ના ભાઈ ના! તમે જાણો છો કે આ તો લાખોનો મામલો છે. મારા જેવાની ભૂખ કેટલી હોય? માસ્તર! તમે ય શું ભલા માણસ! આવી તકનો લાભ લેતા નથી? કપાળમાં છૂંદણું છે ને, તેની જ મોકાણમાં કન્યા રદ થઈ જાય છે. સરદારને કંઈ સમજણ છે કે નહિ?'

બાપુજી સમજી ગયા કે કાઠિયાવાડી રિવાજ મુજબ કન્યાના કપાળમાં છૂંદણું હતું તેને કલંક ઠરાવી આ કામમાં કાંટો નાખનાર શાહુકાર એ પાટીદાર જ હતો. એટલે એને વિદાય કરી તરત પોતાના મિત્ર સરદારને ચેતાવવા તેઓ તેમની ડેલીએ પહોંચ્યા. પણ દરબાર તો બપોરે સૂઈ જાય તે ત્રણ વાગ્યે જાગે ને ડાયરો ભરાય ત્યારે દર્શન આપે! એમ છતાં હિંમત ધરી ઘર આગળ જઈ ખબર પહોંચાડી કે ઊંઘતા ન રહો. સામી પાર્ટીમાં કોઇ શત્રુ છે, માટે બધા ખુલાસા કરી લ્યો; નહિ તો વાંધો પડશે અને પસ્તાશો. પરંતુ દરબાર ઢીલા રહ્યા ને કશું કરી શક્યા નહિ. રાતની ટ્રેઇનમાં ડેપ્યુટેશન વિદાય થઇ ગયું અને વઢવાણથી તાર આવ્યો કે 'વિચાર કરી જણાવીશું.'

તેઓ નેપાળ પહોંચે તે પહેલાં રાજકોટથી પેલા મુનશીઓ ઇન્દ્રપ્રસાદ અને દેવપ્રસાદ ઉપર તાકીદે તાર કર્યો કે ડેપ્યુટેશનના પહેલાં નેપાળ પહોંચી જાઓ અને વાતને પાંશરી કરી દો. આ કામમાં એમને ખૂબ પૈસા મળ્યા હતા, પણ પછી તેમની યે કંઈ કારી ફાવી નહિ. એ સરદારના વંશજો હજુ હશે, પણ કુંવરી પછી ગુજરી ગઈ.

૨૫ રાજકોટનાં સંબંધીજનો

ઈ. ૧૮૯૮ના મે માસમાં બાપુની બદલી ફરી એક વર્ષ માટે પોર-

બંદરના સબ પોસ્ટ માસ્તર તરીકે થઈ. તરત થોડા વખત માટે મને અને માને ભાવનગર મોકલી તે એકલા જ ત્યાં ગયા; પણ આ અરસામાં પોરાજી ઑફિસમાં પૈસા ગેરવલ્લે ગયાના કેટલાક કેસ થયા હતા તે માટે પોરબંદરથી તરત તેમની બદલી ત્યાં કરવામાં આવી.

રાજકોટ છોડતાં અમને બધાંને ગમ્યું નહોતું. મેં પ્રૅક્ટિસિંગ સ્કૂલમાં પહેલી ચોપડી પૂરી કરી હતી. સ્કૂલ છોડતી વખતે મંગળજી કાકાએ હેડમાસ્તર તરીકે લીવિંગ સર્ટિફિકેટ આપ્યું તેમાં લખ્યું કે 'આ વિદ્યાર્થીને ચિત્રનો ભારે શોખ છે.' મનોવિજ્ઞાનનો અભ્યાસ નહિ છતાં એવી રીતે બાળકનું વલણ પરખનાર તે સાચા શિક્ષક હતા.

રાજકોટના જીવનકાળમાં જે સંબંધીજનો હતા તેમાંની બે વ્યક્તિઓ મને હમેશાં યાદ રહી છે. એક હતા મારા પિતાશ્રીના મશિયાઈ ભાઈ શિયાણીવાળા કાનજીભાઈ આચાર્ય. તે કાઠી દરબારોના કામદાર હતા એટલે વખતોવખત પોલિટિકલ એજન્ટની કચેરીનાં તેમનાં કામકાજ અંગે અમારે ત્યાં મહેમાન થતા. તેમની સાથે અંગત માણસ તરીકે બીજા મશિયાઈ ભાઈ મહાદેવકાકા આવતા. તેમની સ્થિતિ સારી નહિ, તેથી તે કાનજી દાદા સાથે રહી તેમની તહેનાત સાચવતા.

કાનજી દાદાનો સામાન ગાડીમાંથી ઉતારી ઘરમાં લાવે કે મહાદેવકાકા મારાં બા આગળ જઈ કહે, 'ભાભી! તમે ઘરનું કામ સંભાળો, હું રસોઈ કરી નાખીશ.' ખરેખર તેમની સલૂકાઈ અને સેવાવૃત્તિ પ્રસન્નતાભરી લાગતી. કાનજી દાદા મને જોઈ તેમને કહેતા, 'મહાદેવ, રવિનું ભાતું આપજો.' એટલે તે મુસાફરીના ભાતોડિયામાંથી એકાદ પેંડો કે બદામની પૂરી મને આપી દેતા. એમના ભાતાના ડબા સાથે લાલ કોથળીમાં પાણીનો કૂજો અવશ્ય હોય. કોઈવાર કાનજી દાદાની ગાડીમાં મને તે બજારમાં પણ સાથે લઈ જતા, અને એકાદ વખત રબ્બરનો રંગીન દડો કે મોંનું વાજું અપાવેલું તે યાદ છે.

બીજી વ્યક્તિ તે જટુભાઈ ઠાકર. એ સરકારી પ્રાંત ઑફિસરની ઑફિસમાં હેડ કલાર્ક કે એવું કંઈ હતા. ડિસ્ટ્રિક્ટમાંથી આવે ત્યારે બાપુ તથા બાને મળવા આવે. કંઇક ધૂની ને અલગારી વ્યક્તિ. નોકરી અંગે સાહેબની ટોપી, શ્રીચિહ્ન અને હાથમાં સોટી સાથે બૂમો પાડતા આવે. આવીને બાના પગને વંદન કરે અને કહે 'હું તારા રતિનો મોટો ભાઇ છું. ખાવાનું આપ, ભૂખ્યો આવ્યો છું!' પછી બાપુ પાસે જાય ત્યારે કહે 'બાપા પાસે શું મળવાનું છે? મા જગદંબા જ છોકરાંની ખબર રાખે છે.' બાપુને તે મામા કહી બોલાવતા, કારણ કે જટુભાઇના મામા પોરબંદરમાં મંદિરના ભંડારી હતા તેમની સાથે પહેલો સંબંધ બંધાએલો. જટુભાઈના પિતા કાઠિયાવાડના પ્રસિદ્ધ પુરુષ રાવબહાદુર પ્રાણજીવનભાઇ એજન્સીમાં મોટા અમલદાર હતા; પણ ઝાલાવાડી સ્વભાવ પ્રમાણે જટુભાઈનાં માતુશ્રીને વઢવાણમાં જ રાખતા! માને કુટુંબનાં દુઃખી પાત્ર બનેલાં જોઈ જટુભાઈને ઘણું દુઃખ લાગતું અને પિતા માટે તે આકરી ટીકા કરતા.

૧૬ મોખડકા : નાનજી દાદા

આ અરસામાં મારાં માતુશ્રી મને લઇને થોડા દિવસ મોખડકા મારા મોસાળમાં ગયાં હતાં ત્યારે મેં તેમના પિતા નાનજી ત્રવાડીને જોએલા. ઊજળા વાનના, ઋષિ જેવા લાગતા એ વૃદ્ધ પુરુષમાં મેં બ્રાહ્મણનું તેજ જોયું હતું. કપાળમાં ત્રિપુંડ, કંઠમાં બેરખો અને માથે કાઠિયાવાડી પાઘ જેમ ફેંટો વીંટતા. રજપૂત-કણબીઓનાં હારબંધ ઘરો વચ્ચે એક ઓરડા અને ઓશરીવાળું બેઠા ઘાટનું નીચું ખોરડું. અંદર દિવસે ઘણાં ચાંદરણાં પડે. ઓશરીમાં એનું જાળિયું, રાંધણિયું ને તેને અડીને ચણેલું પાણિયારું. ઘરવખરીમાં અંદર માત્ર એક કોઠલો અને જૂનો પટારો. રાંધવાનાં વાસણોમાં હાંલ્લાં અને લાકડાની કથરોટ; માત્ર બે-ચાર કાંસાની થાળીઓ. ખાવામાં બાજરીના કે જારના રોટલા અને અડદની દાળ હોય. ચોખા કે તુવેર દાળ તો શહેરનાં માણસોને મળે. પણ આસપાસના રજપૂત-કણબીઓ ભારે માયાળુ. શહેરના ભાણેજોને જોઇ હરખાએલાં બને. કોક દૂધની ઢોયલી મૂકી જાય. છાશ તો આખા ગામને મફત મળે. મને શહેરના દૂધ કરતાં એ વલોણાની છાશ મીઠી લાગતી. કોઈ શેરડીના વાઢવાળા પટેલમામા ગોળનું ભીલું આપી જાય. નાનજી મહારાજને ગામ [illegible] પુરુષ તરીકે માન આપે. તેમને કોઇ ગરાસ નહોતો પણ એક ગાય અમે ઘાડી રા-



પોરબંદરના રાણા વિક્રમાતજી
(કે વિક્રમજિત?-વિક્રમાદિત્ય પરથી?)
આલેખન: દેવજીભાઇ વાજા

એમના પાટવીકુંવર માધવસિંહજી એક કૃપાપાત્ર ખવાસની ખરાબ સોબતથી દુર્વ્યસની (દારૂડિયા) બની ગએલા. તે બીમાર હતા તે દરમિયાન રાણાને ભરૂચ જવાનું થયું, એટલે પ છળથી તબિયતના સમાચારથી વાકેફ રાખવાનું કહી ગએલા. પણ પેલા ખવાસે વૈદ્યને કે કોઇને તેની પાસે જવા ન દીધા અને કુમારનું મૃત્યું થયું. રાણાને આથી ખૂબ દુઃખ અને રોષ થયાં અને ખવાસનાં નાક-કાન કપાવી નાખ્યાં. આથી તેણે મહેલની અગાશીએથી પડતું મૂકી આપઘાત કર્યો. આ પરથી સરકારે પોરબંદર રાજ્યને પહેલા વર્ગમાંથી ઉતારી ત્રીજા વર્ગમાં મૂકી દીધું અને ઈ. ૧૮૮૬ના મે માસમાં રાજ્યના વહીવટ માટે ઍડમિનિસ્ટ્રેશન નીમ્યું. તે વખતે કરમચંદ ગાંધી (ગાંધીજીના પિતા) પોરબંદરના દીવાન હતા. રાણા વિક્રમાતજી વિભૂતિનું ત્રિપુંડ કરતા ને ભોજેશ્વર મહાદેવનાં દર્શને જતા. પહેલાં તેઓ વૈષ્ણવ સંપ્રદાયી હતા ને રોજ હવેલીએ દર્શને જતા. પણ ત્યાંના મુખિયાજીએ એક દિવસ તેમને કહ્યું કે હથિયાર બાંધીને આવો છો તેથી બાલકૃષ્ણ બીએ છે! ત્યારથી તેઓએ શિવભક્તિ અંગીકાર કરી. વિ. સં. ૧૯૫૬ના ચૈત્ર વદ ૬ ને શનિવારે તા. ૧૪-૪-૧૯૦૦ના રોજ એમનું અવસાન થયું.

ખતા. તેનાં ઘાસ-ખાણુ પટેલોનાં ઘર પૂરાં પાડતાં. બાર મહિને વાડીઓ ને ખેતરોના પાકમાંથી તેઓ અનાજ ને ગોળ આપતાં તેમાંથી ઘરની કોઠીમાં સંગ્રહ થતો. તે ઉપરાંત લગ્ન અને સારામાઠા પ્રસંગે બ્રાહ્મણિયું કર્મ કરતા, મુહૂર્ત જોઇ આપતા અને સત્યનારાયણની કથા કરતા. પર્વપર્વણીને દિવસે યજમાનોમાં આંટો મારતા ત્યારે સીધું તેમજ ચારો બાંધી લાવતા. આમ આસપાસનાં બેત્રણ ગામોની દાનવૃત્તિ પર



જટાશંકર ઠાકર

તેમનો સંસાર નભી જતો. માનાં મા પણ બહુ માયાળુ અને કુલીન સ્વભાવનાં હતાં. મારા મામા(મારાં બાના નાના ભાઇ) ઘરના એકના એક લાડકા પુત્ર હતા. નામ પ્રભાશંકર હતું, પણ પિતાની પ્રભા જરા યે તેમનામાં ઊતરી નહોતી. માત્ર માતાનો રાંક સ્વભાવ જણાતો. એમ છતાં કુળવાન બ્રાહ્મણનાં છોકરાં ઘોડિયામાંથી વરી જતાં એ રીતે એમને મામી વળગાડી દીધાં હતાં. વાને શામળાં, બુદ્ધિમાં ભોયું પણ સ્વભાવે ભલાં, ભોળાં, ભાવભર્યાં એ મામી ગાય ને ઘોડી માટે ખેતરમાંથી ઘાસના ભારા વાઢી લાવતાં ને નદીથી બેડાં ભરી લાવતાં. અમે ભાણેજ જઇએ ત્યારે ઊલટીઊલટીને હસીને દુઃખણાં(ઓવારણા)લેતાં. પહેરવાનો સાલ્લો થીગડાં મારેલો; હાથમાં કે ગળામાં સોનાના અલંકારનું નામ નહિ; છતાં ઘરની વેઠ આખો દિવસ આનંદભર્યે મોંએ કરતાં. ઈશ્વરે કુલીનતાની કસોટી આદરી હોય તેમ એમને સંતતિ થવા માંડી હતી. અમને એમનાં દુઃખોનો ખયાલ પણ ન આવતો.

આ બ્રાહ્મણ કુળ જ્ઞાતિસમુદાયમાં શ્રેષ્ઠ ગણાતું. આવી ગરીબી અને તંગીના જીવનમાં ય તેમની સાતસાત પેઢી સુધી કોઇએ કન્યા તરફનું તણખલું પણ લેવાની ઇચ્છા કરી નહિ. કન્યા પરણાવવા ભિક્ષા માગી હશે, દેશપરદેશ જઈ ટેલ નાંખી હશે, પણ જમાઈ કન્યા કે ભાણેજને પવિત્ર પાત્રો માની તેમની સ્વાગતા કરવામાં જ એ સંતોષ અને તૃપ્તિ અનુભવતા. અમે શહેરનાં બાળકો જાતજાતની સગવડો અને સેવાથી ટેવાએલાં, છતાં તેમના ભાવભર્યાં આતિથ્યથી અમારાં મનમાં તેમના પ્રતિ મમત્વ ઊભરાતું. નાનજીદાદાએ તેમની બેઠક માટે સામેના કરે એક નાની છાપરી જેવડી ઓરડી બાંધી હતી. તેમાં એક ખૂણે માટીનું દેવાલય કરી તેમાં શંકર, ગણપતિ વગેરે રાખ્યાં હતાં. તે નાહી ધોઈ ત્યાં પૂજાપાઠ કરતા હોય ત્યારે ભગવાનના શિરસ્તેદાર હોય તેવા લાગતા! ગામના લોકો તે વખતે જો કાંઈ કામે આવતા તો દૂરથી જ વંદન કરી મુહૂર્ત વગેરે પૂછી જતા.

અમારે ભાવનગર જવાનું આવ્યું ત્યારે દાદાએ પોતે ઘોડી તૈયાર કરી ઉપર બે બાજુ પોટકાં લટકતાં ગોઠવી દીધાં. પડોશીઓએ શેરડી અને તલના લાડુ આપેલાં તે એ પોટકાંમાં બંધાયાં છે કે નહિ તેની મેં ખાતરી કરી લીધી હતી! વહેલી સવારે ઘોડી પર બાના ખોળામાં મને આગળ બેસાડી, પોતે કેડ પર ભેટ બાંધી, એક હાથમાં લાકડી લઈ બીજા હાથે લગામથી ઘોડીને દોરતા આગળ ચાલ્યા.

એ વખતે ભાવનગર જવાને સવારે સોનગઢ સ્ટેશને ગાડી પકડવાની હતી, તેથી અમે પાછલી રાતનાં ચંદ્રના અજવાળામાં ચાલી નીકળ્યા. ગામડાંના માણસોને તો એ પ્રવાસમાં કંઈ લાગતું નહિ હોય પણ મને વૃક્ષઘટાઓ વચ્ચે જતા લાંબા રસ્તા અને ઢાળવાળાં નાળાં આવે ત્યારે ચોર લુંટારા ઊભા હશે એવી કલ્પના થતી. પવનના સુસવાટ સાથે વૃક્ષોનાં પાંદડાં ચાંદનીના ચળકાટમાં કંઇક ભેદી અવાજ કરતાં.

દાતણ કરવાને વખતે સોનગઢ સ્ટેશને પહોંચી ગયાં. શાંત સ્ટેશનમાં લોખંડના ટુકડા પર બે ડંકા વાગતાં ગાડી આવી તેમાં અમે બેઠાં ત્યારે બા રોતાં હતાં ને દાદા જાળી પાસે ઘોડી પકડી રાખી ભરેલા ગળાએ હાથ ઊંચા કરી કહેતા હતા: 'પહોંચીને કાગળ લખજે બેટા માણેક! ભાણિયા આવજે, હો!' એ પછી હું તેમને કદી જોવા પામ્યો નહિ.

૧૭ ધોરાજી

ભાવનગરથી તુરત અમે ધોરાજી ગયા. ધોરાજીની પોસ્ટ ઑફિસ અને ત્યાંની જેલ એક જ કૅમ્પાઉન્ડમાં હતાં. હું હવે વધુ સમજણો થયો હતો. જેલના ચોકીદારો ત્યાં કલાકે કલાકે ડંકા બજાવતા. વખતોવખત જેલના દરવાજામાંથી કેદીઓને કોર્ટમાં કે કોઈ કામે લઇ જતા તે જોતો. ધોરાજીના પોસ્ટના કેસમાં એક પટાવાળો પકડાએલો તેને સિપાઇઓ એ જ જેલમાં લઈ ગયા ત્યારે મને ઘણું લાગ્યું હતું.

કેદીઓના ચોકીદારોની એક આખી પલટન માટે સામે જ ઓરડીઓની હાર હતી. તેમનો હવાલદાર એક હિંદુસ્તાની ભૈયો હતો. તેનો સ્વભાવ બહુ માયાળુ હતો. તેની ઓરડી સામે એક વૃક્ષ નીચે ઓટલા પર મહાદેવની નાની દેરી હતી ત્યાં તે રોજ સવારમાં નાહીને પૂજા કરતો ત્યારે શંકરના ગણ જેવો લાગતો. હું તેની પાસે જઇ બેસતો અને મારી નાની સાદી વાતો સાંભળી તે હસતો અને આનંદ પામતો. પણ સિપાઈઓના હવાલદાર તરીકે તેનો કડપ અને રુઆબ જુદાં જ હતાં. તે કવાયત કરાવતો ત્યારે તેનો ધડાકા જેવો અવાજ સાંભળવાની મને બહુ મઝા પડતી.

પોસ્ટ માસ્તરના દીકરા તરીકે હું સ્કૂલમાં પણ ધ્યાન ખેંચતો. શનિવારની સવારે પટાવાળો એક રૂમાલમાં બાંધીને મારા માટે ચા લઇ આવતો એટલે માસ્તર મને બહાર મોકલી આપતા અને સ્કૂલની પડાળીમાં બેસી હું ચા પી લેતો. સવાર-સાંજ પટાવાળો મને સ્કૂલમા લેવા-મૂકવા આવતો જ. એ સમયમાં પટાવાળા પોસ્ટ માસ્તરના ઘરનું કોઈ પણ કામ કરવાની ના કહેતા નહિ.


પોસ્ટ માસ્તરની ગણતરી તો ત્યારે સરકારી અમલદારમાં થતી, પણ તેમના પગારો જુઓ તો કંઈ નહિ. મારા પિતાશ્રીનો પગાર રૂ. ૫૦ હતો. તેમાંથી માત્ર પંદર રૂપિયા ખર્ચના રાખી બાકીના ભાવનગર મા-બાપ અને ભાઈના કુટુંબને માટે મોકલી આપતા. મને યાદ છે કે તે વખતમાં મારાં બાના હાથની ચૂડલી પર સોનાની ચીપ નહોતી, છતાં તે બહુ પ્રસન્ન રહેતાં. કંઈ ને કંઈ મીઠું ખાવાનું બનાવી અમને રાજી રાખતાં. બપોરે તે કયું પુસ્તક વાંચે છે તે હવે મને સમજાવું હવું. ચંદ્રકાન્ત ભાગ પહેલો તે ધીરેધીરે ઉકેલતાં અને તેમાંનાં દૃષ્ટાંતો મને ને મારી બેનને કહેતાં. એમના મોંએ વાત કહેવાની રીત બહુ તાદૃશતાવાળી અને ભાવપૂર્ણ હતી. દુઃખની વાત કહે ત્યારે અમે પણ ઉદાસ થઈ જતાં, અને ભક્તના વિજયની કે કૃષ્ણ કે રામની વાત કહે ત્યારે અમે ખરેખર કોઈ મહાન બનાવોના સાક્ષી બનતાં.

આ સમયે મારાં બેનથી નાનો ભાઈ ઘરનું લાડકું બાળક હતો. તેના ચહેરામાં અને આંખમાં મારા બાનો મીઠો અણસાર ઊતર્યો હતો અને સૌને તે ખૂબ જ પ્યારો લાગતો. પટાવાળા, કારકુનો ને જેલના સિપાઇઓ સુદ્ધાં તેને હેતથી ફેરવતા અને કોઇ તેને 'ગુલબદન'ના હુલામણા નામે બોલાવતા.


અમારા ઘરમાં વસ્ત્રો માટે કોઈમાં ચાંપલાઈ નહોતી. પિતાજી ઑફિસમાં અરધો કોટ પહેરતા. કાંઠલા કે કફવાળાં ખમીસો કોઇએ

જોયાં નહોતાં. મને ને બેનને જભ્ભા ને નાડીવાળી ચોરણીથી ચાલતું. ઘરમાં જૂનાં ધોતિયાં કે ગાદલાંનાં પડ હોય તેમાંથી બા કોઈ વાર જભ્ભા કે પેરણ હાથે સીવીને બનાવી આપે તે પહેરીને ફમંગમાં રહેતાં; તેમજ બહારથી પણ આ બાબત કોઈ ટીકા સાંભળવા મળતી નહિ.

ધોરાજીમાં હું પોસ્ટ ઑફિસમાં સૌનો લાડકો બની બધા કારકુનો અને પટાવાળાઓ વચ્ચે ઘૂમ્યા કરતો. એક પારસી કારકુન ધનજીશા મને નજીકના તેના ઘરમાં લઈ જઈ ખૂબ ગેલ કરી હસાવતા. તેનાં કપડાં અને રૂમની સજાવટ મને ગમતાં. પારસીભાઈ લહેરી તો ખરા, પણ કામમાં ઘણી વાર ભૂલો કરી બેસે ત્યારે પિતાજી તેને નિશાળના છોકરાની જેમ ધમકાવી નાખતા. એક વાર તો તેની આંખમાં આંસુ આવી ગયાં ત્યારે મારા રોજના મિત્રને પિતાશ્રી કેમ દુઃખી કરતા હશે તે સમજાયું નહિ. પિતાશ્રીની ટોકણી આકરી હતી, પણ તેમની ઑફિસની વ્યવસ્થા અને શિસ્ત જબરી હતી. કોઈ ખૂણે કચરો કે બેરીયો તેઓ નિભાવી ન લેતા. ટેબલ પાસેની કાગળના કટકાની ટોપલીઓ એક કોથળામાં ભરાવી લેતા. આવેલી ટપાલના થેલા તોડતાં લેબલો સાથે લાખ સંઘરાવતા અને ઠીક જથ્થો થાય ત્યારે પટાવાળાઓ બહાર જઇ ત્રણ પથરા પર એક લોખંડના તગારામાં તેને ઉકાળતા, ત્યારે જે રસ બને તેમાંથી કચરો કાઢી ઓટલા પર તેને જરા ઠરવા દઈ લાંબા લાટા કરતા ને કટકા કરી ઉપયોગ માટે ઑફિસમાં લઇ જતા. તે ઉપરાંત એ વખતે ઑફિસના પત્રવ્યવહાર માટે સરકારી છાપેલા કાગળો કાપી કવરો બનાવી લેવાં પડતાં. લાખ સંઘરેલા, ફાડેલા કાગળો લાખ તથા લાહી ઉકાળવામાં કામ લાગતા. લાહી બનાવી તેમાં મોરથૂથુ નાખી ને તે સંઘરવાની રીત હું ત્યારથી શીખી ગયો. એ વખતે પોસ્ટ માસ્તરને કંટિજન્સીની અમુક જ રકમ મળતી તેમાંથી ઑફિસનો બધો પરચૂરણ ખર્ચ બહુ કરકસરથી કાઢવાનો રહેતો. (ચાલુ)



જન્મ લગ્ન કુંડલી



નવમાંશ કુંડલી

ક્ષમાપન : ફેબ્રુઆરી અંકના હપતા સાથે મારી જન્મકુંડલીને બદલે ગફલતથી એક બીજી જ કુંડલી આપી દેવાઈ હતી તેથી ઘણો ખેદ અનુભવું છું વાચકો આ સાચી કુંડલી સ્વીકારે. કુંડલીના આધારે કાર્યો કરવાનો વિચાર કે પ્રસંગ કદી આવ્યો ન હતો એટલે તેની ઉપેક્ષા થઈ હતી. અને હવે તો કુંડલી ગ્રહોનાં સ્થાનોની એક નોંધ રૂપે જ રહી છે.

અનુસંધાન] છાશ [પૃ. ૧૩૧થી

નાણાં વેડફવા કરતાં એક તાલુકો કે આખો જિલ્લો લઈ ત્યાંનાં નિશાળે જતાં બાળકોને રાજ્ય તરફથી રોજ એક શેર સ્વચ્છ તાજું દૂધ આપવાની યોજના વિચારાશે તો પ્રજાનું વિશેષ કલ્યાણ થશે....હું આરોગ્યપ્રધાન હોઉં તો છાશની પરબો મંડાવું. મને લાગે છે કે પ્રજાની કાયાપલટ કરવા આ સાદી યોજના દરેક ગામડું વિચારશે.'

દૂધની સરખામણીમાં છાશ ભલે પૌષ્ટિક ન લાગે પણ તેની પૌષ્ટિકતાનું સમર્થન કરતા કુન્નૂર હૉસ્પિટલના ડૉ. સિદ્દીક ને ડૉ. હરબીના પ્રયોગો જાણીતા છે. એમણે ઈ. ૧૯૪૯માં શાળાનાં દસબાર વરસની અંદરનાં દૂબળાં છોકરાંઓ ઉપર નાસ્તાના પ્રયોગો કર્યા હતા. બાળકોનાં સાત જૂથને તેમણે ખાંડ નાખેલું દૂધ, સેપરેટ દૂધ ને મીઠું નાખેલી છાશ પચ્ચીસ પચ્ચીસ તોલા આપ્યાં હતાં. બીજાં જૂથોને બે તોલા ફણગાવેલા ચણા ને દસ ગ્રેન કૅલ્શ્યમ લેક્ટેટ, એકલા ફણગાવેલા ચણા અને એકલું દસ ગ્રેન કૅલ્શ્યમ લેક્ટેટ આપ્યાં. છ મહિના બાદ બાળકોની શારીરિક તપાસમાં છાશ પામતાં બાળકોનું વજન સૌથી વધારે (પાંચ રતલ ને તેર રૂપિયાભાર) વધ્યું હતું.

આપણા એક પ્રાચીન આહારશાસ્ત્રીએ આહાર, આરોગ્ય અને ઔષધમાં છાશનું મહત્ત્વ ઋષિવાણીમાં આ પ્રમાણે ગાયું છે: 'જો કૈલાસમાં તક્ર સુલભ હોત તો શિવજી નીલકંઠ રહ્યા ના હોત—અર્થાત્ એમના કંઠમાંનું ઝેર નાશ પામ્યું હોત; જો વૈકુંઠમાં તક્ર મળતી હોત તો વિષ્ણુ આજે શ્યામ હોત ખરા? ઇંદ્રનો ભગંદર રોગ અને ચંદ્રની ક્ષયદશા તરત જ નાબૂદ થયાં હોત. શ્રી ગણેશનું પેટ આવડું મોટું ન હોત, કુબેરને કોઢ ન હોત, અને શું અગ્નિ પણ પોતે દાહ પામત? એ સર્વને જો છાશ પીવાની મળી હોત તો આમ દુઃખી ન થવું પડત.'

પનીર (ચીઝ)

સામાન્ય ભારતવાસી માટે 'પનીર' એ ખાવાની ચીજ નથી, પણ યુરોપીય આહારનું તો એ મનપસંદ ખાદ્ય છે.

રેનેટ નામના દ્રવ્ય વડે દૂધ જમાવ્યા બાદ દહીંને સખત બનાવતાં પનીર બને છે. પનીરમાં દૂધનાં પોષણમૂલ્યો લાંબો સમય જળવાઇ રહે છે. એમાં દૂધનાં બધાં પ્રોટીન, કૅલ્શ્યમ અને ફૉસ્ફરસનું ઘણું પ્રમાણ તથા વિટામિન 'એ' 'બી' અને 'ડી'ની છાંટ હોય છે, પણ વિટામિન 'સી' નથી હોતું. શર્કરા ઘણી થોડી છે.

પનીર ઘણા પ્રકારનાં—જુદીજુદી ૪૦૦ થી ૫૦૦ જાતનાં બનાવાય છે। તેની બનાવટ પ્રમાણે તેમાં ચરબીના પ્રમાણમાં ફેર રહે છે. આપણે ત્યાં ઢાકા, સૂરતી, અને બંદલ નામનાં પનીર બને છે. બંદલ પનીર મલાઈમાંથી બનાવાય છે તો સૂરતી પનીર પૂર્ણ દૂધમાંથી. સેપરેટ દૂધમાંથી પણ પનીર બનાવાય છે. પનીરમાં લગભગ ૩૦ ટકા ચરબી હોવાથી નાજુક હોજરીવાળા માટે તે દુષ્પચનીય છે. બરાબર ચાવીને ખાવામાં આવે તો તેનું પાચન સહેલું બને છે.

પ્રોટીન અને ચરબીનાં વિશેષ પ્રમાણ ધરાવતી પનીર સંકેન્દ્રિત (કૉન્સેન્ટ્રેટેડ) ખાદ્ય છે. પાશેર પનીરમાં અઢીશેર દૂધનાં પોષણદ્રવ્યો સમાએલાં છે. બીજા ખોરાકમાં પુરવણી તરીકે તે ઘણી કસરથી ખાવાનું છે. કહેવાય છે કે પનીરથી દૂધનાં કોકડાં નાનાં બાઝતાં હોવાથી પનીર સાથે દૂધ ભેળવવાથી પાચન સહેલું બને છે. 'સ્લૅબચીઝ' કરતાં 'ગ્રેઇટેડ ચીઝ' સુપાચ્ય છે.

ઉચ્ચ પોષણમૂલ્યયુક્ત પનીર સરળ પ્રાણિજ ખાદ્ય છે. ડૉ. ઘોષ તેને માંસનું કીમતી અવેજી ગણાવે છે. હચિન્સન પણ કહે છે કે 'સરખા વજનનું ગોમાંસ પનીર કરતાં અરધું પોષણ ધરાવે છે'. ગોડબોલે તથા સદ્ગોપાલ લખે છે કે એક રતલ તાજા પનીરમાંથી ચાર રતલ ઘઉં જેટલાં પચનીય પ્રોટીનો મળે છે. એક ગ્રામ પનીરમાંથી ૪૫ ગ્રામ ઘઉંનો લોટ કે પૉલિશ્ડ ચોખા જેટલું કૅલ્શ્યમ મળે છે. ગરમ પ્રદેશમાં પનીર જલ્દી બગડી જતું હોઇ તેમાં સ્ટાર્ચ મેળવામાં આવે છે.

દુનિયાભરમાં સૌથી પનીરપ્રિય દેશ સ્વિટ્ઝરલૅન્ડ છે. એ પછી ફ્રાન્સ, હોલૅન્ડ, ડેનમાર્ક, અને ઇટાલી છે. પણ પનીર બનાવવાનું મૂળ સ્થાન તો હોલૅન્ડ જ.

ગરીબ લોકોની ધીંગી અને નીરોગી તબિયતનું મૂળ

છાશ

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની
લોકપ્રિય લેખમાળા
આહાર અને આરોગ્ય-૨૮

ભૂખ લગાડનાર અને પાચક
હોજરી અને આંતરડાંને બળ આપનાર
થાક ઉતારનાર અને
આંતરિક ઠંડક આપનાર

દૂધ પરમ જીવનીય અને રસાયન હોવાથી એમાંથી બનતાં દહીં છાશ માખણ અને ઘીને આપણા લોકોએ પંચામૃત કહ્યાં છે. તેમાં વળી આપણા પ્રાચીન આહારશાસ્ત્રી ભાવમિશ્રે યથા सुराणाममृतं सुखाय तथा नराणां भुवि तक्र माहुः (જેમ અમૃત દેવોને સુખ આપનાર છે તેમ છાશ પૃથ્વી પર માણસોને સુખ આપનાર છે) કહીને છાશની શ્રેષ્ઠતા ભાખી છે; તો વળી કોકે तक्रं शुक्रस्य दुर्लभम् (ઈન્દ્રને પણ છાશ દુર્લભ) ગણાવી તેની સર્વોપરિતા ગાઇ છે.

દહીં જામ્યા પછી વધેલા પાણીને પરાશ–આછ કહે છે. દહીં ભાંગી નાખી કપડામાં બાંધી ઊંચે લટકાવ્યાથી એમાંથી નીતરતા પાણીને પણ આછ કહે છે. દહીંમાંથી માખણ કાઢી લેવા માટે તેમાં પાણી નાખી વલોવીને માખણ કાઢી લીધા બાદ વધેલું પ્રવાહી તે જ છાશ છે.

છાશ બનાવવાની રીત પ્રમાણે ભાવમિશ્રે તેના પાંચ પ્રકાર ગણાવ્યા છે: પાણી નાખ્યા વગર વલોવેલું દહીં તે 'ઘોળ'; દહીં ઉપરની તર કાઢી લીધા બાદ પાણી નાખી વલોવેલું દહીં તે 'મથિત'; દહીંથી અરધા ભાગે પાણી નાખી વલોવેલું દહીં તે 'ઉદશ્ચિત'; દહીંથી ચોથા ભાગે પાણી મેળવી વલોવી બનાવેલી તે 'તક્ર'; ને દહીંમાં પુષ્કળ પાણી નાખી વલોવી માખણ ઉતારી લીધા બાદ રહે તે છચ્છિકા (છાશ) છે. કો'ક આયુર્વેદાચાર્યે દહીં જેટલું જ પાણી નાખી વલોવી બનાવેલી છાશને 'શ્વેત' નામે પણ ઓળખાવી છે. વલોણાની છાશ સામાન્ય રીતે 'છચ્છિકા' છે, તો ઘેર દહીં મેળવી તૈયાર કરેલી છાશ 'શ્વેત' પ્રકારની છે.

સ્વાદે મીઠી મધુરી છાશમાં લેક્ટાલ્બુમિન ને લેક્ટાગ્લોબિન નામનાં પ્રોટીનો એક ટકા કરતાં ઓછા પ્રમાણમાં છે. ચરબી થોડી કે બિલકુલ નથી. દુગ્ધ-શર્કરા, વિટામિન 'બી', અને લીંબુના રસ વડે દૂધ ફાડી દહીં બનાવ્યું હોય તો વિટામીન 'સી' પણ તેમાં હોય છે. ચરબી નહિ હોવાથી વિટામિન 'એ' અને વિટામિન 'ડી' નથી હોતાં, પણ ખનિજ ક્ષારો–ખાસ કરીને કૅલ્શ્યમ-નું સારું પ્રમાણ હોય છે.

'પરાશ' સ્વાદમાં ખાટી-મીઠી છે. ગાયના દૂધ સાથે સરખા પ્રમાણમાં તે ભેળવાય તો માનવદૂધને મળતી આવવાનું ડૉ. ઘોષ લખે છે. સહેલાઈથી પચે અને અભિશોષાય એવું લેક્ટાલ્બુમિન હોવાથી છાશ પ્રોટીનના આંતરવિષ સંચાર (ઑટોઇન્ટૉક્સિકેશન)ની સારવારમાં અત્યુત્તમ છે. ડૉ. ચંદ્ર ચક્રવર્તી લખે છે કે 'ખનિજદ્રવ્યો લેક્ટોઝ અને લેક્ટિક ઍસિડની સમૃદ્ધિને લીધે છાશ સાંધાઓના સોજામાં પણ ઘણી ઉપયોગી છે.'

શરીરના પોષણ માટે 'ઘોળ' ઉત્તમ છે, તો ખોરાક પચાવવા માટે અનુક્રમે 'મથિત', 'તક્ર' અને 'ઉદશ્ચિત' ઉપયોગી છે. મંદાગ્નિ, ઝાડા, મરડો, સંગ્રહણી અને આંતરડાંની નબળાઈ માટે 'છાશ' છે. ભાવમિશ્ર તક્રને વખાણતાં લખે છે 'તે દસ્તને રોકનાર, હલકી, ઉષ્ણવીર્ય, અગ્નિને પ્રદીપ્ત કરનાર, મૈથુનશક્તિ વધારનાર, તૃપ્તિ આપનાર તથા ગ્રહણી આદિ રોગવાળાને પથ્ય છે. તક્રનું સેવન કરનાર કદી પણ વ્યથા પામતો નથી અને તક્રથી બળી ગએલા રોગો કદી પણ પાછા ઉત્પન્ન થતા નથી. (न तक्रसेवी व्यथते कदाचिन्नतक्रदग्धाः प्रभवन्ति रोगाः) ઘી કાઢી લીધેલી તક્ર હલકી છે. થોડુંક ઘી કાઢી લીધેલી તક્ર ઉપરના કરતાં ભારે અને વૃષ્ય છે. ઘી કાઢ્યા વગરની તક્ર ભારે, પૌષ્ટિક અને કફ કરનાર છે.'

'છચ્છિકા' માટે તે લખે છે: 'તે ટાઢી, હલકી, પિત્તશ્રમ અને તૃષા મટાડનારી, વાયુ ટાળનારી ને કફ કરનારી છે. મીઠાવાળી છચ્છિકા અગ્નિને પ્રદીપ્ત કરનાર છે.'

ઉધરસ, કફ, શરદી, સળેખમ, દમ ને માથાના દુખાવા વખતે છાશ અપથ્ય છે. શરદ ને ગ્રીષ્મઋતુઓમાં સુશ્રુત છાશ ખાવાની મનાઈ ફરમાવે છે, તો શીતકાળમાં અને અગ્નિમંદતામાં તેને ઉત્તમ ગણાવે છે. વળી દોષો પ્રમાણે વિવિધ અનુપાનથી (ગાયના દૂધની) છાશ લેવાનું તેમણે કહેલું છે. ભાવમિશ્ર ઊલટી, પાંડુરોગ, મેદ, ગ્રહણી, હરસ, મૂત્રકૃચ્છ, પેટનો ગોળો, અતિસાર, શૂળ, પેટના રોગો, કોઢ, સોજા, તૃષા અને કૃમિ માટે તેને ઔષધીય ગણાવે છે.

છાશ ભૂખ લગાડનાર ને પાચક છે; મળશુદ્ધિ કરનાર છે; હોજરી અને આંતરડાંને બળ આપનાર છે; થાક ઉતારનાર ને આંતરિક ઠંડક આપનાર છે. ઉનાળાની બપોરે તાજી છાશ પીવાથી તરશ છિપાવા સાથે શરીર અને મનની તાજગી અનુભવાય છે. ટાઇફૉઈડ તાવ વેળા છાશનો ખોરાક પથ્ય છે, તો લાંબી માંદગી વખતે તેના સેવનથી શરીરની પ્રતિકારશક્તિ જળવાય છે. ચરક, સુશ્રુત, શાર્ઙ્ગધર વગેરેએ રોગો પરત્વે કરવાના તક્રકલ્પ (છાશ સેવનવિધિ) વિગતવાર લખ્યા છે. તંદુરસ્ત માણસ માટે જમ્યા બાદ છાશ પીવાનો આદેશ (भोजनान्ते पिबे तक्रं) આપી તેમણે લખ્યું છે કે '(ગાયના દૂધની) છાશ પીનાર મનુષ્ય શરીરે સુદૃઢ, પુષ્ટ, બળવાન ને સંતોષી રહી કામદેવથી પણ અધિક રૂપાળો થઇને પૂરાં સો વર્ષ જીવે છે.'

આપણા વડવાઓએ પૂરા ભાવથી આચારમાં ઉતારેલો ઉપરનો આદેશ લગભગ ગઈ પેઢી સુધી જળવાઈ રહ્યો હતો. નાનાંમોટાં ગામોમાં ઘી બનાવવાનો ઘરઘરનો ઉદ્યોગ હતો, જે ગામલોકોને દૂધ-ઘી પૂરાં પાડતો અને એની આડપેદાશમાં પેદા થતી છાશ ગરીબ લોકોને ભ્રાતૃભાવથી વહેંચવામાં આવતી. આ હતું આપણું વિશિષ્ટ ભારતીય સામાજીકરણ. કઢી, શાક અને ભેડકું બનાવવામાં વાપરવા ઉપરાંત લુખ્ખા રોટલા સાથે લોકો છાશ ભરપટ્ટે ખાતા. કઢીમાં પ્રોટીન-સમૃદ્ધ ચણાનો લોટ ભેળવાતો હોવાથી તે પ્રોટીનપુષ્ટ ખાદ્ય છે.


છાશમાં ભલે પ્રોટીનોની સમૃદ્ધિ ન હોય, પણ નીચલા થરના મધ્યમ વર્ગના અને ગરીબ માણસોને પ્રાણિજ પ્રોટીન મેળવવાનું તે સુગમ સાધન છે. માત્ર નામનો પોષણદાતા આહાર પામતા ગરીબ લોકોની ધીંગી અને નીરોગી તબિયતનાં મૂળ હું આ પોષણદાતા છાશના આહારમાં જોઉં છું. ઢોર પાળનારા દૂધ દહીં ને ઘી પામતા તો ગામના બીજા લોકોને છાશનો લાભ તો મળતો હતો.

આજની નવી ઢબની સમાજરચનામાં માત્ર શહેરોને દૂધ પૂરું પાડવાની નેમથી મોટા પાયાનાં દુગ્ધાલયો ઊભાં થતાં ગામડેગામડે વ્યાપેલો ઘી દૂધનો વિકેન્દ્રિત ધંધો કેન્દ્રિત બની ગયો, જેને પરિણામે ઢોર રાખનારા લોકો પણ પૈસાના લોભે દૂધ માટે રડતાં પોતાનાં છોકરાંને લપડાક મારી દૂધ દુગ્ધાલયોમાં ભરે છે અને મફત વહેંચાતી છાશ હવે પૈસા આપતાં પણ મળવી દુર્લભ થઈ છે. આ આપણી પ્રગતિ છે કે અવગતિ એ તો ભવિષ્ય કહેશે. આ બાબતને લક્ષમાં રાખી શ્રી બાપાલાલ વૈદ્યે બાપોકાર લખ્યું છે કે 'ફરજિયાત શિક્ષણ પાછળ (અનુ: પૃ. ૧૩૦)

પવનચક્કી

ભારત જેવા અવિકસિત દેશના ગ્રામવિભાગોમાં—અને તેમાં યે ગુજરાત-સૌરાષ્ટ્રના પ્રદેશોને વિશેષ અનુકૂળ—ખેતીવાડી તથા નાના ઉદ્યોગોને કુદરતની મફત શક્તિ પૂરી પાડતું સસ્તું સાધન

લેખક • જવાહર શાહ




તમામ શક્તિનો જન્મદાતા સૂર્ય છે. એના તેજ રૂપે જે શક્તિ પૃથ્વી સુધી પહોંચે છે તેના બે ટકા વાતાવરણમાં શોષાય છે. પરિણામે હવા ગરમ થાય છે. વાતાવરણના જુદા જુદા થર અને વિવિધ પ્રદેશોની ગરમી વચ્ચે જે તફાવત રહે છે એથી એક સ્થળે હલકું અને બીજી જગ્યાએ ભારે દબાણ પેદા થાય છે. ભારે દબાણથી હવા હલકા દબાણવાળા ભાગ તરફ ધસી જાય છે. હવાનું આ સ્થળાંતર તે પવન.

આ પવનને જો નાથી શકાય તો તેમાંથી, કોલસામાંથી મળે એ કરતાં પણ વધુ શક્તિ મેળવી શકાય. પણ સૂર્યપ્રકાશની પેઠે પવનને કોઈ એક સ્થળે કેન્દ્રિત તો કરી શકાય નહિ; એટલે પવનની જ્યાં પૂરતી અનુકૂળતા હોય ત્યાં જ શક્તિના ઉત્પાદન માટે એનો ઉપયોગ થઈ શકે. પવનનું શક્તિમાં આવું ઉત્પાદન કરવા માટે પવનચક્કીનો ઉપયોગ થાય છે. એનો વધારેમાં વધારે લાભ આજે હૉલૅન્ડ ને ઑસ્ટ્રેલિયા લઈ રહ્યાં છે. ભારતમાં આજે ઉદ્યોગો વગેરે માટે શક્તિની મોટામાં મોટી જરૂરત છે. જળશક્તિ તથા વિદ્યુતશક્તિ પેઠે કેટલાક પ્રદેશોમાં વાતા પવનના પ્રમાણ અનુસાર ખાસ કરીને ગ્રામ પ્રદેશોમાં હવાની આ શક્તિનો પણ ઓછોવત્તો ઉપયોગ થઈ શકે તેમ છે. પણ તે પહેલાં એને વિષે કેટલોક અભ્યાસ અને અન્વેષણ જરૂરી છે. આ માટે વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધનો માટેની સરકારી સમિતિએ ગ્રામ વિકાસના સંદર્ભમાં આ સંબંધી જરૂરી એવો વિગતવાર અભ્યાસ કરવા સારુ એક 'વિન્ડ પાવર સબ કમિટી'ની નિમણૂક કરેલી.

એ સમિતિએ પવનના વેગ સંબંધી કરેલી પ્રાથમિક મોજણી પરથી જાણવા મળ્યું છે કે રાજસ્થાન અને ગુજરાતમાં એવા ઘણા વિસ્તારો છે કે જ્યાં યંત્રસંચાલન માટે પવનનો ઉપયોગ થઈ શકે. પશ્ચિમ ઘાટ અને કન્યાકુમારી નજીકના પણ ઘણા વિસ્તારોમાં પવનશક્તિ વાપરી શકાય તેમ છે. યંત્ર-સંચાલન ઉપરાંત વીજળીનું ઉત્પાદન પણ તેનાથી થઈ શકે. એક અમેરિકન નિષ્ણાતના અભિપ્રાય મુજબ તો ગંગાનાં મેદાનો બાદ કરતાં ભારતમાં લગભગ ઘણેખરે સ્થળે પવનશક્તિનો વિવિધ ઉપયોગ કરી શકાય તેમ છે. કૂવામાંથી પાણી ખેંચવા, અનાજ દળવા કે વીજળી પેદા કરવા જેવાં કાર્યો આથી થઈ શકે.

પવનચક્કી પણ થોડાઘણા ફેરફાર સાથે વિવિધ પ્રકારની હોય છે. જુદાજુદા મુલકની જરૂરિયાતો, એમને ત્યાંની પવનની સગવડ ઈત્યાદિને ખયાલમાં રાખીને એને અનુકૂળ એવી પવનચક્કીઓ બનાવાય છે. અમેરિકા, કૅનેડા અને ઑસ્ટ્રેલિયાની પવનચક્કી હૉલૅન્ડની પવનચક્કીઓ કરતાં જુદા પ્રકારની હોય છે. ભારત સરકારના સંશોધન ખાતાએ બનાવેલી પવનચક્કીઓ અમેરિકન બનાવટને મળતી છે. પવનની સગવડ અનુસાર એના ચક્ર (રોટર)નાં પાંખિયાંની સંખ્યા, એના આકાર અને કદ વગેરેમાં તફાવત પડે છે. આ ઉપરાંત બીજા

નીચે: ભારતની પવનચક્કીના બે પ્રકાર
ડાબી બાજુ: ડબ્લ્યુ. પી-૧; જમણી બાજુ: ડબ્લ્યુ. પી-૨



પણ કેટલાક નાનામોટા ફેરફાર જોવા મળે છે. પણ એ બધા પાછળ મૂળ સિદ્ધાંત તો દરેકમાં એક જ સરખો હોય છે.

આપણે ત્યાં પવનચક્કીઓ બનાવવી શરૂ થઈ એ પહેલાં મોટે ભાગે ઑસ્ટ્રેલિયાથી એની આયાત થતી. એ પવનચક્કીઓ સામાન્યતઃ ઓછામાં ઓછા, કલાકના સાતથી આઠ માઈલના વેગવાળા પવનમાં કામ આપતી પણ ભારતમાં આટલા વેગીલા સતત પવનો વાતા હોય એવા વિસ્તારો બહુ ઓછા છે એટલે હવે ઉપર્યુક્ત ઉપસમિતિએ એથી યે ધીમા વેગના પવનોમાં પણ પાણી ખેંચી શકે કે વીજળી ઉત્પન્ન કરી શકે એવી પવનચક્કી બનાવી છે.

ભારતના આ પવનચક્કીના બે પ્રકાર છે: (૧) ડબ્લ્યુ પી-૧ (WP-) અને (૨) ડબ્લ્યુ પી-૨(WP-2) આમા ડબ્લ્યુ પી-૨નું સચાલન વધુ સરળ છે, અને તે એના જેટલું જ કામ આપતી પરદેશી પવનચક્કીઓ કરતા લગભગ અરધા ખર્ચમાં તૈયાર થઈ શકે છે. ડબ્લ્યુ પી-૧ના ચક્ર (રોટર)નો વ્યાસ ૧૮ ફૂટ હોય છે અને તે ૩૦ ફૂટ ઊંચે મૂકવામાં આવે છે કેવળ બે માણસ પણ એને ઊભી કરી શકે છે. પણ એના રોટરને ફેરવવા જરા ઝડપી પવનની જરૂર પડે છે. જોકે એ ફરવા લાગે છે ત્યારે ડબલ્યુ પી-૨ના ચક્ર કરતાં વધુ ઝડપે ફરે છે. એની એ ઝડપ સાથે પંપની ગતિનો મેળ બેસી શકે નહિ એટલે એની ગતિને નાના ગીઅર ઉપર બદલવામાં આવે છે. વીજળી પેદા કરવામા, અનાજ છડવામા કે તેલીબિયાં પીલવામા એ કામ લાગે.

ડબ્લ્યુ પી-૨ પવનચક્કીની રચના એવી છે કે કલાકના ચાર પાંચ માઇલના વેગવાળા પવનમા પણ એ ફરવા માંડે. કૂવામાંથી પાણી ખેંચવા માટે આ પવનચક્કી વધુ અનુકૂળ છે. (સૌરાષ્ટ્ર ગુજરાતમાં એની ખાસ ભલામણ કરવામાં આવી છે) એના પાંખિયા ખાસ પ્રક્રિયા કરેલા વાંસ કે ગૅલ્વનાઇઝ કરેલાં પતરાનાં બને છે. વળી આ પાંખિયાં બદલવા માટે આખી પવનચક્કી ખોલવી પડતી નથી. આ ઉપરાંત એની ધરી ટાવરના કેન્દ્ર કરતા એવી રીતે દૂર રાખવામાં આવી છે કે જેથી પવનના વેગ જ્યારે કલાકના ત્રીસેક માઇલથી વધી જાય ત્યારે એ પાંખિયા પૂરેપૂરાં પવનની સામે ન રહેતાં હોઈ તોફાનમાં પણ પવનચક્કીને કંઈ નુકસાન થતું નથી. વળી એમાં આપમેળે ઑઈલિંગ થવાના (તેલ ઊંજવાના) સગવડ પણ છે.

બ્રિટનના વીજળી સંશોધન સંઘના પવનબળ વિભાગના વડા મિ. ગોલ્ડિંગે અંદાજ કાઢ્યો છે કે ૫૦ ફૂટ લાંબાં પાંખિયાંવાળું પવનચક્ર કલાકના ૧૨½ માઈલના વેગવાળા પવનમાં ૫૫ કિલોવૉટ (અથવા ૫૫૦૦ વૉટ) વીજળી પેદા કરી શકે. એટલે કે ૪૦થી ૬૦ વૉટના ૬૦૦ થી ૧૦૦૦ જેટલા ગોળા તેમાંથી બળી શકે. અલબત્ત, પવનચક્કીથી હજારો કિલોવૉટ જેટલી શક્તિ મળે નહિ, પણ ગામડાંની સાધારણ જરૂરિયાત પૂરતી શક્તિ તો તે આપી શકે જ.

પવનશક્તિનો વધુ લાભ લેવા માટે પવનચક્કીને ખુલ્લામાં આવેલી એકસરખા ઢાળવાળી કોઈ ટેકરી જેવા સ્થાને ઊભી કરવી જોઇએ. તળેટીનો પવન એ ઢાળ પર અથડાઇને ઊંચે ચડતાં નવું બળ મેળવે છે અને એ રીતે એનો લગભગ દોઢો લાભ મળે છે. આ ઢાળ પણ તદ્દન સીધો કે ખાડાટેકરાવાળો ન હોવો જોઇએ. વળી જ્યાં પવનનું જોર નરમ રહેતું હોય ત્યાં પાંખિયાં મોટાં રાખવાં જોઈએ.

પવનના પ્રકાર અને તેના વેગ

પવનચક્કી સારુ પવનનો વેગ જાણવા માટે ઍરોમીટર નામનું એક સાધન વપરાય છે. છતાં નીચેનાં કેટલાંક નિરીક્ષણો ઉપરથી પણ પવનના વેગનો સાધારણ અંદાજ બાંધી શકાય છે:

પવનનો પ્રકાર	એની અસર	માઈલમાં ઝડપ
૧ શાંત સ્થિર હવા	ધુમાડો સીધી લીટીમાં જાય	૧થી ઓછી
૨ હળવી વહેતી હવા	ધુમાડો પવનની દિશામાં જાય	૧ થી ૩
૩ હળવો પવન	મુખ પર પવન લાગે, પાંદડાં હાલે	૪ થી ૭
૪ નરમ પવન	પાંદડાં અને ડાળીઓ ડોલે, હળવો વાવટો પવનમાં ફરફરવા લાગે	૮ થી ૧૨
૫ સામાન્ય હવા	ધૂળ અને છૂટા કાગળ ઊડે	૧૩ થી ૧૮
૬ તાજો પવન	નાનાં ઝાડ ડોલે	૧૯ થી ૨૪
૭ જોરદાર પવન	ઝાડની મોટી ડાળીઓ ડોલે, ટલિફોનના તારમાં પવન ભરાતાં અવાજ નીકળે, ઉઘાડી છત્રી સંભાળવી મુશ્કેલ પડે	૨૫ થી ૩૧
૮ સાધારણ તોફાન	આખાં ઝાડ ડોલે, સામા પવનમાં ચાલવામાં આયાસ પડે	૩૨ થી ૩૮
૯ સૂસવતું તોફાન	ઝાડમાંથી ડાળીઓ તૂટી પડે, ચાલવું મુશ્કેલ થઈ જાય	૩૯ થી ૪૬
૧૦ સખત તોફાન	મકાનોને સાધારણ નુકસાન. છાપરાં, પતરાં, નળિયાં ઊડવા માંડે	૪૭ થી ૫૪
૧૧ વ્યાપક તોફાન	ઝાડ ઊખડી જાય, મકાનોને ઠીકઠીક નુકસાન થાય	૫૫ થી ૬૩
૧૨ વાવાઝોડું	વ્યાપક નુકસાન	૬૪ થી ૭૫
૧૩ વંટોળ	ઉષ્ણકટિબંધના દેશોમાં થાય છે	૭૫ થી વધુ

જળસિંચનમાં પવનચક્કીનો ઉપયોગ કૈંક ઓછો થાય છે. એનું એક કારણ એ છે કે એને માટેનું યોગ્ય સ્થળ પસંદ કરવું પડે છે. ક્યાં, કઈ ઋતુમાં, કયે વખતે પવન કેટલા વેગથી વાય છે. ક્યારે મોળો પડે છે વગેરે બાબતો પણ લક્ષમાં લેવી પડે છે. સાધારણતઃ વહેલી સવારે ને વળતી સાંજથી તે રાતના મોડે સુધી પવનનો વેગ વધારે રહે છે; બપોરે પવન મોટે ભાગે ધીરો પડી જાય છે.

વીજળી પેદા કરવા માટે પવનચક્કી કામમાં લેવાના પ્રયોગો આપણે ત્યાં હમણાં થઈ રહ્યા છે. એને માટે એકધારો અને સતત વાતો પવન જરૂરી છે. અલબત્ત, વધુ પવન વખતે પેદા થએલી વીજળીને સંઘરી રાખીને ઓછા પવનવાળા વખતમાં એને કામમાં લઇ શકાય; પણ એ માટે બૅટરીઓ રાખવી મોંઘી પડે છે અને એનો આવરદા પણ બહુ લાંબો હોતો નથી. ગુજરાતમાં વેરાવળ, કેશોદ, પોરબંદર વગેરે સ્થળોએ પવનચક્કી વડે વીજળી પેદા કરી શકાય એવા સતત પવનો વાય છે. પશ્ચિમ જર્મનીની સરકારે એ માટેના અખતરા સારુ ત્રણ કિલોવૉટનો એક 'વિન્ડ પાવર ઇલેક્ટ્રિક પ્લાન્ટ' પણ આપણને ભેટ આપેલો છે જે પોરબંદર ખાતે મૂકવાનું વિચારાએલું.

પરદેશમાં તો વીજળી પેદા કરવા, અનાજ ઉપણવા કે અનાજની ગુણોને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવા જેવાં કાર્યોમા પવનચક્કીનો ઉપયોગ થાય છે. હૉલૅન્ડમા સમુદ્રમાં પાણી ઠાલવવા માટે એનો ઉપયોગ થાય છે. ભારત તો હજી આ દિશામા શરૂઆત જ કરી રહ્યું છે. જે બે પ્રકારની પવનચક્કીઓ હાલ બનાવાઈ છે તેવી લગભગ ૨૦૦ પવનચક્કીઓ જુદાજુદા પ્રદેશોમાં પ્રયોગાર્થે ગોઠવાઈ છે. જો આમાં સફળતા મળશે તો ગુજરાતમા ૨૦૦૦ અને આખા દેશમાં કુલ ૨૦,૦૦૦ પવનચક્કીઓ નાખવાનું સરકારે વિચાર્યું છે.

હવે આપણે ડબ્લ્યુ.પી-૨ પવનચક્કીની કાર્યક્ષમતા જોઈએ :

કેટલા ફૂટથી પાણી કાઢે	પાઈપનો વ્યાસ	કલાકે કેટલા ગૅલન પાણી
૧૦	૧૦ ઇંચ	૩૦૦૦
૨૫	૮ ,,	૧૫૦૦
૫૦	૬ ,,	૭૫૦
૧૦૦	૩ ,,	૪૦૦

સૌરાષ્ટ્ર, બિલગાંવ અને કોઈમ્બતુર જિલ્લાના અમુક વિભાગોમાં તો કલાકના ૩૦,૦૦૦ ગૅલન પાણી નીકળવાની શકયતા છે. ખર્ચની બાબતમાં જોઇએ તો સામાન્ય રીતે—

પવનચક્કી ઊભી કરવાનું પ્રાથમિક ખર્ચ	૨૫૦૦ રૂપિયા
વર્ષના ઘસારા ખર્ચ ખાતે	૨૫૦ ,,
વર્ષ દરમ્યાન નિભાવ ખર્ચ	૫૦ ,,
પાણી ખેંચવા માટેનો પડતર ખર્ચ ૧૦૦૦ ગૅલને	૩ નયા પૈસા
વર્ષ દરમ્યાન કુલ પાણી ખેંચવાની શક્તિ	૧ કરોડ ગૅલન

અમદાવાદથી બાર માઈલ દૂર પ્રાંતિજ રોડ પર અમેરિકન બનાવટની એક પવનચક્કી ચાલે છે. એની મૂળ કિંમત ૮૦૦ રૂપિયા તથા નંખાવવાનો ખર્ચ ૨૦૦ રૂ. થયો છે અને વર્ષ દરમ્યાન અદાજી ખર્ચ ૩૦ રૂ. જેટલો આવે છે. એકાદ કલાક જો સારો પવન વાય તો લગભગ ૮૦૦ ગૅલન પાણી એના વડે નીકળે છે.

ઘરવપરાશ પૂરતી વીજળી પેદા કરવા માટે પણ ત્યાં પાંચથી છ ફૂટ ઊંચી એક પવનચક્કી મૂકેલી છે. એ પણ અમેરિકન જ છે. એની મૂળ કિંમત ૬૦૦ થી ૭૦૦ રૂપિયાની છે. ત્યાં વધુ પવન વખતે પેદા થએલી વધારાની વીજળીને મોટરની બૅટરીઓમાં સંઘરી લેવાય છે, જે ઓછા પવન વખતે કામ આવે છે.

અનુસંધાન] ગંગા-જમના [પૃષ્ઠ ૧૨૩થી

જેવા અમણને કયાંથી મળે? પણ ઓલી ખુરશી? મને યાદ છે કે એ આરામખુરશી ગયે વરસે પગારમાંથી પૈસા બચાવીને ખાસ બનાવડાવી મારી બાને મોકલી'તી, અને બા કહે છે કે મેં તારા માટે કરાવી! પણ હશે. ખુરશી મળી છે, કામમાં લાગે છે; પછી મેં મોકલી કે બાએ કરાવી એમા શો ફેર પડે છે? છટ. આવા વિચાર આપણે ન કરવા.

ગાડી રાયકા સ્ટેશને આવી. પરશોતમને ચા પીવાનો વિચાર થયો; પણ થયું, ના હવે તો અહીં પણ બે આના! એ જ વખતે એણે પડખેના ખાનામાં બેઠેલા બાબુને ઓળખ્યો. બાબુના દાદા ગીરધરકાકા ધંધુકાના સેવાભાવી માનવી હતા. ગીરધરકાકાની દીકરી લલિતાએ ગંગાને ઘણી મદદ કરી હતી અને લલિતાબેનના વર રતિલાલે પરશોતમને કહ્યું હતું 'હાલ્ય, તને સિવિલ કોરટમાં આડેલી બનાવી દઉં; જતે દિ તે બેલીફ થવાશે.' પણ પરશોતમને લાખ્ખોની જેમ મુંબાઈનો મોહ લાગ્યો હતો.

એણે બાબુને પૂછ્યું. 'બાબ ભૈ રતિકાકા કેમ છે?' બાબુએ કહ્યું, 'કોણ, પશો? ઓહોને! મુંબૈવાસી પરશોતમ!' પરશોતમે માત્ર એટલું જ પૂછ્યુ 'કેટલાં વાગ્યા?' બાબુએ કહ્યું, 'સવા ચાર.'

અને એ જ વખને ગગા ધોલેરામાં જમનાના ઘરનાં કમાડ ખખડાવતી હતી. જમનાએ કમાડ ઉઘાડી પૂછ્યું. 'કેમ ગંગા?' ગંગાએ કહ્યું. 'કાંઈ નંઈ બૅન', આ તારી આરામખુરશી. બે દિ આગરૂ રઇ તે ભગવાનનો પાડ. લે બેન બઉ મોંઘી હશે નંઇ?'

જમનાએ કહ્યું. 'એ તો મારો દીકરો જાણે. બાર મઈના પર કોઇ માણહ આવ્યો'તો તે ઘર ગોતતો'તો; ને કઇ ગયો કે દીકરાએ માને માટે મોકલી છે શયેરમાંથી. મેં લઇ લીધી. ગંગા, તે દિ' તું ધંધુકે ગએલી...'

પણ ગંગા કાંઈ જ સાંભળતી નહોતી, એને થતું હતું કે મારા દીકરાએ મને આવું બધું અપાવ્યું એના કરતાં આવું કાંઈક ખુરશી જેવું...'

અને ટ્રેઈન જ્યારે હડાળા-ભાલ પહોંચી ત્યારે હજી પેલો વિચાર પરશોતમનો કેડો નહોતો મૂકતો કે, '...પણ મારી બાએ એક વાત માટે આવું કેમ કર્યુ?'

ગુજરાતમાં વેધશાળા

આજથી બરાબર છ વર્ષ પહેલાં, ઈ. સ. ૧૯૫૬ના ફેબ્રુઆરીની પાંચમી તારીખે સ્વ. માનનીય ગણેશ વાસુદેવ માવળંકરના અધ્યક્ષપદે ગુજરાતમાં વેધશાળાનું કાર્ય કરવા માટે ટ્રસ્ટ રચાઇને કાર્ય શરૂ થયું. ટ્રસ્ટીમંડળમાં છે ભારતના મધ્યસ્થ સરકારના ઉદ્યોગપ્રધાન શ્રી મનુભાઈ શાહ, મુંબાઇના ઉદ્યોગપતિ શ્રી અરવિંદભાઈ ન. મફતલાલ, વેદશાસ્ત્રસંપન્ન જ્યોતિષાચાર્ય શ્રી ગૌરીશંકર કૃ. વ્યાસ અને ગુજરાતના જાણીતા ખગોળવિદ્ અધ્યાપક શ્રી હરિહર પ્રાણશંકર ભટ્ટ.

આ વેધશાળા-સમિતિએ તેના અસ્તિત્વના ટૂંક ગાળામાં પોતાના હેતુઓ સાધ્ય કરવા માટે લોકકલ્યાણ, વિદ્યાર્થીશિક્ષણ, સંશોધન અને લોકજીવનમાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે. ભારતના વિદ્વાનોમાં સો વર્ષથી સતત જેની માગ હતી તે 'વેધશાળા પંચવર્ષીય પંચાંગ'ની બે આવૃત્તિઓ બહાર પાડીને આ સમિતિએ ભારતભરના વિદ્વાનોમાં ગુજરાતનું ગોરવ વધાર્યું છે ને એક તદ્દન અશકય મનાતા કાર્યને શકય બનાવ્યું છે. વળી વિશ્વના જ્ઞાનસમૃદ્ધ દેશો પરસ્પર સહકારથી 'નૉટિકલ આલ્માનૅક' બહાર પાડે છે, તેમા ભારત પણ સહભાગીદાર બની શકે તેવી સંગીન સ્થિતિ પ્રાપ્ત કરી છે; એટલું જ નહિ પણ જે ગ્રંથો ઉપરથી અને યંત્રોની મદદથી 'નૉટિકલ આલ્માનૅક'નું ગણિત ગણાય છે તે જ ગ્રંથો ઉપરથી વેધશાળા સમિતિએ 'યંત્રની સહાયતા વિના' કામ કરી વિદ્વાનોનો વિશ્વાસ સંપાદન કર્યો છે. ઉપરાંત ઉચ્ચ ગણિત કરવા માટે દુષ્કર એવા ગ્રંથો તૈયાર કરી સ્વદેશમાં તેમજ બીજા દેશોમાં ભારતનું ગૌરવ વધાર્યું છે.

ખગોળના નકશાઓ, ખગોળ અંગેનાં લોકભોગ્યપુસ્તકો, અભ્યાસક્રમનાં પુસ્તકો, વેધશાળાનું આયોજન, વખતોવખત પ્રત્યક્ષ આકાશદર્શન અને વ્યાખ્યાનો વગેરે દ્વારા લોકોને આ દિશા તરફ અભિમુખ કરી કેળવવાનું કામ ભારતના બીજા કોઈ પણ પ્રદેશ કરતાં ગુજરાતમાં વધુ થયું છે, તેનો યશ પણ એ વેધશાળા-સમિતિને ફાળે જાય છે.

દેશની જુદીજુદી યુનિવર્સિટીઓમાં જે જે જ્ઞાનશાખાઓ વિકસેલી છે તેમાં ખગોળજ્ઞાનની શાખાનો ઉમેરો કરવાનો છે. કૃત્રિમ ઉપગ્રહો, વિમાનો અને નૌકાશાસ્ત્રનું સંશોધન, વગેરેમાં આજે ખગોળ અંગેની નવનવી જવાબદારીઓ અદા કરવાની આવી છે, તે અદા કરવા માટે આપણે ત્યાં હજી બહુ નહિ વિકસેલી આ જ્ઞાનશાખાના ઉમેરાથી આપણા વિદ્યાર્થીઓ તૈયાર થશે. એથી વંચિત રહેવાનું કેવળ પૈસા ખાતર કયો ગુજરાતી કબૂલ કરશે?—આવો પ્રશ્ન પૂછીને ઉપર્યુક્ત સમિતિએ દાનની ટેલ નાખી છે.

કલાચર્ચા

ભારતની ભરતકલા

ગયા માસમા અમદાવાદમા 'ઑલ ઇંડિયા હૅન્ડીક્રાફ્ટ્સ બોર્ડ' તરફથી ભારતના વિવિધ પ્રદેશોના ભરતકામના નમૂનાઓનું એક પ્રદર્શન ભરાઈ ગયું. એના અનુસંધાને તદ્વિષયક થોડા વિચારો અહીં ટપકાવ્યા છે.


લલિતકળા એ આત્માભિવ્યક્તિનું એક પ્રબળ સાધન છે. ભરતકામની કળા પણ લલિતકળાનું જ એક અંગ છે. એમાં એના કલાત્મક ભાવો ઉપરાંત બીજું પણ કંઈક છે: એ છે આપણા દૈનિક જીવનથી એની અભિન્નતા. એના અનેકવિધ આકારો, કારીગરીની સૂક્ષ્મતા, સુંદરતા અને સરળતા તથા સાદાઈની આ દેશમાં કમી નથી. અંગ્રેજ અમલ દરમ્યાન પરદેશી વિચારોની સરસાઇને લીધે લગભગ એક સૈકા લગી આ ક્ષેત્રમાં પણ પશ્ચિમી આકૃતિઓનું આક્રમણ રહ્યું. આજે ફરીથી ભરતકામની જૂની ભારતીય ભાત વિશેષ પ્રિય અને પ્રચલિત થતી જાય છે. પરિણામે, ભદ્ર સમાજમાં પણ લોકકળાના આકારો અને ભાત તથા એના વિશિષ્ટ રંગપ્રયોગો જોવા મળે છે. કોઇ ઠેકાણે 'કાઠિયાવાડી' તો ક્યાંક 'કાશ્મીરી' એમ જુદીજુદી પ્રાદેશિક ભાતની અસર ભરતગૂંથણ ઉપરાંત અન્ય અનેક ક્ષેત્રો પર પણ જોવા મળે છે. થોડાં વર્ષો પર આપણે જેને ગામડિયું કે જૂનું પુરાણું ગણતા હતા એનો આજ આદર વધતો જાય છે.

સુંદર ભાતોનું નિરૂપણ એ આપણી સદીઓ જૂની સિદ્ધિ છે, અને એમાં યે રંગની ભભક એ એક વૈશિષ્ટ્ય છે. ભારતીય વસ્ત્રોની વિશેષતા પર એક વ્યાપક દૃષ્ટિ નાખીએ તો જણાશે કે સોનાચાંદીના બારીક તાર-તાંતણા, ટીકીઓ, મોતી વગેરે અનેકવિધ વસ્તુઓનો ઉપયોગ કરી વસ્ત્ર શોભનની કળા આપણે એની ચરમ સીમાએ પહોંચાડી હતી. ભરતકામ પણ શોભનનું એક માધ્યમ છે.


લોકગીતો અને લોકકથાની પેઠે પ્રાંતપ્રાંતના ભરતકામમાં પણ એનું ગૌરવભર્યું વૈવિધ્ય જોવા મળે છે. મોટેભાગે અભણ એવા આપણા દેશના સ્ત્રીવર્ગે પોતાની દિનચર્યામાંથી પરવારી લીધા પછી સોય જેવા નાજુક સાધનથી પોતાના અંતરની અભિવ્યક્તિ કરતા ભરતમાં જે આકૃતિ-કૌશલ્ય અને રંગમેળ દર્શાવ્યાં છે એ પ્રશંસનીય છે. ઊન, સુતર કે રેશમના રંગીન દોરા, સોનેરી-રૂપેરી તાર, ખાંપ, મોતી, ટીકીઓ વગેરેનો ઉપયોગ કરી એમણે અનેકવિધ આકારો ઉપજાવીને પોતાના ગૃહજીવનમાં સુંદરતાનો છંટકાવ કરી બતાવ્યો છે.

શોભનની આ સહજવૃત્તિએ કારીગરોને પણ પ્રોત્સાહિત કર્યા છે. તાણાવાણાની અનેક નવી અટપટી ગોઠવણો કરી વણકરોએ પણ કાપડમાં એવી સુંદર ભાતો રચી જાણી છે કે જેની માંગ દેશમાં જ નહિ પરદેશમાં પણ જાગે છે. પટોળાં ને કિનખાબ એનાં ઉદાહરણ છે. આ ઉપરાંત બીજાં માધ્યમોના પ્રયોગો પણ જાણીતા છે. લાકડાનાં બીબાંનું છાપકામ, બાંધણીની કળા વગેરે પ્રકારો તો સારી પેઠે પરિચિત છે.

આપણે ત્યાં સૌરાષ્ટ્ર, કચ્છ, સિન્ધ, પંજાબ, કાશ્મીર, બંગાળ, આંધ્ર વગેરે વિસ્તારોમાં ભરતકામનો વિકાસ સારી પેઠે થયો છે, અને પ્રાંતપ્રાંતની આગવી રીતે વિકસેલાં એનાં કળાકૌશલ જુદેજુદે નામે ઓળખાય છે. એટલે અન્ય લલિતકળાની પેઠે ભરતકામમાં પણ આપણી વિવિધ સાંસ્કૃતિક પરંપરાના સ્રોત જોવા મળે છે. કુદરત અને આસપાસના વાતાવરણમાંથી પ્રતિબિંબિત થતા રંગોએ એમાં પ્રેરણા પૂરી છે. મોર, હાથી, કમળ કે કેરી જેવા



ફૂલપાન, હાથી, મોર અને પોપટની આકૃતિઓની વિવિધ રચનાઓભરી કચ્છ અને સૌરાષ્ટ્રના ભરતકામની કેટલીક ભાત.




પ્રાદેશિક ભાતનાં લેખકે કરેલાં અન્ય ટાંચણો: કાશ્મીરની કેરીભાત, બિહારના હાથી ને ઘોડાની રચના તથા નીચે ડાબે ખૂણે પંજાબની ફૂલકારીનો મોર. મોર, હાથી, ઘોડા કે કેરી જેવી ભાત તો આખા દેશમાં વિવિધ સ્વરૂપે જોવા મળે છે.







ભાઈ દેવજી વાજાએ કરેલાં કેટલાંક ટાંચણો. ઉપર ડાબી બાજુ પુરુષના કાન પર બૂંગળી; વચ્ચે સ્ત્રીના સેંથામાં ડોડી, કાનમાં અકોટા, નાકમાં વાળી અને ડોકમાં (નાની તે) સાંકળી અને ધરમ પારો. જમણી બાજુ પુરુષના હાથમાં પહેલી આંગળી પર ફેરવો ને ટચલી પર કરચ. બાજુમાં બળદના સાજ. શીંગડાં પર ખોભરા, માથા પર કપાળે માથાવટી, ડોકમાં ઘૂઘરમાળ અને શરીર પર ઝૂલ. નીચે સ્ત્રીનાં પગનાં ઘરેણાં : તોડા અને પાંદડાંના આકારનાં પગપાન.



આકારો તો આખા દેશમાં લગભગ બધે એક યા બીજા સ્વરૂપે જોવા મળે છે. આમાં કેરી તરીકે ઓળખાતો આકાર ખરું જોતાં કેરીનો નહિ પણ કાશ્મીરના સરુના વૃક્ષનો આકાર છે. (એની પરંપરાનું પગેરું કાઢીએ તો ઈરાનમાં નીકળે.) એની અસર તળે પછી જુદાજુદા પ્રદેશોમાં જુદી જુદી રીતે એની રચના વિકાસ પામી છે. કાશ્મીરી શાલ-દુશાલામાં તો એની છટાનું વૈવિધ્ય કંઈ ઓર જ હોય છે. મોર અને હંસના આકારો પણ આ જ રીતે અનેક સ્થળે અનેક રીતે યોજાતા રહ્યા છે. અને માત્ર ભરતકામમાં જ ક્યાં ?-શિલ્પ, ચિત્ર વગેરે અન્ય કળામાં પણ એ અનેક રીતે ઊતર્યા છે. આમ, ભરતકામમાં પણ પ્રકૃતિની પ્રેરણા ઓછી નથી. કાશ્મીરી ભરતમાં ત્યાંની પુષ્પસભર હરિયાળીનું જ પ્રતિબિંબ જેમ જોવા મળે છે એમ દરેક પ્રદેશના ભરતકામમાં તે તે પ્રદેશના વૈશિષ્ટ્યની અસર પ્રતિબિંબિત થાય છે.

એવું મનાય છે કે અગાઉ તો માત્ર જરદોશીનું કામ જ ભારતમાં થતું. પણ એ સામાન્ય વ્યક્તિની પહોંચનું ન ગણાય. ચીકનનું કામ એ હિસાબે સસ્તું ગણાય અને એટલે એનો લોકાદર પણ વધે એ સ્વાભાવિક છે. ભરત પણ એ જ રીતે સર્વસુલભ માધ્યમ છે.

પ્રાકૃતિક સૌંદર્યના પ્રાબલ્યને કારણે કાશ્મીરી ભરતકામમાં મોટે ભાગે ફૂલપાનના વેલબુટ્ટા, પક્ષીઓ અને ત્યાંના ફળોની રચના

સવિશેષ જોવા મળે છે. ઈરાન અને ચીનની છાપ પણ કાશ્મીરી કળામાં છે પણ એ ત્યાંની આગવી શૈલીમાં એવી તો વણાઈ ગઈ છે કે એનું અલગ સ્વરૂપ તારવી શકાય નહિ.

પંજાબમાં ચાદરો, ઓઢણીઓ વગેરે પર 'ફૂલકારી' નામે ભરત થાય છે. જાટ લોકોની એ આગવી શૈલી ગણાય છે ને એમાં મોટે ભાગે તો ભૌમિતિક આકારોની જ પ્રધાનતા રહે છે, છતાં ક્યાંક થોડાશા વળાંકાની ગતિ ઉમેરીને એને ઓર ખીલવવામાં આવે છે.

સફેદ સુતર કે રેશમી દોરાથી થતું 'ચીકન' દિલ્હી, આગ્રા, બનારસ, લખનૌ વગેરે ઉત્તર-પ્રદેશનું વધુ વખણાય છે.

સિન્ધ અને કચ્છ-કાઠિયાવાડનાં ભરતમાં અનેક રીતે મળતાપણું છે, છતાં એક બીજાની આગવી વિશિષ્ટતાઓ પણ છે. સિન્ધ પર પશ્ચિમ પંજાબ અને બલૂચિસ્તાનની તથા કચ્છની પણ અસર જોવા મળે છે. એ જ રીતે કચ્છમાં સૌરાષ્ટ્રની અસરનું પ્રાબલ્ય છે. આ બધામાં કચ્છનું ભરતકામ વધુ સુંદર ગણાયું છે.

બંગાળ-બિહાર તરફ 'કંથા'નો પ્રચાર છે. કાપડ કાપતાં વધેલા ટુકડાઓમાંથી એમાં આકારો ઉપજાવાય છે. આપણા ચંદરવા કે ચાકળા પણ આ રીતે જ થાય છે, પણ એમાં કેવળ ભૌમિતિક આકારો જ હોય છે. 'કંથા'માં ધાર્મિક ભાવનાવાળી આકૃતિઓ નિરૂપાય છે.

આ ઉપરાંત, આસામ, મણિપુર, આંધ્ર વગેરે સ્થળોએ પણ ભરતની કળા સારી રીતે વિકસી છે. આ બધા પ્રકારોનો વિગતવાર પરિચય તો હજી ઘણી વિશેષ જગ્યા માગી લે. પણ ટૂંકમાં વર્ષો જૂની આપણી આ કળામાં હજી પણ અવનવા અનેક પ્રયોગોને અવકાશ છે. ખૂણેખાંચરે હટાએલા કેટલાયે જૂના આકારોને આધુનિક રીતે પ્રયોજી શકાય તેમ છે. લોકકળા સાથે બહુ નિકટનો સંબંધ ધરાવતા એવા કેટલાક આકારો મારાં ટાંચણોમાંથી તારવીને આ સાથે આપ્યા છે. દેશના જુદાજુદા વિસ્તારોમાં એના અનેકવિધ સ્વરૂપો મળી આવે છે. —વાસુદેવ સ્માર્ત

તસ્વીરકાર દામોદર

ફોટોગ્રાફના આધારે તસવીરો આલેખવાનો વ્યવસાય બહુ અસામાન્ય નથી, પણ એમાં નિજી આગવી ગુણવત્તા પણ દાખવી શકે એવું હૂબહૂ પાત્રાલેખન કરવાની શક્તિ ધરાવતા ચિત્રકારો બહુ ઓછા હોય છે. શ્રી દામોદરે આલેખેલી તસવીરોમાં આવી ગુણવત્તા જણાઇ આવે છે.

દામોદર આર. કાલિદાસ એમનું નામ. પોર્ટુગીઝ ઇસ્ટ આફ્રિકાના લૉરેન્ઝો માર્કેવિસમાં એમનો જન્મ. બાળપણ પણ ત્યાં જ વીત્યું. ત્રણ ભાઈ અને ત્રણ બહેનોમાં પોતે વચેટ ભાઈ. કમનસીબે પિતાનું અકાળે અવસાન થતાં કુટુંબ વરાડ આવીને ત્રણેક વર્ષ



મોસાળમાં રહ્યું. પોર્ટુગીઝ, મરાઠી ને ગુજરાતી એમ ત્રણત્રણ ભાષાની ફેરબદલીને કારણે પડતી આપદા વેઠતાંવેઠતાં એમણે રાજકોટમાં અભ્યાસ પૂરો કર્યો ને મૅટ્રિક થયા, અને મુંદ્રા (કચ્છ)માં બનેવી પાસે ફોટોગ્રાફી શીખવા ગયા. ત્યાં સ્ટૂડિયોમાં આવતું ફોટોગ્રાફોમાં તૈલરંગો ભરવાનું—ઑઈલ ઑમાઈડ પેઇન્ટિંગનું કામ બહાર બીજા ચિત્રકારોને આપવું પડતું જોઈ એમણે એ કસબ પણ, ધંધો શરૂ કરતા પહેલાં હાથ કરી લેવાનું વિચાર્યું. બનેવીએ પણ એ માટે ઉત્તેજન આપ્યું અને તેઓ અમદાવાદમાં શ્રી રવિશંકર રાવળ પાસે ગુજરાત કલાસંઘમાં એ કામ શીખવા ગયા.

અભ્યાસ કરતા હતા ત્યારથી જ ચિત્રકળા પ્રત્યેની અભિરુચિથી પ્રેરાઇ ઘરઆંગણે દિવાળીનાં અભિનંદન કાર્ડનાં ચિત્રો ઉપર ખાનાં પાડીપાડીને ચીતરવાનો મહાવરો તો પાડેલો, અને શાળાના વર્ગોમાં પણ આ વિષયમાં તો સૌની મોખરે રહેતા. પણ એ બધું માત્ર આત્મસૂઝથી કરેલું હતું, રીતસરનો કલાભ્યાસ નહિ. રવિભાઈની શિક્ષણપદ્ધતિ પણ પાયાથી પાકું ઘડતર કરી વિષય પર લઈ જવાની હતી. એટલે એમણે તેમની પાસે ચિત્રકળાનાં નવાં સૂત્રો પ્રમાણે શરૂઆત કરી. વૅકેશનમાં રવિભાઈની સૂચનાનુસાર રાજકોટના જ્યુબિલી બાગના કૉનૉટ હૉલમાં રખાએલાં કલાકાર બૂકસે કરેલાં રાજામહારાજાઓનાં છબિચિત્રોની નકલો કરીકરીને એ પ્રકારના કામની





તસવીરકાર દામોદરની આલેખનશક્તિ દર્શાવતી ત્રણ છબિઓ. ઉપર શ્રી રવિશંકર રાવળ અને શ્રી ભાઈલાલભાઈ પટેલ. નીચે એક તૈલરંગી છબિ.



ખાસિયતોનો અભ્યાસ કર્યો. એ વખતનાં કામમાંથી એમનાં ચીવટપૂર્વકનાં સ્વચ્છ રેખાંકનો અને મુખમુદ્રાઓ સમજવાની એમની દૃષ્ટિનો સારો ખ્યાલ મળે છે.

કલાકારો વિષે માહિતી

શ્રી રવિશંકર રાવળના 'સપ્તતિ-સંમાન' પ્રસંગે બહાર પડનાર ચિત્રસમૃદ્ધ કલાગ્રંથ માટે 'ગુજરાતમાં કલાનો કાલક્રમ' નામક એક લેખ તૈયાર થાય છે તે માટે વર્તમાન ચિત્રકારો તથા શિલ્પકારો વિષે માહિતીની જરૂર છે. અગારી આથી જાહેર વિનતિ છે કે વર્તમાન (તેમજ જૂના ને દિવંગત પણ) કલાકારો વિષે સૌ કલાકારો અને/અથવા તેમના મિત્રો અમને નીચે મુજબની વિગતો મોકલી આપે: (૧) નામ, પિતાનું નામ, અટક, વતન તથા આજનું સરનામું; (૨) આજની ઉમર; (૩) કલાની ડિગ્રી કે ડિપ્લોમા કયા વર્ષમાં મળ્યાં; (૪) કલાક્ષેત્રે પ્રાપ્ત કરેલી વિશેષ સિદ્ધિ–પ્રમાણપત્રો, પારિતોષિકો, પરદેશપ્રવાસો, પ્રકાશન, સવિશેષ કદર વગેરે; (૫) હાલનો વ્યવસાય. આશા છે કે સૌ બને તેટલી ત્વરાથી આ માહિતી મોકલી અમને આભારી કરશે. –તંત્રી



આધાર માટે મળેલા ટચૂકડા ફોટોમાં ઉપર પ્રમાણે ખૂટતા અંગો ઉમેરીને તૈયાર કરેલી (નીચે પ્રમાણેની) સંપૂર્ણ તૈલરંગી તસવીર.



કલાસંઘમાં પહેલે જ વર્ષે એમણે દેખાડેલી પ્રગતિ જોઇ રવિભાઇએ એમને તસવીર-આલેખનના વ્યવસાયને ખયાલમાં રાખીને એમાં જ પારંગત થવા સૂચવ્યું. પાત્રને નજર સામે બેસાડીને તૈલ કે જલરંગોમાં તેની છબિ આલેખવા જેટલી શક્તિ એમણે કેળવી લીધી હતી. અને '૪૫થી કલાસંઘમાં એ રીતે તસવીરો પણ આલેખવા માંડી હતી. દેશની કેટલીક મહાન વિભૂતિઓના જૂના ફોટોગ્રાફ્સ ઉપરથી પણ એમણે તસવીરો કરેલી. નિયમિત અને નિષ્ઠાપૂર્વકના અભ્યાસમાંથી કેળવેલી એ શક્તિને પિછાની શ્રી કનુ દેસાઇએ એમને પોતાની મદદમાં યોજ્યા હતા.

૧૯૪૮માં ચિત્રશાળાનો અભ્યાસ પૂરો કર્યો એ જ વર્ષે એમનું લગ્ન પણ થયું. માતા ને ભાઇભાંડુ સાથે એમનાં પત્ની સૌ. નર્મદાબેનના સૌમ્ય સંસ્કારી ગૃહસંસારથી પણ એમની આજની સિદ્ધિમાં ઘણી પ્રેરણા મળી છે.

૧૯૫૦માં સૌરાષ્ટ્ર કલામંડળને આશ્રયે ભરાએલા ચિત્રકળા પ્રદર્શનમાં કેટલાંક જીવંત પાત્રોનાં એમણે કરેલાં છબિચિત્રોને પ્રથમ ઈનામ મળ્યું. સૌરાષ્ટ્રના ત્યારના રાજપ્રમુખે અને ત્યારના ત્યાંના પ્રધાનોએ પણ એમની પ્રશંસા કરી. એ જ વર્ષે તેઓ મુંબાઈ ગયા ને ત્યાં ધંધામાં પ્રવેશ કર્યો. આગળ જતાં પછી તસવીરકાર તરીકે જ કામ શરૂ કર્યું અને હવે છેલ્લાં ત્રણ વર્ષથી તેઓ માત્ર 'કૅનવાસ પેઈન્ટિંગ' જ કરે છે. શ્રીમંત ભદ્ર સમાજમાંથી અને છેક બિહાર-બંગાળ જેટલે દૂરથી પણ એમને સારી પેઠે કામ મળે છે. એટલા પરથી એમની લોકપ્રિયતા અને એમના કસબનો અંદાજ બાંધી શકાશે.

એક વાર બિહારના કોઈ જમીનદારના સદ્ગત ભાઇનું ચિત્ર કરવાનું આવ્યું. આધારમાં સદ્ગતના માત્ર ચહેરાનો જ એક ફોટો હતો. અને એના પરથી આખા શરીરનું પ્રમાણ નક્કી કરી, તેને યોગ્ય પોશાક વગેરે કલ્પીને ૫×૮ ફૂટના કદનું મોટું ચિત્ર બનાવી આપવાનું હતું. કહેવાય છે કે મુસ્લિમ યુગમાં ચિત્રકારો માત્ર વ્યક્તિનો હાથ જ જોઇને એના આખા ચહેરામહોરાનો અંદાજ બાંધી ચિત્ર કરી શકતા. આ માન્યતામાં અતિશયોક્તિ હશે જ, પણ દામોદરભાઇએ પેલા ચહેરાના આધારે જ આખા પાત્રનું જે મોટું તૈલચિત્ર કરી દીધું એ જોયા પછી લાગે કે પેલી લોકોક્તિમાં સત્ય નહિ તો યે કંઈક તથ્ય તો હશે. પોતાના સદ્ગત સ્વજનની પૂર્ણ કદની એ હૂબહૂ તસવીર જોઇને એ કુટુંબને જે લાગણી થઈ હશે એનું પ્રતિબિંબ કુટુંબના વડીલે દામોદરભાઈ પર લખેલા પત્રમાં જોવા મળે છે. એમણે લખેલું કે 'આ તૈલચિત્ર કેવળ મારા સદ્ગત બંધુની છબિ જ નથી, પરંતુ એતો એનું જીવંત સંભારણું છે. મને ખરેખર લાગી આવે છે કે આવું ઉમદા સર્જન કરનાર તમારા જેવા કલાકારને આ ચિત્રોને બોલતાં કરવાની શક્તિ ઈશ્વરે કેમ નથી આપી? નહિ તો અમારા જેવાં દુઃખિયાં સ્વજનો ને મિત્રોને તમારાં આલેખેલાં ચિત્રો બોલીને આજ આશ્વાસન આપત. જ્યારે જ્યારે ઈશ્વરધ્યાન ધરીશ ત્યારે તમને એવી શક્તિ આપવા વિશ્વનિયંતાને પ્રાર્થના કરીશ.' (મૂળ પત્ર અંગ્રેજીમાં છે.) આવા તો બીજા અનેક પત્રો એમને મળેલા છે.

ઝાંખા ને જર્જરિત થઈ ગએલા કે ટચૂકડા ફોટોગ્રાફ પરથી, એમાં ખૂટતાં અંગો ઉમેરીને પૂરા કદની છબિઓ બનાવવાનાં તો અનેક કામ એમને મળતાં રહે છે, અને એમાં તેઓ જે કસબ બતાવે છે એ ખરેખર પ્રશંસનીય છે. માત્ર સ્વજનો જ જાણે એવી ચહેરાની કેટલીક ખાસિયતો પણ એમના ખયાલ બહાર રહી જતી નથી એમ એમણે આલેખેલી છબિઓ જોતાં લાગશે. ચિત્રકલાની આજે વિકસેલી અનેક શૈલીઓ અને ચિત્રવસ્તુના અવનવા પ્રયોગોની વચ્ચે આ પ્રકારનુંકામકરીશકનારા બહુ ઓછા રહેલા ચિત્રકારોમાંદામોદરભાઈનું સ્થાન સહેજે આગલી હરોળમાં મૂકી શકાય. આ સાથે આપેલા નમૂના ઉપરથી એમની શક્તિનો પૂરેપૂરો ખયાલ તો ન મળી શકે, પણ અંદાજ બાંધી શકાશે. ઈટાલિયન ચિત્રકાર હાન્સનાં છબિચિત્રોની યાદ આપતી એમની કલમ દ્વારા દેશના વ્યક્તિવિશેષોની તસવીરો આલેખાઇને સંઘરાય તો એમાં એમની કળાનું સાર્થક્ય અને ભવિષ્યને માટેનું એક ઉત્તમ દસ્તાવેજી કાર્ય થઈ શક્યું લેખાશે.

—કૈલાસ જોષી

ગૃહસાધન-સુશોભન-પ્રદર્શન

અમદાવાદના સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ સ્વ. ચીમનલાલ ગિરધરદાસના સુપુત્ર ઇન્દ્રિજિત ભાઈનાં ગૃહલક્ષ્મી સાવિત્રીબહેને કોઇ અજબ આત્મસૂઝથી પોતાનો સમય સાર્થ કરવા નકામી કે નજીવી અને સહજ પ્રાપ્ત થાય તેવી નજીકની વસ્તુઓને અર્થ અને ઉપયોગ અર્પી ઘરની શોભા ને આનંદની વસ્તુઓ બનાવી છે. એનું એક પ્રદર્શન હમણાં અમદાવાદમાં ભરાએલું. નકામી લાગતી, ફેંકી દેવા જેવી વસ્તુઓને તેમણે જે ઉમંગ અને આદરથી સજાવી છે એમાં માત્ર ચેતનાભરી કવિતા જ નહિ પણ અનેક ઉદ્યમી નરનારીઓને ધંધાર્થી અર્થશાસ્ત્ર સુઝાડે એવી શકયતા રહેલી છે. એમનાં સાધનો જુઓ તો માટી, વાંસ, નેતર, ઝાડનું થડ, ડાળાંપાંખડાં, કાચલી કે છીપલાં, પરંતુ એમની સર્ગશક્તિએ તેમાંથી નાનાં બાળકોના વિનોદવિહારની વસ્તુઓથી માંડી રાજમહેલને યોગ્ય મનોરમ કુતૂહલપૂર્ણ રાચરચીલાં ઉપજાવ્યાં છે. તેમણે યોજેલો વાંસનો હિંડોળો ભારક્ષમ અને દૃઢ રચનાવાળો હોવા સાથે તેના એકે એક પ્રમાણમાં અને આકારમાં તે સુશોભનપૂર્ણ છે. તેની આજે યુનાઇટેડ સ્ટેટસના રાજપ્રમુખ કેનેડીનાં શ્રીમતીજીના પ્રિય ખંડમાં પ્રતિષ્ઠા થઇ છે.



એમણે પોતાના પ્રયોગની શરૂઆત સુકવેલી દૂધી અને તુંબડીથી કરી હતી; પછી ધીરેધીરે વાંસ, નારિયેળ અને વૃક્ષનાં થડ, ડાળાં, પાંખડાં, શંખ, છીપો, કાદવ, માટી, નળિયાં, શકોરાં વગેરેના પ્રયોગો કરી દીવાનખાનાની બેઠકો, મંચ, ખુરશીઓ, જ્યોતદીપકો ઝુમ્મરો, ફૂલપાત્રો, ચિત્રપીઠો, વગેરે ઉપજાવ્યાં કર્યાં છે. આવું જ એક મોરપિચ્છનાં દીપપાત્રોવાળું દીપવૃક્ષ બાજુમાં (ડાબી બાજુ) આપ્યું છે. ઝાડની રૂખીસુખી ડાંળીઓમાં મોરપિચ્છની ડાંડલીઓમાંથી દીવા બનાવીને તેમાં ગોઠવ્યાં છે.

પરંતુ એમનું લક્ષ્ય 'પ્રસિદ્ધિ' નથી. એમની આ વરદ સિદ્ધિમાંથી વિદ્યાર્થીઓ, ધંધાર્થીઓ, ગૃહિણીઓ, બાળકો અને ભિકારીને શ્રમનો નાદ લાગે, અને દેશના જ સાદા, સહજ મળે એવા પદાર્થો તથા બીજેથી વધેલી કે નકામી ગણી કાઢેલી વસ્તુઓ તેમજ ચીજોનો ઉપયોગ શોધી તેઓ દેશની સમૃદ્ધિ વધારનારા ધંધા ઉપજાવવા તથા શ્રમમાં આનંદનું સ્વરૂપ લહેરાવવા પ્રેરાય તો એમની સંસ્કૃતિભાવના સફળ થાય. —રવિશંકર રાવળ

'રીધમ'

સામયિક પત્રોને અપાતા રાજપુરસ્કારનાં સાતમા વર્ષે–૧૯૬૧માં કલકત્તાથી પ્રકટ થતાં 'રીધમ'ને પણ 'સર્ટિફિકેટ ઑવ મૅરિટ' મળ્યું છે. કલા અને ઉદ્યોગની ચાલનાના ધ્યેયથી શ્રીમતી આશા મુખરજી સંપાદિત આ અંગ્રેજી ત્રૈમાસિકનો નવમા વર્ષનો ચોથો અંક (જાન્યુઆરી '૬૨) પ્રકટ થયો છે. કુમારી તુતુ લાહિડીના ચિત્ર પ્રદર્શનની વિવેચના, વ્યંગચિત્રોનો ઇતિહાસ કહેતો કમલ સરકારનો ચાલુ લેખ, ઍબ્સ્ટ્રેક્ટ આર્ટના વૈશિષ્ટ્ય ને ભાવિની ચર્ચા કરતો જુલ્ફિકારનો લેખ, સંત ત્યાગરાજની સંગીતકલાનો પરિચય, કવિવર ટાગોરનો લયબદ્ધ સૌંદર્યના આલેખક તરીકેનો પરિચય વગેરે જેવી વાચન સામગ્રી સાથે કેટલાક કલાપ્રદર્શનોની સચિત્ર નોંધ અને નવાં કલાપ્રકાશનોની ટૂંકી વિવેચનાઓથી સમગ્ર અંક સભર ભર્યો છે. ચિત્રોની પસંદગી અને એના બ્લૉકના બહુ નાના કદમાં જો કંઇ સુધારો કરવામાં આવે તો પત્ર વધુ દીપે એવું અમારું માનવું છે. વાર્ષિક લવાજમ ૧૦ રૂ. છૂટક અંક રા રૂ. પ્રકાશન સ્થાન: ૨/૧૨ સી, હરીશ મુખરજી રોડ, કલકત્તા–૨૫).



ભારતમાં આજે પણ હાથકારીગરીના ઉદ્યોગમાં દેશની સૌથી મોટી જનસંખ્યા રોકાએલી છે અને ૧૦લાખ કારીગરો દર વર્ષે ૧૦૦ કરોડ રૂપિયાની સુંદરતમ કારીગરીવાળી રોજિંદા વપરાશ તથા સુશોભનોની કલાકૃતિઓ સર્જે છે. ઉપરની 'દીપલક્ષ્મી' બૅંગલોરમાં હૅન્ડીક્રાફ્ટ બોર્ડના આશ્રયે ચાલતા ધાતુ-કારીગરી કેન્દ્રનું સર્જન છે.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : છડો · ઓળીપો · ઓકળી

શબ્દકોશોમાં 'છડાદેવા'નો એક અર્થ 'કંકુના થાપા મારવા' એવો છે. સાથે 'છડો' એટલે 'થોડી જગ્યામાં પાણીનો આછો છંટકાવ' એવો બીજો અર્થ પણ નોંધાયો છે. પ્રાચીન સાહિત્યમાં આ બંને અર્થમાં પ્રયોગ થયો છે. કોઇ શુભ પ્રસંગે ચોક પૂરવા કે રંગોળી પાડવા પહેલાં ભોંય પર કેસરિયા પાણીનો છંટકાવ થતો.અત્યારે 'કંકુ'વપરાય છે, પણ મૂળ તો 'કંકુમ' એટલે કેસર.

પણ આ ઉપરાંત કુંકુમની ગાર વડે છડો દેવડાવવાનો પણ ઉલ્લેખ છે. એટલે સ્પષ્ટ છે કે ગાર વડે લીંપણ કરવું તેને 'છડો દેવો' કહેવાતું. જેમ અત્યારે શહેરોમાં સારા અવસરે ઘરને ચૂનાથી ધોળે છે, તેમ પહેલાં ગારથી છડો દેવાતો. છડા ઉપર રંગોળી કે ચોક પૂરાતા.

સૌરાષ્ટ્રમાં ગાર કે માટીથી કરેલા લીંપણને 'ઓળીપો' પણ કહે છે. સ્વ. મેઘાણીની 'ઓળીપો' વાર્તામાંથી પણ એનો ખયાલ મળી રહેશે. મૂળમાં 'અવલિંપ' છે. 'ઓળીપો'નો બીજો અર્થ 'ઓકળી' પણ છે. 'ઓકળી' એટલે વિશિષ્ટ છટાવાળું લીંપણ. તેમાં લીંપણ ચડઊતર તરંગની અર્ધચંદ્રાકાર ભાત ઊઠે એ રીતે કરાય છે. મૂળ શબ્દ છે સંસ્કૃત 'ઉત્કલિકા' (તરંગ, ઊર્મિ).

હરિવલ્લભ ભાયાણી

આ વર્ષના રાષ્ટ્રીય પુરસ્કાર

ગઈ (માર્ચની) ૩૧મી તારીખે નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે સાહિત્ય અકાદમીનાં, ઈ. ૧૯૬૧ના વર્ષનાં ભારતીય ભાષાની ઉત્તમ સાહિત્ય કૃતિઓ માટેનાં પારિતોષિકો અપાયાં. સાહિત્યક્ષેત્રે લેખકોએ કરેલા ઉત્તમ સર્જનોના રાષ્ટ્રીય સ્વીકાર અને કદરદાનીનાં સૂચક આ ઇનામો પાછળ લેખકોને પ્રોત્સાહન આપવાની ભાવના પણ છે.

ભારતના રાજ્યબંધારણે અને સાહિત્ય અકાદમીએ સ્વીકારેલી મુખ્ય ચૌદ પ્રાદેશિક ભાષાઓ તેમજ સિંધી તથા અંગ્રેજીમાં રચાએલી સર્વોત્તમ કૃતિઓને આ 'પુરસ્કાર' દ્વારા દરેકને રૂા. પાંચ હજારનું રોકડ ઈનામ આપવામાં આવે છે. રાષ્ટ્રીય દૃષ્ટિએ આનો ઉદ્દેશ લેખકો અને પ્રજાને ભાષા તથા લિપિની પાર એકબીજાને ઓળખવા-સમજવા તથા એમને દેશના વૈવિધ્યપ્રચૂર સાહિત્યવારસાની કદર કરતા કરવાનો છે.

આ વર્ષની પુરસ્કૃત કૃતિઓ અને એમના લેખકોની આછી ઓળખ જોઈએ:

ઇયરૂઈંગમ(આસામી). લેખકઃ વીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્ય (પ્રકાશક : લૉયર્સ બુક સ્ટૉલ, ગૌહટ્ટી. કિંમત રૂા. ૬–૫૦). આર્થિક અને રાજકીય પછાતપણાને કારણે આસામનીનાગ પ્રજા હમણાં સુધી ઢંકાઈ રહેલી હતી. સામાન્યતઃ એમની એકધારી જિંદગીમાં ગત મહાયુદ્ધે એક સંચાર લાવી મૂકયો. આત્મભાનની અને માનસિક વિકાસની અગત્ય એમનામાં પણ જાગી ઊઠી. આ પ્રાપ્તવ્યની સિદ્ધિ માટેનો પુરુષાર્થ એ આ નવલકથાનું વસ્તુ છે. આ પ્રશ્નો પરત્વેના માનસશાસ્ત્રીય ઉદ્દ્ગમનો ઉઠાવ એ આ કૃતિનું વૈશિષ્ટ્ય છે.

પ્રજાનું સદીઓજૂનું પછાતપણું દૂર કરવાની મહેચ્છા અને જાતિના ગૌરવની સ્થાપના એ બંને આ કૃતિનાં ધ્યેય હોવા છતાં ઓગણીસમી સદીની અંગ્રેજી નવલકથાઓ પેઠે આમાં આવતાં વર્ણનોના અતિરેકને કારણે ક્યાંક કથાનો મૂળ વિચાર જોકે ઢંકાઈ જતો લાગે છે; છતાં મુક્તિ પણ એકલા રહેવામાં નહિ, પરંતુ સમગ્ર પ્રજાના ઐક્ય અને સ્વાતંત્ર્યમાં સાચું હિત જોતો કથાનાયક રિશાંગ અને એથી વિરોધી વિચારો ધરાવતા ઉપનાયક વિદેશોલીના પાત્રાલેખન દ્વારા લેખકે આસામની વર્તમાન પરિસ્થિતિનો બહુ અચ્છો ખયાલ આ નવલકથામાં આપ્યો છે.

આસામના લેખકોમાં વીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્ય કદાચ સૌથી વધુ વંચાતા લેખક છે. ચાના બગીચાના એક કામદારના આ પુત્રના જીવનની શરૂઆત બહુ કઠિન પરિસ્થિતિઓ સાથે થઈ હતી; પરિણામે અભ્યાસ પણ ઘણી વાર ખોરંભાઇ જતો. ઈ. ૧૯૪૫માં ગ્રૅડ્યુએટ થયા પછી આઠ વર્ષે તો તેઓ એમ.એ. થઈ શકેલા. કલકત્તામાં પત્રકારત્વમાં કેટલોક વખત કામ કર્યા પછી એ જ વ્યવસાયમાં આસામ પાછા ગયા. ત્યાં યે જે પત્ર માટે તેઓ કામ કરતા એનું પ્રકાશન અવારનવાર બંધ પડી જતાં એમને બેકાર રખડવું પડતું. વિચારે તેઓ પ્રગતિશીલ સમાજવાદી હોઈ ભારતના સમાજવાદી પક્ષના સભ્ય છે. પુરસ્કારપાત્ર કૃતિ 'ઇયરૂઇંગમ' એમની ત્રીજી નવલકથા છે. એ પછી એમનો ટૂંકી વાર્તાઓનો સંગ્રહ પણ પ્રકટ થયો છે.

ભારતેર શક્તિસાધના ઓ શાક્ત સાહિત્ય(બંગાળી). લેખકઃ ડૉ. શશિભૂષણ દાસગુપ્તા(પ્રકાશકઃ સાહિત્ય સંસદ, કલકત્તા. કિ. રૂા. ૧૫–૦૦). ભારતમાં પહેલેથી જ એક યા બીજે સ્વરૂપે શક્તિની ઉપાસના થતી રહી છે. જોકે હરપ્પાયુગ અને ગુપ્તકાળની વચ્ચેના ગાળામાં એનું સામાજિક સ્થાન કંઇક અસ્પષ્ટ જણાય છે, પણ મધ્યકાળમાં એનું દેવપત્ની તરીકેનું અલગ વ્યક્તિત્વ વિકસી એની ઉપાસના વધવા માંડી અને આગળ જતાં એનો એક સ્વતંત્ર સંપ્રદાય સ્થપાવા જેટલું એનું મહત્ત્વ વધ્યું. સમય જતાં જાતીય સંબંધોમાં પ્રજનનની દૈવી પ્રવૃત્તિની સંજ્ઞા હોવાનો વિચાર વિકસ્યો. શક્તિ તરીકે બહુધા શિવપત્નીની ઉપાસના થવા લાગી. સૌમ્ય સ્વરૂપે તે પાર્વતી, મહાદેવી, સતી, ગૌરી અને અન્નપૂર્ણાને નામે તથા ઉગ્ર સ્વરૂપે તે દુર્ગા, કાલિકા તથા ચંડીને નામે પૂજાવા લાગી.

આ રીતે, શાક્ત સંપ્રદાયનો ઉદ્ભવ, એની સર્વદેશીય અસર અને સંસ્કૃત, બૌદ્ધ તથા વૈષ્ણવ સાહિત્યમાં જોવા મળતું એનું પ્રતિબિંબ વગેરેની ચર્ચા સાથે બંગાળી, હિંદી, મૈથિલી, આસામી અને ઉડિયા શાક્ત સાહિત્યનું વિવરણ કરતા આ ગ્રંથમાં લેખકે ઐતિહાસિક અને આધ્યાત્મિક દૃષ્ટિબિંદુઓને લક્ષમાં રાખી ગ્રંથવિષયને સરખો ન્યાય આપ્યો છે અને એમ સમગ્ર પુસ્તક ઘણું અભ્યસનીય બન્યું છે; એટલું જ નહિ કદાચ આ પ્રકારનું આ પ્રથમ જ પ્રકાશન છે.

અઠયાવીસ જેટલાં બંગાળી અને ત્રણ અંગ્રેજી પુસ્તકોના લેખક ડૉ. શશિભૂષણ પૌરાણિક તથા ધાર્મિક સંપ્રદાયોના પ્રમાણભૂત જ્ઞાતા છે.'બૌદ્ધતાંત્રિક માર્ગ'વિષેનું સંશોધનાત્મક પુસ્તક લખી પ્રકાશમાં આવ્યા. 'અસ્પષ્ટ ધાર્મિક સંપ્રદાયો'વિષે મહાનિબંધ લખી એમણે કલકત્તા યુનિવર્સિટીની ડૉકટરેટની ઉપાધિ મેળવેલી. આજે તેઓ એ જ વિદ્યાપીઠમાં પ્રોફેસર ને ડિપાર્ટમેન્ટ ઑવ મૉડર્ન ઈંડિયન લૅંગ્વેજિઝ'ના વડા છે. ઈ. ૧૯૧૧માં પૂર્વ પાકિસ્તાનના બારીસાલ જિલ્લામાં એમનો જન્મ થએલો.

કચ્છનું સંસ્કૃતિદર્શન (ગુજરાતી). લેખક: રામસિંહજી રાઠોડ (પ્રકાશક: રામસિંહજી રાઠોડ. મુદ્રક : કુમાર કાર્યાલય લિ૦ અમદાવાદ. રૂ. ૧૫–૦૦). પોતાની લાંબી સાગર-કંઠારને કારણે દેશપરદેશ ખેડવાના સાહસની પ્રેરણા આપતો હોવા છતાં ત્યાંના દેશી રાજ્યઅમલ તથા રણને કારણે ઘણા લાંબા વખત સુધી કચ્છ ભારતના અન્ય વિ-

સ્તારથી છૂટો પડી ગએલો પ્રદેશ હતો. સ્વાતંત્ર્ય પછી દેશના અન્ય પ્રદેશોની સાથે સમાન ભૂમિકાએ મુકાતાં એનો સર્વાંગીય પરિચય પણ લગભગ અનિવાર્ય જેવો હતો. આ ખોટને લગભગ બધી રીતે પૂરી કરતા 'સચિત્ર જ્ઞાન કોષ' સમા આ ગ્રંથનો વધુ પરિચય 'કુમાર'ના વાચકોને આપવાનો ન હોય. અહીં તો હવે એ અભ્યસનીય અને લોકભોગ્ય ગ્રંથ વિષે એટલું જ કહીએ કે લેખકે જાતે રખડપટ્ટી કરીકરીને એકઠી કરેલી માહિતીઓ ને વિગતો તથા ચિત્રો, નકશા વગેરેથી સભર આ ગ્રંથ એને મળેલા આ બીજા ને વધુ મોટા રાજપુંરસ્કાર વડે પોતાની મહત્તા સ્વયં સિદ્ધ કરે છે.

દહેરાદુનની ફૉરેસ્ટ કૉલેજમાં હતા ત્યારે આસપાસના હિમાલયપ્રદેશની નિસર્ગશ્રીએ એમનામાં પ્રકૃતિપ્રેમ જગાડયો, સાથે મૂગા મૂગા સતત કાર્યરત રહેવાના ગુણની એમને પ્રતીતિ થઇ. ૧૯૪૦માં કચ્છના રણ વિષે 'કુમાર'માં એક લાંબા અભ્યસનીય નિબંધથી એમણે લેખનની શરૂઆત કરી. કચ્છની ભૂમિ સાથેના એમના અંતરંગ સંબંધ અને એમની સંશોધકવૃત્તિતથા દષ્ટિમાંથી આ ગ્રંથની રચના થઈ. એનું પ્રકાશન થયા પછી મુંબાઇ સરકારે પણ એને રૂા. ૨,૦૦૦નો પુરસ્કાર આપેલો.

ભૂલે-બિસરે ચિત્ર(હિંદી). લેખક: ભગવતીચરણ વર્મા (પ્રકાશક: રાજકમલ પ્રકાશન, દિલ્હી. રૂા. ૧૧). લેખક પોતે જે કાળમાં જીવેલા છે એ કાળના સમાજનું પ્રતિબિંબ જ જાણે આ નવલકથામાં છે. કથાનો નાયક જ્વાલાપ્રસાદ ભણતર પૂરું કરી જીવનનો આરંભ કરે છે ત્યાંથી વાર્તાનો ઉપાડ કરતા એ કથાનકના અંતમાં એ નિરાશ, દુ:ખી અને પરિસ્થિતિઓથી ગાભરો બનેલો, પોતાના બંગલાને દરવાજે ઊભોઊભો, પોતાના પૌત્રને કુટુંબનો શિરસ્તો તોડી મીઠાના સત્યાગ્રહમાં જોડાવા જતો જોઈ રહેલો દર્શાવ્યો છે. ત્રણ પેઢીના આ લાંબા કથાવસ્તુમાં દેશના રચાતા જતા ઇતિહાસના કંઇક હકીકતદોષો મળશે, પણ એથી કથાવસ્તુને આંચ આવતી નથી, કે દેશના પલટાતા જતા સ્વરૂપને સમજવામાં બાધ નડતો નથી. સામાન્યતામાં સરી પડયા વિના સામાન્ય વસ્તુને કલાસ્વરૂપ આપવામાં લેખકે પોતાની કલમની સિદ્ધિ દાખવી છે. ધ્યેયલક્ષી ગાંભીર્ય સાથે વિચારોની સરળતાને કારણે પુસ્તક વાચનક્ષમ બન્યું છે. સાથોસાથ 'ઈંડિયન નૅશનલ કૉંગ્રેસ'ની સ્થાપનાથી માંડીને મીઠાના સત્યાગ્રહ સુધીના વિસ્તૃત ફલક પર પલટાતા જતા દેશનું અનેકાંગી દર્શન તેમાં મળી રહે છે.



અકાદમી પુરસ્કાર-વિજેતાઓમાંના કેટલાક: ઉપરથી ડાબી બાજુથી અનુક્રમે ૧ શ્રી ગિરિધર શર્મા ચતુર્વેદી (સંસ્કૃત સંશોધન); ૨ ડૉ. એમ. વરદરાજન્ (તમિળ); ૩ ભગવતીચરણ વર્મા (હિંદી); ૪ શ્રી એસ. નાનકસિંઘ (પંજાબી); ૫ સ્વ. પંડિત ગોદાવરીસ મિશ્ર (ઉડિયા); ૬ શ્રી ઇમ્તીઆઝઅલી આરશી (ઉર્દૂ); ૭ શ્રી રામસિંહજી રાઠોડ (ગુજરાતી); ૮ શ્રી બી. રજનીકાન્ત રાવ (તેલુગુ) અને છેલ્લે ડૉ. શશીભૂષણ દાસગુપ્તા (બંગાળી).

ઈ. ૧૯૨૮માં અલ્લાહાબાદ યુનિવર્સિટીમાંથી કાયદાનો અભ્યાસ કરી વકાલતમાં પડેલા ભગવતીચરણે ૧૯૩૦થી લેખન પ્રવૃત્તિ આરંભી. ૧૯૩૨માં એમનો એક કાવ્યસંગ્રહ પ્રકટ થયો. 'ચિત્રલેખા' અને 'તીન વર્ષ' નામની એમની કૃતિઓ પ્રખ્યાત છે. ૧૯૩૭થી '૪૦ દરમ્યાન કલકત્તાના ફિલ્મ જગતમાં કામ કર્યા પછી હિંદી અઠવાડિક 'વિચાર'નું સંપાદન કર્યું. એ છોડીને મુંબાઇના ફિલ્મ ક્ષેત્રમાં પણ કામ કરી ગયા અને હિંદી દૈનિક 'નવજીવન'માં જોડાઈ ફરી પત્રકારત્વમાં ઝુકાવ્યું. ૧૯૫૦માં ઑલ ઇંડિયા રેડિયોના લખનૌ કેન્દ્રમાં જોડાયા જ્યાંથી સાત વર્ષ પછી રાજીનામું આપી હવે લખનૌમાં જ રહે છે.

બંગાલી કાદમ્બરીકાર બંકિમચંદ્ર (કન્નડ). લેખક: એ. આર. કૃષ્ણશાસ્ત્રી. (પ્રકાશક: મ્હૈસુર યુનિવર્સિટી. રૂા. ૮-૦૦.) પ્રથમ અને અગ્રણી બંગાળી નવલકથાકાર બંકિમબાબુના જીવનનો પરિચય આપતા આ પુસ્તકની વિશેષતા એ છે કે એમાં એમની કૃતિઓનો સારાંશ પણ આપ્યો છે. જીવનપરિચય કરતાં બંકિમબાબુના સર્જનને વધુ સ્પર્શતું આ પુસ્તક કન્નડ ભાષામાં બંગલા સાહિત્યના એક મહત્ત્વના પાસાનો પરિચય ને રસાસ્વાદ કરાવે છે. વિવેચનાત્મક વિષય હોઈ ગ્રંથવસ્તુમાં આવેલી સ્વાભાવિક ગંભીરતા છતાં એના રસાસ્વાદમાં ક્ષતિ આવતી નથી કે લેખકના બંકિમબાબુ પ્રત્યેના સદ્ભાવ છતાં લખાણનું તાટસ્થ્ય તૂટતું નથી. પરિણામે કન્નડ સાહિત્યમાં લેખકની આ એક વધુ ઉમદા ભેટ છે.

દક્ષિણ ભારતના અગ્રગણ્ય લેખકોમાંના એક ડૉ. અંબલ આર. કૃષ્ણશાસ્ત્રીએ (જન્મ ઈ. ૧૮૯૦) સોળેક જેટલાં પુસ્તકો લખ્યાં છે, જેમાંનાં મોટા ભાગનાં બંગાળી લેખકો અને

બંગાળી સાહિત્યકૃતિઓ વિષયક છે. કેટલીક બંગાળી કૃતિઓને એમણે કન્નડમાં ઉતારી પણ છે. ઈ. ૧૯૧૪માં ગ્રેડ્યુએટ થઈ એમણે શિક્ષણ-ક્ષેત્રે શરૂઆત કરી. સાથોસાથ અભ્યાસ જારી રાખી ઈ. ૧૯૨૦માં મદ્રાસ યુનિવર્સિટીમાંથી એમ. એ. થયા. પોતાના સમકાલીન સાહિત્યકારોની કૃતિઓમાં તેઓ હમેશાં રસ લેતા રહ્યા છે. ઈ. ૧૯૧૮માં બૅંગ્લોરની સેન્ટ્રલ કૉલેજમાં 'કર્ણાટક સંઘ'ની એમણે સ્થાપના કરેલી ને એના મુખપત્ર 'પ્રબુદ્ધ કર્ણાટક' નામક સાહિત્યિક પત્રનું પચ્ચીસ વર્ષ સુધી સંપાદન કરેલું.

ડૉ. કેતકર (મરાઠી). લેખક: ડૉ. ડી. એન. ગોખલે. (પ્રકાશક: મૌજ પ્રકાશન ગૃહ, મુંબાઈ. રૂ. ૧૨-૫૦). સ્વ. ડૉ. શ્રીધર વ્યંકટેશ કેતકર બહુ ધૂની વિદ્વાન હતા. જ્યારે કયાં યે સાંભળવા પણ ન મળે એ કાળમાં એમણે વિદેશી ને વિદ્વાન ગોરી સ્ત્રી સાથે લગ્ન કરેલાં. એકલે હાથે એમણે અનેકવિધ વિષયોમાં સંશોધન કરેલાં અને આજે પણ અનેક સાધનોની સગવડ છતાં જે કાર્ય હાથ પર લેવાની કોઈ હિંમત કરતાં અચકાય એ એન્સાઇકલોપીડિયાની રચનાનું કાર્ય એમણે મરાઠીમાં 'જ્ઞાનકોષ' નામે કરી બતાવ્યું એ એક જ હકીકત એમની સાહસિકતા અને વિદ્વત્તાની ખાતરી આપવા માટે પૂરતી છે.

વિવિધતાથી ભરપૂર એમનું આવું જીવન કોઈ પણ ચરિત્ર લેખકને આકર્ષે; સાથોસાથ એની કસોટીરૂપ પણ બને. વળી જોકે ડૉ. કેતકરના વિચારો અને એમના જીવનમાં જે અગ્રચારીપણું હતું એને સંપૂર્ણ ન્યાય આપવા માટે તો ચરિત્રલેખકના પોતાના વિચારો પણ એમના જેટલી જ કક્ષાએ પહોંચેલા હોવા જોઇએ. અહીં પણ લેખકના હિંદુત્વ પ્રત્યેના મમત્વને કારણે કયાંક એવું જણાય છે; છતાં એ કાર લેખકે ઉઠાવેલી જહેમતનું ઘણું સારું પરિણામ જોઈ શકાય છે, ને એના પર ડૉક્ટરેટ મેળવી એમણે મરાઠી ભાષામાં એક ઉત્તમ કૃતિનો ઉમેરો કર્યો.

ઈ. ૧૯૨૨ના સપ્ટેમ્બરમાં જન્મેલા અને હાલ પૂનાની ડેક્કન એડ્યુકેશન સોસાએટીની ન્યૂ ઇંગ્લિશ સ્કૂલના આચાર્ય તરીકે કામ કરતા ડૉ. ગોખલેએ આ ઉપરાંત બે મોટાં જીવનચરિત્રો સાહિત્યવિવેચનનો એક ગ્રંથ તેમજ શાળાના વિદ્યાર્થીઓ માટે ત્રણેક વાર્તાસંગ્રહો પણ લખ્યા છે.

અર્ધશતાબ્દીર ઓરિસ્સા ઓ તેહિર મો સ્થાન (ઉડિયા). લેખક: ગોદાવરીસ મિશ્ર (પ્રકાશક: ગ્રંથ મંદિર, કટક. રૂા. ૪-૦૦). ભારતીય પંડિતોમાં ઊંચું સ્થાન ધરાવતા સ્વ. ગોદાવરીસ મિશ્રનું આ આત્મચરિત્ર છે. પં. ગોપબંધુદાસ જેવા સાથે એમને ગાઢ સંબંધ હતો. એ પહેલાં ક્રાંતિકારી ચળવળોના વખતમાં તેઓ શશિબાબુ સાથે પણ સારો સંબંધ ધરાવતા. નવજાગૃત્તિ પામતા ઓરિસ્સાના રાજકીય અને સાહિત્યિક આકાશમાં વિહરતા ઉદ્દામ વિચારસરણીના આ લેખકનું જીવન બહુરંગી હતું. એમાં ઘણા વિરોધાભાસ પણ જોવા મળે છે. એમના કાળની અનેક ઉગ્ર ચળવળોમાં તેઓ કેન્દ્રસ્થાને જોવા મળતા. આત્મકથનના આલેખનમાં આવું જીવન અનેક અનુભવો પૂરા પાડી શકે એ સ્વાભાવિક છે, પણ મિશ્રજીએ આ તક છોડી પોતાને વિષે તો નહિ, પરંતુ પોતાના સમકાલીન અનેક વ્યક્તિવિશેષ માટે પણ ખાસ કશું જણાવ્યું નથી.

ઈ. ૧૮૮૬માં એમનો જન્મ થયો. કઠિન સંજોગોમાં બાળપણ વિતાવી સ્વપ્રયત્નો અને શિષ્યવૃત્તિઓ વડે એમણે કલકત્તા યુનિવર્સિટીના એમ. એ. થવા સુધીનો અભ્યાસ કર્યો. તે પછી શિક્ષક તરીકે કામ કરી ઈ. ૧૯૨૧માં રાષ્ટ્રીય ચળવળમાં ઝુકાવ્યું. ૧૯૨૪માં બિહાર અને ઓરિસ્સાના સંયુક્ત વહીવટ વખતે તેઓ ધારાસભામાં ચુંટાયા. અને વચ્ચે એક વખત, ચૂંટણીમાં ઊભા નહિ રહેલા એ સિવાયનો ગાળો બાદ કરતાં છેવટ સુધી એ ક્ષેત્રમાં જ રહી એમણે ઓરિસ્સાના શિક્ષણ, નાણાં અને વિકાસકાર્યોના પ્રધાન તરીકે જુદીજુદી કામગીરી બજાવેલી. ઉત્કલ યુનિવર્સિટીની સ્થાપનાનો યશ પણ એમને જ છે. ઈ. ૧૯૫૬ના જુલાઈમાં એમનું અવસાન થયું. એમની આ પુરસ્કૃત કૃતિ પણ તે પછી ૧૯૫૮માં પ્રકટ થએલી. આ ઉપરાંત, નવલકથા, નાટકો અને કાવ્યો પણ એમણે લખ્યાં છે. એમનાં કેટલાક સંપાદિત લખાણોનું મુદ્રણ પણ હવે થઈ રહ્યું છે. આ ગ્રંથની શૈલી સાદી અને સુંદર છે, છતાં એમના વ્યક્તિત્વની વિશેષતાનો પૂરો ખયાલ તો ભાગ્યે જ આપી શકે છે. પરંતુ અરધી સદી સુધીના ઓરિસ્સાના રચાતા જતા ઇતિહાસની જે ઝાંખી એમના કથનમાંથી મળે છે એ દૃષ્ટિએ એમના આ ગ્રંથનું દસ્તાવેજી મૂલ્ય વધે છે.

ઇક મિયાન દો તલવારેં (પંજાબી). લેખક: એસ. નાનકસિંઘ (પ્રકાશક: નવયુગ પ્રેસ, ચાંદની ચોક, દિલ્હી. રૂા. ૬ ૦૦)

પિતા અને પુત્ર-જૂની અને નવી પેઢીની વચ્ચેના વિચારભેદોનું ચિત્રણ કરતી આ નવલકથાનું નામ એના કથાવસ્તુનું સૂચક છે; ગોરા અમલદારો પ્રત્યે અહોભાવ ધરાવતા રૂઢિચુસ્ત વૃદ્ધ પિતાનાં પુત્ર અને પુત્રી ગદ્દાર પાર્ટીનાં સભ્ય હોઈ પરદેશી હકૂમતને દેશમાંથી દૂર કરવાને ઉત્સુક છે. ૨૦મી સદીની વિખ્યાત ગદ્દાર પાર્ટીનું આલેખન કરતી આ કથામાં બ્રિટિશ રાજ પ્રત્યેની પલટાતી જતી લોકલાગણી અને તીવ્ર અણગમાને લેખકે બહુ ચતુરાઇથી ગૂંથ્યા છે. અમાનુષી અત્યાચારો સામે ટકરાતા કથાનાયક કરતારસિંઘના જુસ્સાની વાચકને છેક સુધી જકડી રાખે એટલી સચોટ રજૂઆતે લેખકને ઘણો સારો યશ આપ્યો છે.

ત્રીસ વર્ષની ઉમર પહેલાં તો પોતાનાં કાવ્યોનાં પ્રકાશનો કરી શકનારા નાનકસિંઘ આધુનિક પંજાબી સાહિત્યના એક કુશળ કસબી છે. હાલ પશ્ચિમ પાકિસ્તાનના ગણાતા જેલમના વિસ્તારમાં ઇ. ૧૮૯૭માં એમનો જન્મ થએલો. ચૌદ જેટલા કાવ્યસંગ્રહો પ્રકટ કર્યા પછી છેલ્લાં બેએક વર્ષ દરમ્યાન જ એમણે પિસ્તાળીસ જેટલી નવલકથાઓ લખી છે એમાંની છેલ્લી તે આ.

વૈદિક વિજ્ઞાન ઔર ભારતીય સંસ્કૃતિ (સંસ્કૃત સંશોધન). લેખક: મહામહોપાધ્યાય ગિરિધર શર્મા ચતુર્વેદી. (પ્રકાશક: બિહાર રાષ્ટ્રભાષા પરિષદ, પટણા. રૂા. ૫-૦૦)

વેદોને સમજાવવાના અનેક પ્રયત્નો થતા રહ્યા છે, પણ આજે યે એનો કેટલોક ભાગ તથા અમુક શબ્દો બાદ કરતાં, એનું અર્થઘટન કરતા બ્રાહ્મણો, પુરાણો અને ઉપનિષદો પણ પૂરાં સમજવાં મુશ્કેલ છે. ચતુર્વેદીજીએ પોતાની આગવી રીતે વેદોનો આધુનિક અર્થ ઘટાવવાનો પ્રયત્ન કર્યો છે. અલબત્ત એ ઊંડા ઊતર્યા નથી, પણ કેટલીક ચાવી રૂપ મુખ્ય સંજ્ઞાઓ લઇને એને સમજી શકાય એવા પૂર્વાપર સંબંધો આપીને સ્ફુટ કરવાનો આ ગ્રંથમાં પ્રયત્ન છે. વૈદિક તત્ત્વજ્ઞાનને 'વિજ્ઞાન'ની સંજ્ઞા આપી તથા અનેક બાજુએથી એ વિષયને સ્પર્શીને એમણે એક ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. જીવન, વિકાસ ને વિસર્જનના રહસ્યને પ્રતિબિંબિત કરતી સંજ્ઞાઓનું અર્થઘટન કરતાં, સર્જન કાર્યમાં એ કઈ રીતે કાર્ય કરે છે એની વિગતવાર સમજણ આપી છે. એમની હિંદી શૈલી, રાષ્ટ્રભાષાના અભ્યાસી-દરેક પરભાષી વિદ્યાર્થીએ સમજવા જેવી છે.

ઈ. ૧૮૮૧માં જયપુરમાં જન્મેલા અને સંસ્કૃત ભાષાના પ્રખર જ્ઞાતાઓમાંના એક ગિરિધરજીએ જયપુરની મહારાજા સંસ્કૃત કૉલેજમાં શિક્ષણ પૂરું કરી શિક્ષક તરીકે જીવનારંભ કર્યો અને હરદ્વારના ઋષિકુળમાં આચાર્યપદ (૧૯૦૮ થી '૧૭) પણ ભોગવ્યું. છેલ્લે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં '૫૧ થી '૫૪ સુધી સંસ્કૃત અભ્યાસના ડાયરેક્ટર પણ રહી ચૂક્યા.

અહલ વિલાક્કુ (તમિળ). લેખક: ડૉ.

સુવરદરાજન્ (પ્રકાશક: પાચ્ચારી નિલાયમ, મદ્રાસ ૧ રૂા. ૫·૦૦). બે મિત્રો છે. એક ગર્ભશ્રીમંત, સુંદર, શિક્ષિત અને બધી જ અનુકૂળતાઓવાળો. બીજાને આવો કોઇલાભ નથી, પણ એ સીધો સાદો પ્રામાણિક ભલો માણસ છે. સ્વાભાવિક રીતે જ પહેલો મિત્ર ખોટે રસ્તે ચડી જાય છે, (નહિ તો વાર્તા આગળ કેમ વધે?) ખત્તા ખાય છે અને કોઢિયો થઇ આખરે માંદગલ લાગણીવેડાભર્યા પશ્ચાત્તાપથી ઝૂરતો પોતાના ગરીબ પણ બધી રીતે સારા મિત્રને આશરે આવે છે અને મિત્રની ભલાઇથી આખરે પાપમુક્ત થઈ જાય છે. અહલવિલાઃકુની આ કથા છે. એને માટે 'વેઠ' જેવો આકરો શબ્દ ન વાપરીએ તો પણ કહેવું પડે કે તમિળ કથાસાહિત્યમાં આ નવલ કોઈ નવું પ્રસ્થાન નથી કરતી. માત્ર સુવરદરાજન્‌ની એક વધુ નવલકથા સિવાય એમાં કંઇ નથી.

મદ્રાસ યુનિવર્સિટીના તમિળ ભાષાના બોર્ડ ઑવ સ્ટડીઝના સભ્ય અણ્ણામલ્લાઇ, આંધ્ર, અને મ્હૈસુર યુનિવર્સિટીના 'બોર્ડ્સ ઑવ તામિલ'ના સભ્ય, વ્યંકટેશ્વર યુનિવર્સિટીની સૅનેટના પ્રમુખ તેમજ મદ્રાસની 'અકાદમી ઑવ તામિલ કલ્ચર'ના પ્રમુખ ડૉ. મુવરદરાજન્ પોતાના સમકાલીન અને સ્થાનિક સાહિત્યમાં ઊંડો રસ ધરાવે છે. મદ્રાસ યુનિવર્સિટીમાં તામિલના પ્રોફેસર હોવા સાથે એમણે તેર નવલકથાઓ, બાર સાહિત્ય વિવેચનના ગ્રંથો અને ત્રણ વિવેચનકલા વિષયક પુસ્તકો લખ્યાં છે. ઉપરાંત, કેટલાક નિબંધોનું લેખન પણ કર્યું છે. આ બધામાંથી ત્રણેકને મદ્રાસની સરકારે ઈનામો આપ્યાં છે.

આંધ્ર વાગ્ગેયકર ચરિત્રમુ (તેલુગુ). લેખક: બાલત્રપુ રજનીકાન્તરાવ (પ્રકાશક: વિશાલાંધ્ર પ્રચુરણાલયમ્, રૂા. ૬·૦૦).

આંધ્ર સંગીતની ઉત્પત્તિ અને વિકાસનો ઇતિહાસ તથા એની ઠેક શરૂઆતથી તે અત્યાર સુધીની અનેકાનેક પદ્ધતિઓના પુરસ્કર્તા સંગીતજ્ઞો ને સર્જકોના પરિચયોનું વિશાળ ફલક આ એક જ ગ્રંથનાં ૫૨૫ પાનાંમાં જે કુશળતાથી આલેખાયું છે એ પ્રશંસનીય છે.

સ્વયં પ્રસિદ્ધ કવિ, સંગીતજ્ઞ અને ગાયક હોવાને કારણે લેખક રજનીકાન્તરાવ આંધ્ર સંગીતના દરેક ઉત્તમાંગનો ટૂંકો પણ સુંદર ખયાલ આપી શક્યા છે. અલબત્ત, સાહિત્ય ક્ષેત્રે આ કોઈ મોટી સિદ્ધિ કદાચ ન હોય, પણ એથી એમના કાર્યનું મૂલ્ય ઘટતું નથી. આંધ્ર સંગીતના અભ્યાસીને માટે જ નહિ, પણ ગેય કળાના ગમે ત્યાંના અભ્યાસીને માટે પણ આ ગ્રંથ રસપ્રદ છે—જો ભાષા જ્ઞાનની મર્યાદા ન નડતી હોય તો.

પશ્ચિમ ગોદાવરી જિલ્લામાં ઈ. ૧૯૨૦માં જન્મેલા અને હાલ આકાશવાણીના હૈદરાબાદ કેન્દ્રના કાર્યક્રમ-નિયામક બી. રજનીકાન્તરાવ સંગીતકાર વ્યંકટ નરસિહમ્તા પૌત્ર અને કવિ બલન્તરપ્પુ વ્યંકટરાવના પુત્ર છે. ઇ. ૧૯૪૦માં આંધ્ર યુનિવર્સિટીમાંથી તેઓ ઑનર્સ સાથે ગ્રૅજ્યુએટ થયા. ઉપર્યુક્ત કૃતિ ઉપરાંત બે ગીતસંગ્રહો પણ લખ્યા છે, જેમાંથી પહેલાને તેલુગુ ભાષા-સમિતિનું ઈ. ૧૯૫૨-'૫૩નું ઇનામ મળેલું.

દીવાને ગાલિબ (ઉર્દૂ) સંપાદક: ઇમ્તીઆઝઅલી આરશી (પ્રકાશક: અંજુમને તરક્કી-એ-ઉર્દૂ, અલીગઢ. રૂા. ૨૦).

જ્યાં સુધી ઉર્દૂ ઝબાંમાં લોકોને રસ રહેશે અને એનું ચલણ ચાલુ રહેશે ત્યાં સુધી મિરઝાં ગાલિબના સર્જન પર કંઇ ને કંઇ પ્રકાશનો થતાં જ રહેશે. ગાલિબને વાંચી શકનાર પ્રત્યેક લેખક કે વિવેચક એમનાં કાવ્યોનું કંઇ ને કંઇ નવું અર્થઘટન લાવે છે.

રાધા

રાધા એ આપણી પ્રજાની કલ્પનાએ સર્જેલી રસભરી ગોપી છે. એનો ઉદ્ભવ ક્યાં ને શી રીતે થયો તે જાણી શકાયું નથી. 'મહાભારત', 'હરિવંશ' અને સંભવતઃ આઠમી સદીમાં રચાએલા 'ભાગવત'માં એનો ઉલ્લેખ જોવામાં આવતો નથી. બીજે પક્ષે 'સિલપ્પદીકરમ્' નામના પ્રાચીન તમિળ ગ્રંથમાં એનો નપ્પિનાઈ નામે કૃષ્ણની પત્ની તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમજ આશરે બીજી સદીમાં રચાએલા હાલના 'ગાથાસપ્તશતી' નામના ગ્રંથમાં પણ કરવામાં આવ્યો છે.

ગમે તેમ, પણ બીજી સદીની શરૂઆતથી પ્રાકૃત ભાષાના લેખકોને રાધાનું નામ પરિચિત હતું એમ જણાય છે. આઠમી સદી પછીના કેટલાયે પ્રાકૃત કવિઓએ મોટે ભાગે શૃંગારરસનાં કાવ્યોમાં રાધાનો ઉલ્લેખ કર્યો છે. એ કાળે કૃષ્ણ સાથે ગોપીઓની ઉપાસના કરવામાં આવતી, પરંતુ એ ગોપીઓમાં રાધાનો સમાવેશ થયો દેખાતો નથી.

સંસ્કૃત સાહિત્યમાં રાધાનો પ્રથમ ઉલ્લેખ માલવાના પરમારવંશીય મહારાજા વાક્પતિ મુંજ (ઈ. ૯૭૩-૯૯૪)ના ત્રણ શિલાલેખોમાં આવતા એક આશીર્વાદાત્મક શ્લોકમાં મળે છે. પરંતુ રાજા લક્ષ્મણસેન (ઈ.સ. ૧૧૭૯-૧૨૦૩)ના રાજકવિ જયદેવે એને પોતાના 'ગીતગોવિન્દ'ની નાયિકા બનાવી ત્યારે જ રાસલીલાની અધિષ્ઠાત્રી દેવી રસેશ્વરી તરીકે આખા ભારતવર્ષમાં એની કીર્તિ પ્રસરી ગઈ.

એકાદ બે સૈકામાં તો આ મધુર, સુગેય શૃંગારકાવ્યે સમસ્ત ભારતવર્ષના લોકોનાં ચિત્તને હરી લીધાં. માત્ર એક જ કૃતિ વડે આટલી બધી પ્રતિષ્ઠા ને લોકપ્રિયતા બીજા કોઈ કવિને મળી નથી, અને બહુ ઓછા કવિઓની લોકપ્રિયતા એ સાતસોથી યે વધારે વર્ષો સુધી ટકી રહી હશે.

થોડા જ કાળમાં લોકોએ 'ગીતગોવિન્દ'ને ભગવદ્ભક્તિનું પ્રમાણવાક્ય માની લીધું અને બંગાળમાં તો તે સમયના બહિષ્કૃત બૌદ્ધ સહજીઓએ પણ એને આધારભૂત ગ્રંથ ગણી લીધો. પાછળથી બંગાળમાં ચંડીદાસે અને મિથિલામાં વિદ્યાપતિએ પોતાનાં ગીતો દ્વારા સામાન્ય લોકસમૂહમાં પણ રાધાનો મહિમા અત્યંત વધારી દીધો. પાછળના સમયનાં પુરાણોમાં રાધાના દિવ્ય જન્મની તથા કૃષ્ણ સાથેના એના સંબંધની ભિન્નભિન્ન વાતો જોવામાં આવે છે. વાતો બધી એકસરખી નથી, પણ એ સૌનો ઉદ્દેશ તો એકસરખો જ છે. શ્રીકૃષ્ણની પ્રિય બાલસખી તરીકે એની સર્વ દેવોની સાથે પ્રતિષ્ઠા કરવામાં આવી.

ચૈતન્યે એને દેવી રૂપે માન્ય કરી ને એ જ રીતે રાધાપંથીઓ, વિષ્ણુસ્વામીઓ ને નિમ્બાર્કના અનુયાયીઓએ પણ એને દેવીપદે સ્થાપી. પ્રચલિત લોકમાન્યતા અનુસાર એ શ્રીકૃષ્ણની દિવ્ય પત્ની છે અને આ માન્યતાનો નિમ્બાર્કે પણ સ્વીકાર કર્યો છે.

પરંતુ પરકીયાપ્રેમને વધુ મહત્ત્વ આપતી પૂર્વ ભારતની ધાર્મિક પ્રણાલિકા અનુસાર શ્રીકૃષ્ણે રાધાને પોતાની પ્રિયતમા તરીકે સ્વીકારી ખરી, પરંતુ એ પત્ની તો છે કોઈક અન્યની. કેટલેક સ્થળે એના પતિનું નામ ઐયન આપવામાં આવ્યું છે.

એ ગમે તે હોય, પરંતુ રાધા વિના કૃષ્ણની કથાનો વિચાર કરવો યે મુશ્કેલ લાગે છે ને સામાન્ય લોકપ્રણાલિકા મુજબની માન્યતા મને યોગ્ય લાગે છે. —ક. મા. મુનશી

ટૂંકી વાર્તા માટે પારિતોષિક

'કુમાર'માં પ્રકટ થતી પ્રત્યેક ટૂંકી વાર્તા માટે પૃષ્ઠ દીઠ ત્રણ રૂપિયાના પુરસ્કાર ઉપરાંત વર્ષની શ્રેષ્ઠ વાર્તાને રૂ. ૩૦નું પારિતોષિક અપાય છે.

એ ક્ષેત્રમાં વિશેષ ઉત્તેજનના આશયથી હવે નીચે મુજબ પુરસ્કાર તથા પારિતોષિક અપાશે.

(૧) પ્રકટ થતી પ્રત્યેક વાર્તા માટે પૃષ્ઠ દીઠ પાંચ રૂપિયા પુરસ્કાર.

(૨) દર ચાર ચાર મહિને, તે તે ગાળા દરમ્યાન પ્રકટ થએલી વાર્તાઓ પૈકી શ્રેષ્ઠ કૃતિને રૂ. ૧૫નું પારિતોષિક.

(૩) વાર્તાઓ તદ્દન મૌલિક હોવી જોઇએ.

(૪) આ યોજનામાં નાટિકાઓનો પણ સમાવેશ થશે.

આ નવા દીવાન (ગઝલ સંગ્રહ)નાં ૧૨૦ પાનાંમાં લેખકે સંપાદન, વિવરણ કે વિવેચનમાં માત્ર વખાણ કરવા પાછળ ખોટી જગ્યા ન રોકતાં આની પહેલાંના બીજા દીવાનોનું પૃથક્કરણ કરીને સંગ્રહનું મૂલ્ય વધાર્યું છે.

ઉર્દૂ સાહિત્યક્ષેત્રે દેશભરમાં આરશીની કૃતિઓનું સારું સ્થાન છે. ઉર્દૂ પુસ્તકોમાં અનિવાર્ય એવી અક્ષરોની સુવાચ્યતા પણ આ સંગ્રહમાં સારી જળવાઇ છે તે એની બીજી વિશેષતા છે.

રામપુરમાં ઇ. ૧૯૦૪માં જન્મેલા અને ત્યાંની જ રાજા લાયબ્રેરીના ગ્રંથપાલ તરીકે ૩૦ વર્ષ સુધી કામ કરતા રહી ઇમ્તીઆઝ-અલીએ જે સંશોધન પ્રવૃત્તિ કરેલી તેનું પ્રતિબિંબ એમનાં પાંચ અંગ્રેજી, ચાર ફારસી ને ત્રણ ઉર્દૂ પુસ્તકોમાં જોવા મળે છે. શાહઆલમ બીજાના 'નૅશનલ ઇ શાહી' નામક હિંદી દીવાનનું સંપાદન પણ એમણે કર્યું છે. ગાલિબના ઉપર્યુક્ત દીવાન ઉપરાંત 'ફરહંગ ઈ ગાલિબ' અને 'ઈન્તખાબે ગાલિબ' નામે બે ફારસી ગ્રંથો પણ સંપાદિત કર્યાં છે.

નવરોઝ-એ-સબહા(કાશ્મીરી)લેખક: રહેમાન રાહી. (પ્રકાશક: ગુલામ મહમ્મદ નૂર મહમ્મદ, શ્રીનગર. રૂા. ૧-૨૫.) કાશ્મીરી સાહિત્યના ઘડતરની હજી શરૂઆત છે, તો પણ અન્ય અવિકસિત સાહિત્યની પેઠે એની પાસે પૂણ લોકકથાઓ અને ભક્તિગીતોની મોટી સમૃદ્ધિ છે. પરંતુ પ્રગતિશીલ લેખક ગણાતા રાહીને આ સમૃદ્ધિ કંઇ કામની લાગતી નથી. પોતાના નસીબનું ઘડતર જ્યારે માણસ પોતે જ ઘડતો હશે એવી આવતી કાલનું ગાન ગાતા કવિએ જાણે કાવ્ય નહિ, પણ ફિલસૂફીભરી પદ્યમય ટીકા લખ્યા જેવું લાગે છે. ઉર્દૂ ગઝલ અને ફારસી છંદ રચનાના પ્રવાહમાં વહેતા રાહીના આ કાવ્યમાં માનવતાને હલાવી મૂકે એવી કોઈ ઊંડી લાગણીઓનો ઈશારો પણ જોવા મળતો નથી. કાશ્મીરના ભાષામાં સ્વાભાવિક આશા રાખીએ એવાં પ્રાકૃતિક વર્ણના પણ અહીં નથી.

ઈ. ૧૯૨૫માં જન્મેલા અને શ્રીનગરની સરકારી કૉલેજમાં લેક્ચરર તરીકે કામ કરતા રાહીએ ત્રણેક વર્ષ સુધી 'કૉંગ પોશ' નામે કાશ્મીરી ભાષાનું પ્રથમ સાહિત્યિક પત્ર સંપાદિત કરેલું. 'સાનાવાની સાઝ' તથા 'સુબુક સોદા' નામે બે કાવ્યસંગ્રહો પણ એમણે આપ્યા છે અને કાશ્મીરીમાં નિબંધસંગ્રહ ને સાહિત્યિક વિવેચનના ઇતિહાસ વિષયક પુસ્તક હવે તૈયાર કરી રહ્યા છે.

એડિન્બરગ મહોત્સવને પ્રસંગે સાહિત્ય પરિષદ

સ્કૉટલૅન્ડમાં એડિન્બરગ ખાતે દર વર્ષે યોજાતો સંગીત-નાટ્ય-મહોત્સવ દુનિયામાં એક અગ્રણી સંસ્કારપ્રવૃત્તિ તરીકે જાણીતો છે. આવતા ઑગસ્ટ મહિનામાં યોજાનારા એ મહોત્સવ પ્રસંગે આન્તરરાષ્ટ્રીય સાહિત્ય પરિષદ પણ યોજવાનું નક્કી થયું છે અને ત્રણ નોબેલ પારિતોષિક વિજેતાઓ સહિત જગતના ૫૦ વિખ્યાત નવલકથા-સમ્રાટોને તેમાં હાજરી આપવાનાં આમન્ત્રણ મોકલાયાં છે. આશરે ૧૧ દેશોના પ્રતિનિધિઓ ભાગ લે તેવી અપેક્ષા છે. જાણીતા ભારતીય લેખક શ્રી ખુશવન્તસિંગને તેમાં આમન્ત્રણ મળ્યું છે.

એડિન્બરગ મહોત્સવના ઇતિહાસમાં સાહિત્યને સ્વતન્ત્ર કલા તરીકે પ્રથમ જ વાર અગ્રસ્થાન આપવામાં આવશે. તેમાં સમકાલીન નવલકથા વિષે સંવિવાદ તથા ચર્ચા થશે. ચર્ચાના વિષયોમાં નવલકથાનો રાજકીય કે ધાર્મિક વિચારોના વાહન તરીકે ઉપયોગ, બ્રિટન તેમજ યુરોપના બીજા દેશોના નવલકથાકારોના વલણમાં તફાવત, વાંધાભરી બાબતો માટે અગાઉથી તપાસ અને શૈલીને લગતી પદ્ધતિઓ આદિનો સમાવેશ થશે. અન્ય આમંત્રિત નવલકથાકારોમાં ઇલિયા એહ્રેનબર્ગ (રશિયા), નૉર્મન મેઈલર તથા વિલિયમ ફૉકનેર (અમેરિકા), ઇવો અન્દ્રિક (યુગોસ્લાવિયા), આલ્બર્ટો મોરેવિયા (ઈટાલી), ફ્રાંસ્વા સાગાં, ઝિમોન દ બોવાર તથા ઝ્યાં પૉલ સાર્ત્ર (ફ્રાન્સ), અને ગ્રૅહામ ગ્રીન, કિંગ્ઝલી એમિસ, અર્લ રસેલ તથા સી. પી. સ્નો (બ્રિટન)નો સમાવેશ થાય છે. આમાં વિલિયમ ફૉકનેર, ઇવો આન્દ્રિક તથા અર્લ રસેલ નોબેલ પારિતોષિકના વિજેતાઓ છે.

અમેરિકી પ્રમુખ કેનેડીના ઉચ્ચાધિકારીઓમાંના ૧૬ 'ફી બેટા કપ્પા' નામની રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્વાનો, ચાર રહોડ્ઝ સ્કૉલરો, એક નોબેલ પારિતોષિક વિજેતા, તથા (પ્રમુખ કેનેડી સહિત) ત્રણ પુલિટ્ઝર પારિતોષિક-વિજેતા છે અને ઓછામાં એ છું એક પુસ્તક લખનાર ૨૦ વ્યક્તિઓ છે. સામયિકોમાં અવારનવાર લેખો લખનાર ઉચ્ચાધિકારીઓની સંખ્યા તો અગણિત છે.

એક વાર 'જિગર' મુરાદાબાદીના માનમાં યોજાએલા મુશાયરામાં કેટલાક જાણીતા શાયરોનાં કાવ્યો નિર્માલ્ય નીકળ્યાં અને કેટલા નવોદિત કવિઓના શેર ઉમદા નીકળી આવ્યા, એ પર જિગરે કહ્યું: 'જ્યારે કુદરત તરફથી કોઈ શાયરને સઝા કરવામાં આવે છે ત્યારે તેના પર ખરાબ શેર નાઝિલ થાય છે; અને કોઈ સારી પંક્તિને સઝા કરવા માટે તે કોઈ બેકાર શાયર પર નાઝિલ કરી દે છે.'

(રજૂઆત: હારૂન જમાલ)

પ્રકીર્ણ

માણસાઇનાં મોતી જેવાં, જીવનમાં અપનાવવા યોગ્ય ૧૫૨ વ્યવહારુ સૂચનો. લેખક: ગોપીજનવલ્લભ શાસ્ત્રી, પ્રકાશક: સદ્ધર્મ જિજ્ઞાસુ મંડળ, 'સમર્પણ', જગાભાઇ પાર્ક, કાંકરિયા, અમદાવાદ-૧. વિનામૂલ્ય.

કાળુભારને કાંઠે પાંચાલની ભૂમિ પર આકાર લેતી એક નવા જ લેખક મનસુખલાલ ઝવેરીની નવલકથા, પ્રકાશક: સ્વાતિ પ્રકાશન, ૨૨૬ સૅમ્યુઅલ સ્ટ્રીટ, મુંબાઈ ૩. કિં. ૪-૫૦.

જ્વાલામુખી ભારત-સ્વાતંત્ર્યની લડતની પશ્ચાદ્ભૂમિ પર મંડાએલી એક પ્રેરક નવલકથા. મૂળ લેખક: અનંત ગોપાલ શેવડે; અનુવાદક: નટવરલાલ જાની. પ્રકાશક: પબ્લિકેશન્સ ડિવિઝન, મિનિસ્ટ્રી ઑવ ઇન્ફર્મેશન ઍન્ડ બ્રૉડકાસ્ટિંગ, ભારત સરકાર. કિં.૨-૫૦.

કંકાવટી

'જૅકી'

અમેરિકાના સંયુક્ત રાજ્યોનું મુખ્ય પ્રતીક



વ્હાઇટહાઉસ–રાજ્ય પ્રમુખનું સત્તાવાર નિવાસસ્થાન. એની ગૃહરાજ્ઞીનું સ્થાન અમેરિકન સ્ત્રીઓમાં સૌથી મોખરે 'ધ ફર્સ્ટ લેડી'નું રાજપ્રમુખ પછી એ જે કંઇ બોલે જે કંઇ પહેરે–ઓઢે કે જે કંઇ રસ દાખવે એમાં અમેરિકાના ગૌરવનું તોલન થાય. વ્હાઈટ હાઉસના કાલના રૂપમાં ગૃહરાજ્ઞી, જૅકવેલીન હમણાં ભારતની મુલાકાતે આવી ગયાં.

અમેરિકાની ક્રાંતિમાં લડવા આવેલા ફ્રેંચ પૂર્વજોના વંશજ ને ન્યૂયૉર્કમાં જાણીતા શેર દલાલ જ્હોન બોવીએર (ત્રીજા)નાં એ પુત્રી છે. 'જૅકી' એ એમનું લાડલું નામ. સુંદરતા, તીવ્ર બુદ્ધિમતા અને સાંસ્કૃતિક વિષયોમાં ઊંડો રસ તથા સમજ ધરાવતા 'જૅકી'એ ફ્રાંસમાં શિક્ષણ લીધું હોઈ એમના કલદૃષ્ટિ ખીલી અને વિકસી છે. પત્રકારત્વની ઉપાધિ પણ મેળવી છે. નવી ફેશનની ડિઝાઇનો માટે ઈનામ મેળવ્યાં છે. ઘોડેસવારી તો છેક બચપણથી કરી શકે છે. અને શાળાજીવનમાં 'સૌન્દર્યરાજ્ઞી' પણ બનેલાં.

એમની અતિ તીવ્ર યાદશક્તિ અને ફ્રેંચ, ઇટાલિયન તથા સ્પેનિશ ભાષાના એમના જ્ઞાનને કારણે પતિના રાજકાર્યમાં પણ ઘણાં સહાયભૂત થાય છે.

એમની કલા-સૌંદર્યની ઊંડી સમજ વડે એમણે રાજભવનને એના અસલ કાળ ૧૮-૧૯મી સદીની સજાવટથી ગોઠવ્યું છે. એ માટે ભવનના ભંડારમાં વર્ષોથી બાતલ જેવી પડી રહેલી કલાકણિકાઓને એમણે ખોળી ખોળીને બહાર આણી છે. રાજપ્રમુખનાં પત્ની તરીકેની જાહેર પ્રવૃત્તિઓ અદા કરવા ઉપરાંત, ઘણો સમય ફાજલ પાડી લે છે અને નવરાશનો વખત અંગત રસના વિષયોમાં. પ્રેસિડન્ટ કૅનેડી સાથેની એમની છેલ્લી યુરોપયાત્રા વખતે ફ્રાંસના પ્રમુખ દ'ગોલે એમને માટે યોગ્ય કહેલું કે, 'આટલા લાવણ્ય સાથે આટલું ડહાપણ મેં કદી જોયું નથી.'

તમને કોઇ આવી ટેવ ખરી કે?

- સળગતા ચૂલા કે પ્રાઇમસ પાસે જ ઊભા થઈ ઉપર લટકતી કે મૂકેલી ચીજ વસ્તુ લેવી મૂકવી—
- પ્રાયમસ સળગતો અટકી જાય ત્યારે તેની છેક નજીક સુધી માથું ઘાલી પિન મારીને તેને ફરી પેટાવવો—
- ચૂલેથી તાજી જ ઉતારેલી તવી કે લોઢીને હાલવા ચાલવાના માર્ગમાં મૂકવી—
- ચૂલે ચડાવેલા તપેલાને ટેકવવા કોલસાનું ટેકણ મૂકવું—
- ચૂલે તેલ કકડતું હોય ત્યારે જ અડખે-પડખે પાણીની લે-મૂક કરવી—
- ઢીલી પડી ગએલી સાણસીને સમરાવ્યા વિના જ વાપર્યા કરવી—
- રસોઇ વખતે નાના બાળકને પણ પાસે જ બેસાડીને કે સુવરાવીને રમાડવું—

—આવી ટેવ જો તમને હોય તો તમારે ઘરમાં ગમે ત્યારે ગંભીર અકસ્માત થવાની તૈયારી પણ રાખવી પડશે. એ કરતાં ટેવ જ સુધારવી એ વધુ સારું નહિ?

ફુદીનાની ટકાઉ ચટણી

પાશેર જેટલા ફુદીનાનાં પાન લઈ, સારી પેઠે ધોઈ કપડામાં કોરા કરી નાખીને થોડી વાર હવામાં રહેવાં દેવાં. પછી એને પીસી નાખી એના પર થોડો સરકો છાંટવો. બેએક મોટી ડુંગળી ને ત્રણ ચાર લીલાં મરચાંને પણ સારી પેઠે પીસી તેમાં જરૂર પ્રમાણે મીઠું ને ભાવે તો થોડી ખાંડ પણ ઉમેરીને બધું એકઠું કરી તેમાં થોડું તેલ રેડી, બાટલીમાં ભરીને બેએક દિવસ તડકો આપી ઉપયોગમાં લો.

અભિનવ સંભાર

મમતાનું મરચું, મક્કમતાની મેથી, મીઠાશનું મીઠું; રમૂજની રાઇ, હિંમતની હિંગ અને હૈયાની હળદર, સપ્રમાણ ભેગી કરી, તપરૂપી તેલથી વઘારી બનાવેલો આ સંભાર તમારા ભાવનાના ભોજનને વધુ સ્વાદિષ્ઠ બનાવશે.

મહેન્દ્ર પી. ઠક્કર

પાચક હોવા ઉપરાંત આ ચટણી સ્વાદમાં પણ બહુ મજાની લાગે છે ને લાંબા વખત સુધી બગડતી નથી.

આજ રીતે કોથમીરની ચટણી પણ બને.

જૂનો ચવડ થઈ ગએલો બ્રૂચ પાંચેક મિનિટ તેલમાં પલાળી રાખવાથી ફૂલીને ટાઈટ તથા દેખાવમાં સુંદર બની જશે.

સુંદરતાનો કીમિયો

ઉનાળો શરૂ થયો છે ત્યારે તાઝગી લાવવા રૂમાલમાં બરફનો ગાંગડો વીંટીને ચહેરા પર ઘસી જોજો. લીંબુ, કાકડી, નારંગી વગેરે પણ એવો જ ફાયદો કરે છે. ઉપરાંત ચણાનો લોટ, બદામનું તેલ, હળદર ને ઘસેલું ચંદન મિલાવીને કરેલો લેપ પણ ચહેરાની ચામડી માટે ઘણો ફાયદાકારક છે. રોજ તાજો બનાવીને જ વાપરવો. આ લેપથી કંઇક અંશે ચહેરા પરની ખોટી રુવાંટી પણ ઘટશે. વાન સુધારવા માટે છાશ પણ ઉત્તમ છે. પણ સુંદરતાનું ખરું રહસ્ય તો શારીરિક ને માનસિક તંદુરસ્તીમાં જ છે.

ઍપ્લિક અને પૅચવર્ક : ભરતના બે પ્રકારો



આપણા જૂના ચંદરવા અને ચાકળા તો જોયા હશે. આજની ભાષામાં એવા પ્રકારનું કામ 'ઍપ્લિક અને પૅચવર્ક'ને નામે ઓળખાય છે. એનો સહેજ બુદ્ધિયુક્ત અને કલામય ઉપયોગ કરવાથી ખુરશી સોફાની ગાદીઓ, ટેબલનાં મોટાં આચ્છાદનો, ચાદરો, પડદા, કપડાના ઘેર કે બત્તીના શેડ વગેરે અનેક પ્રકારની સુંદર ચીજો ઉપજાવી શકાય. ઘેર સીવણ કરતી બહેનોને તો કપડાં વેતરતાં વધેલા કાપડના એવા વિવિધરંગી ટુકડા સુલભ હોય. આ ટુકડા ચોડતી કે સાંધતી વખતે વળી સાદા ટાંકાને બદલે ભરતના જુદા-જુદા ટાંકાને રંગીન દોરાનો ઉપયોગ કર્યો હોય તો વધુ દીપે. અહીં આ સાથે એક તકિયો બતાવ્યો છે. ઘેટાનાં બચ્ચાં ને ફૂલ-પાનનું ઍપ્લિક તેના પર બતાવ્યું છે. અને છેલ્લે ક્યાય નહિ તો બાળકોનાં કપડાંને થીગડું મારતી વખતે એ થીગડાનો આકાર બાળકોને ગમતી કોઇ ચીજવસ્તુ કે પ્રાણી જેવો રાખશો તો બાળકને તે પહેરતાં સંકોચ નહિ થાય.





આર. કૃષ્ણન્ — સલીમ દુરાની — હવાલદાર ઉદયચંદ — એ. પાલનીસામી — નંદુ નાટેકર — જયંત વોરા

અર્જુન પદકો

વર્ષ દરમ્યાન રમતગમતોમાં નોંધપાત્ર
ફાળો આપવા માટે ભારત સરકારે નીચેના
૨૦ ખેલાડીઓને ૧૯૬૧ના 'અર્જુન પદકો' એનાયત કર્યા છે.
એ. એન. ઘોષ (વેઇટ લિફ્ટિંગ): રાષ્ટ્રના મિડલ વેઈટ ચૅમ્પિ-
યન. પોતાના કુલ પાઉન્ડેજમાં પંદર પાઉન્ડ ઉમેરી શકનાર તેઓ
એકલા જ છે. **કુ. ઍની લુમ્સડેન** (સ્ત્રીઓની હૅાકી): પશ્ચિમ બંગાળ
હૅાકી એસોસીએશન તરફથી રમતાં ૧૯ વર્ષનાં કુ. ઍનીએ સિલોન
ગએલી ભારતની સ્ત્રીઓની હૅાકી ટીમમાં સેન્ટર હાફ તરીકે સરસ
કામગીરી બતાવેલી. **જમાદાર બજરંગપ્રસાદ** (સ્વિમિંગ): તર-
વાની રાષ્ટ્રીય હરીફાઇમાં ૧૯૫૪માં ત્રીજા, '૫૫માં બીજા અને '૫૬માં
પ્રથમ આવ્યા પછી તરવામાં રાષ્ટ્રીય ચેમ્પીઅન જ રહ્યા છે. **ગુર-
બચનસિંગ** (ઍથલેટિક્સ): સેન્ટ્રલ અનામત પોલીસ તરફથી રમે
છે. ડેકેથલોનની સ્પર્ધામાં જીતીને ગયા રાષ્ટ્રીય રમતોત્સવમાં નવા
વિક્રમો સ્થાપેલા. પશ્ચિમ જર્મની ગએલી હિન્દી ટીમમાં પણ તે હતા.
મહારાજા શ્રી કરણસિંગજી (રાઇફલ શૂટિંગ): કલે પીજિયન, ટ્રેપ
અને સ્કિટ શૂટિંગમાં તેમજ દોડતા હરણ અને બિગ બોર નિશાન-
બાજીમાં પ્રાવીણ્ય. મૉસ્કોની વિશ્વ શૂટિંગ સ્પર્ધામાં સરસ કામગીરી
બજાવેલી. **કૅપ્ટન કે. એસ. જૈન** (સ્ક્વૉશ): નૅશનલ ડિફેન્સ
ઍકેડેમીના કેડેટ. ભારતમાં રમાએલી તમામ માન્ય સ્ક્વૉશ ટૂર્નામેન્ટના
વિજયી. **એલ. 'બડી' ડીસોઝા** (બૉક્સિંગ): ચાર વર્ષથી રાષ્ટ્રીય
ચૅમ્પીઅન. ગઇ રાષ્ટ્રીય સ્પર્ધામાં સૌથી વધુ 'સાયન્ટિફિક' બૉક્સર
ગણાએલા. **પ્રદીપકુમાર બૅનરજી** (ફૂટબૉલ): રોમ ઑલિમ્પિકમાં
ભારતીય ફૂટબૉલ ટીમના સુકાની. આ વર્ષ ('૬૧)ની રાષ્ટ્રીય ચૅમ્પી-
અન ટીમના સરદાર. ઝડપી અને ચતુર 'આઉટ સાઇડ-રાઇટ' તરીકે
વિખ્યાત છે. **પૃથીપાલસિંગ** (હૅાકી): રોમ ઑલિમ્પિકમાં ગએલી
હિન્દી ટુકડીના આગળપડતા 'ફુલબૅક'. સંરક્ષણમાં સંગીન. અમદાવાદ-
ની આંતરરાષ્ટ્રીય હૅાકી ટૂર્નામેન્ટમાં સુંદર કામગીરી બતાવેલી. **આર.
કૃષ્ણન્** (લૉન ટેનિસ): દુનિયાના ઘણા અગ્રગી ખેલાડીઓને હરાવ-
નાર ભારતીય લૉન ટેનિસના બહુ આગળપડતા ને અનિવાર્ય ખેલાડી.
સરબજિતસિંગ (બાસ્કેટ બૉલ): ૧૯૫૬થી ભારતીય સેનાઓ
તરફે રમે છે. '૫૮-'૫૯માં તે પ્રથમ ક્રમમાં રહેલા. '૬૧માં લાહોરની
પ્રથમ આંતરરાષ્ટ્રીય ચતુરંગી ટૂર્નામેન્ટમાં ભારતના પ્રતિનિધિ હતા.
શામલાલ (જિમ્નાસ્ટિક્સ): નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑાવ સ્પોર્ટ્સના
તાલિમબાજ. મેલબોર્ન ઑલિમ્પિકમા મૉસ્કોના વિશ્વ યુવક-ઉત્સવમાં,
'૫૯માં મૉસ્કોની આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી વ્યાયામ સ્પર્ધામાં અને
'૬૧ની ભારત-રશિયા સ્પર્ધામાં ભારતના પ્રતિનિધિ. **સલીમ દુરાની**
(ક્રિકેટ): હાલ વેસ્ટ ઈન્ડીઝ ગએલી ભારતીય ટીમના સભ્ય. એમ.
સી. સી.ના ભારત પ્રવાસ વખતે એમણે અદ્દભુત ગોલંદાજી કરી બતા-
વેલી. **હવાલદાર ઉદયચંદ** (રૅસલિંગ-કુસ્તી): ૧૯૫૮ના ફેધર વેઈટ
ચૅમ્પીઅન. અગાઉ વેલ્ટર વેઇટ ક્લાસમાં 'રનર અપ' હતા, હવે ત્રણ
વર્ષથી ચૅમ્પીઅન છે. **એ. પાલની સામી** (વૉલીબૉલ): રેલવે તરફથી
રમે છે. ૧૯૫૯માં ભારતના પહેલા નંબરના વૉલીબૉલ ખેલાડી. **મેન્યુ-
અલ આરોન** (ચેસ-શતરંજ): ઉમર ૨૭ વર્ષ. '૫૯ અને '૬૧ની
રાષ્ટ્રીય સ્પર્ધાના વિજેતા. પશ્ચિમ એશિયા ઝોનલના પણ ચમ્પીઅન.
જયંત વોરા (ટેબલ ટેનિસ): તેર વર્ષની વયે વિશ્વ ચૅમ્પીઅનશિપ-
માં રમેલા. ગયે વર્ષે રાષ્ટ્રીય ચૅમ્પીઅન બન્યા. આ ઉપરાંત, **નંદુ
એમ. નાટેકર**ને બૅડમિન્ટન માટે અને **કૅપ્ટન પી. જી. સેઠી**ને
ગોલ્ફની રમત માટે અર્જુન પદક એનાયત થયા છે.

નાટકોમાં અનીતિનિરૂપણ?

ચન્દ્રવદન મહેતા



'યુલાઇસિસ'માં 'બ્લૂમ'નું પાત્ર કરતો ઝીરો મોસ્તેલ ગોળમટોળ લાડવા-શાહી કાયા અને માવા-મદીલા જેવા ભર્યા માંસના મોં વડે કોઈ કારમી અદાથી સૌનાં દિલ જીતી લે છે

બીજી વાર હૅરૉલ્ડ હૉબસન મળ્યા ત્યારે એણે લંડનનાં નાટકોનો સારો નિચોડ આપ્યો. 'લંડનમાં લોકો નટ-નટીઓનો અભિનય જોવા જ જાય છે, નાટક નહિ' એ સૂત્રને એમણે પડકાર્યું. અલબત્ત, ફ્રેન્ચ લેખકો નાટકો લખવામાં પાવરધા છે, સાર્ત્ર, અનુઇ, ગિરોદો, આરમદ અને પરદેશથી આવી પારી(સ)માં પોતાનું ઘર કરી રહેનાર આઇનેસ્કો નવીનવી જાતનાં નાટકો લખ્યે જાય છે, પરંતુ હવે ઇંગ્લંડના જુવાનિયાઓએ પણ કલમની અણી પાછી તીણી કરવા માંડી છે. ચપ્પુ તો પાસે પડયું હતું, પણ વિષય નહોતા મળતા, એટલે અળસાતા હશે. કોણ જાણે! જે પાંચ-સાત ભજવાતાં નાટકોનાં એમણે નામ દીધાં એમાં કામદાર વર્ગનાં પાત્રો ભરચક ઊભરાતાં જણાવ્યાં એ એક વાત; અને બીજી એ કે નાટકોના વસ્તુ માટે હવે ફલક વિસ્તારવામાં આવ્યો છે. જેમ શ્યામ સ્વામીનાથન લંડનની રંગભૂમિ ઉપર અંગ્રેજો સાથે હળીમળીને એકરસ થઈ નાટક મંડળીમાં પાઠ કરે છે એમ 'ટેસ્ટ ફૉર હની' તેમજ બીજાં નાટકોમાં આફ્રિકન, એશિયન, દક્ષિણ અમેરિકાના કાળા કે ઘઉંવર્ણા નટો પણ હવે પાઠ લેતા થઈ ગયા છે એ એક સૂચક હકીકત છે. અમે એક 'ફાઈવ ફિન્ગર એકસરસાઇઝ' નામનું નાટક કૉમેડી થીએટરમાં જોએલું. લેખક પીટર શૅફર; રજૂઆત જૉન ગિલગુડની. ગિલગુડ તો અચ્છો નટ પણ છે, પણ એથી યે મોટો તો એ પ્રોડયુસર. કથીરને અડે તો એ કંચન થઇ જાય એવો એ કીમિયાગર. પાંચ જ પાત્રો હતાં એમાં. મા બાપ, દીકરો ને દીકરી, એમ ચારના કુટુંબમાં એક જર્મન છોકરો આવીને રહે છે, અને પછી બે વિવિધ અને વિરુદ્ધ પ્રજાઓનો સમન્વય સાધવાનો પ્રયત્ન એમાં છે. દોઢ બે વર્ષ નાટક ચાલ્યું.

એવો જ એક બીજા જુવાન લેખક બ્રેડન બેહાનનો પ્રયાસ તે 'હૉસ્ટેજ'. છત્રીસ વર્ષનો આયર્લૅન્ડનો આ નવો લેખક ક્રાન્તિકાર ગણાય છે. આયર્લૅન્ડના મુક્તિજંગમાં એના બાપદાદા જેલમાં ગએલા; પોતે પણ; ને માનવ તથા પ્રાણી માટેના સમભાવમાં માનનારો. કાયદો મૂકો ટાલ્યે, માણસાઇમાં શ્રદ્ધા રાખો, એમ આ નવો નાટકકાર કહે છે.

આ 'હૉસ્ટેજ' નાટકમાં આઈલીન કેનાલી સચોટ સ્વસ્થ અભિનય કરી વાહવાહ પોકરાવે છે. એ પણ આયર્લૅન્ડની. એના બાપને ત્યાં આઝાદીની લડતમાં ભૂગર્ભમાં રાજકારણનું કામ કરવા માટે ફાંસી મળેલી,—અને અંગ્રેજોએ ફાંસી આપી તે પણ ઘરને આંગણે જ; કયા ઊંચકીને વળી મેદાનમાં લઈ જવાની પંચાત! મૉસ્કોમાં લેડી મૅકબેથના પાઠમાં એ પ્રખ્યાત થઈ, હવે લંડનમાં ખ્યાતિ મેળવી રહી છે.

'ટેસ્ટ ફૉર હની' તો ૧૯ વર્ષની લૅંકેશાયરની પોટ્ટી શીલા ડીલાનીએ લખ્યું. હવે તો લંડનના વેસ્ટ-એન્ડમાં ઊંચકાઈ છેક અમેરિકામાં બ્રોડવે સુધી એ પહોંચ્યું છે. કારણ? કારણ, આપણે થોડાં નાટકો જોઇને એકલાનાં ચણતર-ઘડતર તપાસતી વેળાએ જોઇશું. ઘણાં નાટકો જોયાં; રૉયલ ઓપેરા હાઉસમાં જ રૉયલ બાલે જોયાં. એક દિવસ 'સ્લીપિંગ બ્યૂટી', બીજે દિવસે 'લેડી ઍન્ડ ધ ફૂલ'. પહેલાનો પચાસમી વારનો પ્રયોગ તો બીજાનો દોઢસોમી વારનો પ્રયોગ! એકમાં વળી ગીઝલની જાણીતી નૃત્યનાટિકા જોઇ: બધું જ નૃત્યમાં—સંગીતના તાલે, સ્પષ્ટ અભિનયમાં. આપણે ત્યાં હજી બાલે ડાન્સિંગની સાચી કેળવણી પણ શરૂ થઈ નથી; નહિ થાય, નહિ જ થાય. ભારતને અનુરૂપ, ભારતીય સંસ્કૃતિને પોષક, જૂની ક્લાસિકલ ઢબે મંદિર-નૃત્યો યા ભારતની પ્રણાલિકા અનુસાર કથાનૃત્યો થાય, એનું શિક્ષણ અપાય, એનો વિકાસ થાય, એનો મને જરા યે વાંધો નથી; પણ એક ખૂણામાં ચાર ડાચાં બે-ત્રણ માઇક્રોફોનનાં ડોબરાં લઈ બેસે, અને બાજુમાં ઢોલ-ધમાસા અફાળી એની સાથે ગીત ગાય, અને તખ્તા ઉપર દીવાબત્તીની સમજણ વિના, વેશભૂષાના ઢંગધડા વિના, ગમે તે શૈલીમાં નાચનખરાં થાય એને 'બાલે' યા 'ગીત બાલે' યા 'બાલે નૃત્ય' યા 'ગીત-નાટિકા' યા 'નૃત્ય-નાટિકા' એમ ફાવે તે નામે ઠોકી બેસાડી આપણી તેમજ બાલે ડાન્સિંગની જેઓ મજાક ઉડાવે, અને એને કોઈ સંસ્કારકેન્દ્રના સંચાલકો અટકાવે નહિ, (કદીક તો વળી ઉત્તેજન આપે છે) ત્યાં આટલો બખાળો કાઢવાનું મન ન થાય?

ડીલૅન ટૉમસનું 'અન્ડર મિલ્કવૂડ' ને બેનેવેન્ટોનું 'સૅટરડે નાઇટ' ઉપરાંત બે-ત્રણ ઇબસનનાં ને ચૅકોવનું 'સી ગલ' પણ જોયાં. જોએલાં બધાં જ નાટકોની યાદી આપવાનો કશો અર્થ નથી. પરંતુ નવી ઢબનાં, યા નવી રજૂઆતવાળાં નાટકો વિષે ઈશારો કર્યા કરીશું. આપણે ત્યાં નાટક છે કે નહિ એ ખૂબ ચર્ચાતો વિષય છે; નથી નથી એમ કહેનારાં ઘણાં છે; છે તે પરદેશી માલના સોદા છે; કયાંક, જેમ કોકા-કોલાનો એસેન્સ અમેરિકાથી આવે, બાટલા અહીં બને અને એમાં પ્રવાહી ભરાય, યા ફ્રીજીડેરના કે મોટરના કે ગ્લૅક્સોના કે વૉટરબરી કૉમ્પાઉન્ડના અંદરના સંચા-મસાલા પરદેશથી આવે, ને અહીં દેશી કહેવડાવવા એ ઉપર આપણી બાથાવટી સંધાય, વાઘા પહેરાવવામાં આવે, એમ ઘણું તકલાદી, નકલી દેશી આપણે હોંસેહોંસે વાપરીએ છીએ, તો બિચારાં નાટકે શો ગુનો કર્યો કે એના કેક પુડિંગનો માવો ત્યાંથી આવે, અને અહીં ઘારી-કચોરીના આપણાં બખ્તર ચડે એમાં કોઇ વાંધો લેવા નીકળે છે? છે, આપણે ત્યાં ઢગલાબંધ નાટકનાં વસ્તુ છે; પણ એની સાચી–સુતરી રજૂઆતની સમજદારી નથી. આપણે આપણી પોતાની વસ્તુની પણ ઘટિત રજૂઆત કરી શકતા નથી એટલે હવાતિયાં માર્યા કરીએ એમાં શી નવાઈ? પણ રજૂઆતના પ્રશ્ન ઉપર તો હું મોટી ચર્ચા કરવા માંગું છું; હૉલૅન્ડ જઈને એ કરીશું, કારણ ત્યાં અલી અકબરખાં સાહેબ અને શાકુન્તલ બંનેની જે રજૂઆત થઈ એ વિષે મારે ઠીકઠીક કહેવું પ્રાપ્ત થશે.

લેડી વિવિયન લે—અનુપમ સૌંદર્યવાળી; પણ એથી યે ભારે તો

એનો છટપટાટ. ભારતની એ નટી, સેંકડો નાટકો અને ફિલ્મોમાં ભાગ લેનારી, ફ્રાન્સમાં માદમ્વાઝેલ આંત્વ પાસે કૉમેડી ફ્રાંસ્વા, ને લંડનનાં રૉયલ ઍકૅડેમીમાં અભિનયકલા શીખેલી એવી, એને એક જૂના નાટકના નવા રૂપાંતરમાં ગજબનો અભિનય કરતાં જોઇ. દાર્જીલિંગમાં એનો જન્મ એ જાણ્યા પછી તો એની આંખમાં મુક્ત પડાડી હાસ્ય તરવરતું દેખાયા વિના નહિ રહે. નોએલ કૉવાર્ડ જેવા પ્રખ્યાત નાટકકારે ફ્રાન્સમાં નજર દોડાવી એક જૂનું ફાર્સ પકડી એને 'લુક આફ્ટર લુલુ'નું નામ આપ્યું, અને એમાં વીવિયનને મસ્તીતોફાન તરકટ તરખાટ કરવાનું વિશાળ ક્ષેત્ર મળી ગયું. ઈંગ્લંડે પોતાનાં નાટકો માટે—ખાસ કરીને ફારસો માટે તો બહોળા પ્રમાણમાં ફ્રાન્સમાંથી પાકો મસાલો ઉઠાવ્યો છે. મસાલો એટલે? બજારમાં મળતું કેવળ તૈયાર ખીરું નહિ, પણ રતાળુનાં કાપેલાં પતીકાં. એને ખીરામાં બોળી ઘર આંગણે સડસડતા તેલમાં તળવા જ મૂકી દેવાનાં. મોલિયેર તો ચૂંથાઈ-પીંખાઇ, ખવાઈ ઘસાઈ, લસોટાઈ ગએલો લેખક; પણ ફ્રાન્સમાં કેટલાકને મતે મોલિયેરને પણ ટપી જાય એવો છતાં પ્રસિદ્ધિને નહિ પામેલો એવો એક લેખક તે જ્યૉર્જ ફિડયુવ. ફારસ નાટકની બિનમૂન, સમતોલ અને સુરેખ બાંધણીનો કારીગર તો ફિડયુવ જ. નાટક જોયા પછી અને એનું નામ સાંભળ્યા બાદ પારી(સ) પહોચતાં ફિડયુવ વિષે જેટલું જાણવા મળે એટલું જાણવા પ્રયાસ કર્યો, તો મને પણ લાગે છે કે ફારસ-રસનો બાદશાહ તો ફિડયુવ જ—રાજા ભલે મોલિયેર. હમણાંહમણાં એવાં ત્રણ ચાર નાટકો વાચ્યાં. ગજબની રચના. મોફાડ હસાવે. અને વળી ક્યાં ય અજુગતી ગૂંથણી નહિ કે મોં બગાડવાનું બહાનું નહિ.

આ નાટક 'લુક આફ્ટર લુલુ'માં એણે લગ્નની જે ઠેકડી ઉડાવી છે એ તો જોવા જેવી જ છે. ઇંગ્લંડમાં પ્રોડ્યુસરો ભારેના પડ્યા છે,- એવા કે અમુક પ્રકારનાં અને અમુક આકારનાં નાટકોમાં (જેમ ખાસ સ્પેશ્યાલિસ્ટો હોય એમ) નિષ્ણાત. આંખ-કાનના ડાક્ટરોમાં જેમ આંખના એક સાહેબ રેટિનલમાં હોશિયાર તો બીજા કોર્નીઅલ ગ્રાફ્ટમાં પાવરધા, એમ નાટકોની ન્યાતિમાં અમુક કોટિનાં નાટકોને તો અમુક બ્રાહ્મણો જ જનોઈ દઈ શકે! ટૉની રિચાર્ડસન એક એવો પ્રોડ્યુસર છે કે ફ્રેન્ચ ફારસોને ઉઠાવ આપવામાં જ એની ભારે ફુનેહ અને હોશિયારી. આ ફિડયુવના નાટકમાં વીવિયને પાઠ કર્યો ત્યારથી એને મિસ્ટ્રેસ ઑવ ધ કૉમેડી (ફારસની મહારાણી)નું બિરૂદ મળ્યું છે. ક્યાં 'ગૉન વિથ ધ વિન્ડ'માની વીવિયન અને ક્યાં આ લુલુ!

એક વાત તો જાણો છો ને? તાજેતરમાં લંડનમા કિંગ સ્ટ્રીટમાં આવેલું હજાર બેઠકવાળું સેંટ જેમ્સિસ થીએટર તોડી નાખવાનું ને ત્યાં કચેરીઓ બાંધવાનું સરકારે નક્કી કર્યું. પછી?-શું સમજો છો આ દાર્જીલિંગની ભૂમિમા ઉત્પન્ન થએલી નટીનો જોસ્સો? ફ્લીટ સ્ટ્રીટમાંથી વિરોધ કરવા જાહેર સરઘસ નીકળ્યું ત્યારે એણે એની સરદારી લીધી એ તો જાણે ઠીક, પણ પાર્લમેન્ટમાં એનો ખરડો પસાર થવાનો હતો તે દિવસે પબ્લિક ગૅલેરીમાં એ જઇને બેઠી ને રગશિયા ગાડા જેમ આસ્તે કદમ કામકાજ ચાલતું હતું ત્યાં અણીને વખતે ઊભી થઇને 'ઉમરાવજાદાઓ! જેમ્સિસ થીએટરને તોડી પાડવાની બાબતમાં હું સખ્ત વિરોધ નોંધાવું છું' એમ મક્કમ અવાજે ગૌરવથી બોલી, અરધા વાગોળતા ઉમરાવજાદાઓના સુસ્તી ઉડાડી દઇને નાટકશાળાઓ માટે બાંહેધરી લેનારી આ એક નટી ખડી છે, એનો જ્વલંત દાખલો બેસાડી દીધો. (આપણી પાર્લમેન્ટમાં પણ હવે તો નટો બેસે છે. નાટકશાળા તોડવાની તો વાત જ ક્યા?-હોય તો તોડે ને? પરંતુ બાંધવા માટે પણ ઝુંબેશ કરનારું કોઈ છે ખરું?) અલબત્ત, બોલ્યા પછી સભાગૃહના રખેવાળો કાયદા પ્રમાણે એને બહાર કાઢવા ગયા, કે તરત ગૌરવથી અદાભરી ચાલે બહાર નીકળી ગઈ. નાટકશાળા માટે પ્રજાનો ત્યાં આવો પ્રેમ. આપણે ત્યાં કોઈ 'લેડી', 'જે. પી.' કે 'પદ્મશ્રી' આવું કરે ખરી? અથવા હું જો લૉર્ડ કે ભારતભૂષણ હોઉં તો મારી વહુને આ પ્રમાણે કરવા દઉં ખરો? ચોટલો ઝાલીને ઘરની બહાર કાઢું નહિ?

બીજાં બે નાટકો માટે પણ જરા વિવેચનો કરી લઇએ. એક તો 'વિઝિટ,' અને બીજું 'યુલાઇસિસ ઈન ધ નાઈટ ટાઉન'. દર સાલ નવી જ ભાત પાડનારાં એકાદ બે નાટકો તો ત્યા રજૂ કરવામાં આવે જ છે.

'વિઝિટ' ફ્રેડરિક ડુરેનમૅટનું, અસલ જર્મનમાં લખેલું, ભારે ખતરનાક, વેરની વસૂલાતના સૂત્રને તાદૃશ કરનારું જીવંત નાટક છે. આપણે ત્યાં એવું નાટક લખાય પણ નહિ, અને ભજવી તો શકાય જ નહિ.

એનું આ વસ્તુ જરા ટૂંકમાં વિચારી લઇએ. શરૂઆત તો ઠીક છે, હસતાંરમતાં થાય છે; પણ તરત એક નારીનો કીનો, અને બીજી બાજુ ગામલોકનો એ કીનો પરચો જણાવા માંડે છે ને ઝેરવેરના જીવલેણ રંગો ઘેરાતા જાય છે. જુઓ વ ત: આ ગામમાં એ જન્મી હતી. વર્ષો પછી અબજોની દોલતવાળા આઠમા ધણીને પરણીને ધણી સ થે ગામમાં એ પાછી આવે છે. ગામને તંદુરસ્તીનાં સાધનોની જરૂર છે, શિક્ષણની સંસ્થાઓની જરૂર છે, હજાર વસ્તુની જરૂર છે; એ બધી આ બાઈ પૂરી પાડવા તૈયાર છે લાખ—નહિ કરોડ-જોઇએ તેટલા આપું; જુઓ આ ધનનો ઢગલો. શરત? શરતમાં ગામના મેયર સાહેબનું મુરદું મને આપો! જીવતા છે, એને મારી નાખે! હાય! હાય! આ શો જુલમ? જુલમ કે ખૂન, મારી આટલી જ માગણી છે. મારે ચર્ચા કરવામાં સમય બગાડવો નથી. હું અહીં મારે ઉતારે બેઠી છું. મોજ છે, જાઓ.

ગામલોક અકળવિકળ થાય છે, વાત ચકલે ચડે છે, એક ગપાટો સજીવન થાય છે, અફવા વિસ્તરવા માંડે છે, મેયર સાહેબનો સ્ટોર ચાલે છે ત્યાં ઘરાકી ઓછી થવા માંડે છે, લોક ત્યાં જતાં અચકાય છે, મેયરના મનનો કીડો જાગ્રત થઈ દિલ પર સવાર થાય છે, એ પેલી બાઈને મળવા ઇંતેજારી બતાવે છે, દૂર રમણીય વનરાજિમાં બંને એકાંતમાં મળે એમ નિર્ણય લેવાય છે. અહીં જ આ સ્થળમા જ, વર્ષો પહેલાં આ મેયર અને આ બાઇનો પ્રણયકિસ્સો શરૂ થ... હતો. બાઈને એનાથી ગર્ભ રહ્યો હતો, બાળક અવતર્યું હતું; પણ ભાઇએ એ વાતની જરા પણ જવાબદારી સ્વીકારી નહોતી. બાઈ રખડતી થઈ, સમાજમાં એની કિંમત ન રહી અને અનીતિને માર્ગે ઊતરી રોટલો કમાવાની એને ફરજ પડી. આ કારણ, અને એને દિલમાં ભયંકર વેરની આગ.

પછી પોતે સાત ધણી કર્યાં, છેલ્લે કોઈ કરોડપતિને ફોસલાવી એને પરણી, પોતાને ગામ પાછી આવી; ત્યાંની જાહેર સંસ્થાઓ ખરીદી, મેયરને ગરીબાઈમાં ઉતારી, ગામને ગરીબ બનાવી, ચોખ્ખુ કીધું કે મને તો ન્યાય જોઈએ છે: મેયરે મને રખડતી કરી; આ રહ્યો પૈસો; લ્યો અને ગામ સુધારો; મેયરનું મુરદું મને આપો. ધીમેધીમે ચર્ચા ચગડોળે ચડતાં પરિણામે ગામલોકે અદાલત માંડી; મેયર પર કેસ ચલાવ્યો; એને ગુનેગાર ઠરાવી ફાંસીને માંચડે ચડાવ્યો; એના મુરદાને બાઈ દફનાવવા લઈ ગઈ ને માંગી રકમનો ચેક આપી ચાલી ગઈ ત્યારે એને કાળજે ટાઢક વળી! 'દુનિયાએ મને વેશ્યા બનાવી, હું હવે દુનિયાનું કુટણખાનું બનાવીશ.' અથવા તો 'ગામલોકે મેયરને માર્યો કે એમણે પોતાના અંતરાત્માનું ખૂન કર્યું' એ કોયડો છે.

આવી કરપીણ આ કથા છે. નારી જો નાગિણી, દંશીલી, ડાકિણી શંખિણી થઈ શકતી હોય તો કેવી થાય તે વેરઝેરથી ખદબદતી આ નારીના પાત્રમા અત્યંત ઘેરા, સ્વસ્થ, ભયંકર રંગથી ચીતરવામાં આવ્યું

છે. આવા કામના કરનારા નર તો છે જ, પરંતુ આમાં નારીને કાળી ચીતરી, નરસમુદાયને એના ઓળામાં ક્યાં ઓછો કાળો ચીતર્યો છે?

આ 'મુલાકાત'નું નાટક યુરોપભરમાં ચાલ્યું. સ્વિટ્ઝર્લૅન્ડ ને જર્મનીમાં લંડન અને બ્રૉડવેમાં તો ઘણું જામ્યું. જગતભરનો જનસમુદાય બગડતો જાય છે, પાપાચાર વધતો જાય છે એ હકીકત સ્વીકારીએ તો આવા નાટકને પણ સ્થાન તો છે જ. કટાક્ષકાવ્યના એક પ્રખ્યાત સ્વિસ કવિનો આ પૌત્ર, ડ્યુરેન મૅટ, ગ્રીક અને શેક્સપીઅરનાં નાટકોનો રસિયો, જાહેર કરે છે કે 'હું કંઈ તદ્દન નિરાશાવાદી તો નથી જ. વક્રદૃષ્ટિ કે કટાક્ષ મારવાની મનમાં કડવાશ જ ભરી છે એમ ન માનવું. એક લેખક એક બીબા કે ચોકઠામાં કેવળ નરી નાગાઈ કે નઠોરતા ઠાંસીઠાંસીને ભરે એનો અર્થ એ પોતે એવો નઠોર કઠોર કે દયાદિલ વગરનો છે એમ તો ન જ ઘટાવાય.'

બીજું નાટક તે 'યુલાઇસિસ ઈન ધ નાઈટ ટાઉન.' લંડનમાં એ જ થીએટરોના અડ્ડામાં લીસ્ટર સ્ક્વેર પાસે નાનકડું આર્ટ થીએટર ચાલે છે: આશરે ૩૨૫ બેઠકોવાળું. (એન તો 'ઓલ્ડ વિક' નાટકશાળામાં પંદરસો, અને 'પેલેડિયમ'માં પચ્ચીસસો બેઠક, એટલે શું માઇક્રોફોન વાપરે? નહિ જ.) આ આર્ટ થીએટરમાં જરા ભારેખમ, જરા અઘરાં, નવા પ્રયોગ-પ્રયત્નવાળાં નાટકો રજૂ કરવામાં આવે છે. પહેલાં અહીં જામે તો પછી બીજે જમાવે. જેઇમ્સ જૉઈસની એ મૂળ નવલે (યુલાઇસિસ) જ વિવેચકો તેમજ વાંચકોને સળવળાવી દીધા હતા એ તો જાણીતી વાત છે. ઈ. સ. ૧૮૮૨માં જન્મી ૧૯૪૧માં એ જૉઈસ ગુજર્યો. એની નવલકથાની શૈલી એવી કે ભલભલા વાચકો તો એની સમજણ પામતાં મૂંઝાયા. પણ નીતિમરજાદના ઈજારદારો વચકાયા. ઈ. ૧૯૩૩માં એ નવલકથા કોર્ટે ચડી, અમેરિકામાં એ છપાય કે કેમ એ વાતનો દાવો મંડાયો અને જજ વૂલ્સીએ નવલકથાની તરફેણમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો. નાટ્યસૃષ્ટિના ક્ષેત્રમાં શિક્ષણની દૃષ્ટિએ અમૂલ્ય પુસ્તકોના લેખક, જાણીતા વિવેચક, બૅરેટ ક્લાર્કે રંગભૂમિ ઉપર અશ્લીલ કોને કહેવાય એ મુદ્દા ઉપર 'બ્લશ ઑવ શેઈમ' (અનુવાદ? 'શરમનો શેરડો'?) નામનો લેખ લખ્યો. કોઈ ચોપાનિયું એ છાપે નહિ એટલે પોતે પ્રકાશનનો ખર્ચ વહોરી પ્રગટ કર્યો.

જેઇમ્સ જૉયસની નવલકથા પરથી ભજવાએલા આ નાટક વિષે આપણે જરા વધારે વિગતમાં ઊતરીશું. નવલકથામાંથી ઘણાં નાટકો રંગભૂમિ પર તો અવતરે છે, પણ તે પહેલાં કેટલી વિચારણા કરવી પડે છે એનો તાગ લેવા આ તપશ્ચર્યા જાણવા જેવી છે. વળી કોઠેકોઠે જુદી મતિ. કોઇને લાગે કે આ વસ્તુ પ્રેક્ષકો આવકારશે, કોઇને લાગે કે આ નહિ જામે; એમાં નાટક કરવાનું સાહસ કરવાનો પણ આ એક જ્વલંત દાખલો છે. નાટકની સૃષ્ટિમાં એવું છે કે કોઈ છાતી ઠોકીને એકસો ને એક ટકા નાટક ઊપડવા વિષે ખાતરી ન આપી શકે. 'બન જાય તો બન જાય' નહિ તો ઊડી પણ જાય. અલબત્ત, અભિનય જ પાંગળો અને લેભાગુ હોય ત્યાં તો સવાલ રહેતો જ નથી.

વળી આ નાટકે રંગભૂમિના ઇતિહાસમાં એક નવું પ્રકરણ પણ ઉમેર્યું છે. એક તો ન સમજાય એવી ભારેખમ નવલકથા; અને એમાં વારાંગનાનો જ નહિ પણ વેશ્યાનો વાડો; અશિષ્ટ-અજુગતા-અણગમતાનો સવાલ; અને બીજી બાજુ જૉયસ જેવાની 'ક્લાસિકલ' ગણાતી કૃતિ. કઈ વ્યક્તિને એ કથામાંનો, ડબ્લિન શહેરમાં જે ભૂમિકા મંડાઈ છે એ ભાગ રંગભૂમિ ઉપર ઉતારવાનો પહેલો ખયાલ આવ્યો? જુઓ તો ખરા, રંગભૂમિ પર પાત્રો ઊતરે તે પહેલાં નાટકબાજીમાં ગ કેવાં સોગટાં કામ કરે છે! મરે પણ છે! આ માટે આપણે ઑલિવર





ડાબી બાજુ: 'યુલાઇસિસ'નો લેખક જેઈમ્સ જૉઈસ; મથાળે એ નાટકનો ઘડવૈયો સેઈલર

માર્ટિન સેઇલર સાથે પરિચય સાધવો પડશે. રશિયન રંગભૂમિનો ૧૯૧૭-૧૮માં અભ્યાસ કરી, મૉસ્કો આર્ટ થીએટરમાં પ્રોડ્યુસર તરીકે ખ્યાતિ મેળવી, મૅક્સ રાઇનહાર્ટનો સહયોગી બની, રશિયન રંગભૂમિ ઉપર આશરે દસેક પુસ્તકો લખી, અમેરિકન રંગભૂમિ કબજે કરી, ત્યાં વિવિધ પ્રકારનાં નાટકોની રજૂઆત કરી, અમેરિકાની રંગભૂમિને લગતી વિવિધ સંસ્થાઓના સંચાલક પ્રમુખ બની, 'વિદ્વાન' અને 'નિષ્ણાત' તરીકેની કીર્તિ સંપાદન કરી, 'યુલાઇસિસ'નું નાટક રંગભૂમિ ઉપર આખરે ઊતરતું જોઈ, ૧૯૫૮માં સિત્તેર વર્ષ પૂરાં કરી જ્વલંત કારકિર્દી ભરેલી જીવનલીલા એણે આટોપી લીધી.

લંડનમાં અમે આ નાટક જોયું ૧૯૫૯માં; પણ ૧૯૩૩માં-પચ્ચીસ વર્ષ પહેલાં-સેઈલર અને માર્જોરી બાર્કનટિન મૉસ્કો આર્ટ થીએટરના ફેસ્ટિવલમાંથી પરવારીને પારી(સ) પહોંચેલાં ત્યાં એમણે આ નવલકથાની નકલ ખરીદી; ને આગબોટમાં અમેરિકા આવતાં દરિયામાં તૂતક ઉપર એ બે જણે એનાં પ્રકરણો વાંચ્યાં,—અને વાંચતાં એનું નાટક ભજવાય કે કેમ એના પાસા નાખ્યા. પણ એમ કંઈ તરત પોબાર ઓછા જ પડે છે? દસ વર્ષ સુધી પાસા ખખડાવવા પડ્યા ત્યારે તૂટી ચાર! એનો અખતરો કરવાનું ઠરાવ્યું અને 'લાઇટ રીડર' થીએટરમાં નક્કી થયું. પણ એ નક્કીની વાત ઊડી ગઈ, ને ભજવાયું જોન ફૉર્ડનું 'ઇટ ઈઝ એ પિટી શી ઇઝ એ વ્હોર'! દરમ્યાન રૉયલ્ટીની લખાપટ્ટી ચાલી અને ટ્રસ્ટીઓની રજાચિઠ્ઠી મળી. ૧૯૫૪ની સાલમાં સેઇલર, માર્જોરી અને સામ બર્ડ ત્રણેએ બેસીને એને નાટકનું સ્વરૂપ આપવા માંડ્યું. નોંધ, સ્કેચ, ટાંચણ, ફકરા, સંવાદ, જાતજાતના ટુકડાઓ ઘડી, એને સર્વાંગી બાંધણીમાં ગૂંથી, કોઇ એક પ્રકારનો ઘાટ આપવાનું ભગીરથ કામ હાથ ધર્યું. એ હકીકત જાહેર થતાં જ એક પ્રખ્યાત વિવેચકે લખ્યું, 'આ પ્રયોગની રજૂઆત થશે કે કેમ એ પ્રશ્નની સામે હું બસો ને નવ્વાણું નાની ચોકડીઓ મારું છું.'

જૉઈસના એક મિત્ર, જાતે કવિ એવા પૅડરાઈક કોલમે વહારે ધાવ હામ ભીડી. જૉયસ સોસાએટીના એ પ્રમુખ, એટલે એમનું જ્ઞાન ખૂ કામ લાગ્યું. અને ૧૯૫૪માં પાકો ઘાટ બેઠો. ત્યાં સામ બર્ડ મા પડ્યા, ઑસ્પિટલમાં ગયા ને લોહીના ક્ષયમાં અવસાન પામ્યા.

સોગટાંબાજીમાં એક સોગટી મરે તો બીજી જીવતી પણ થાય આપણે આગળ ઓળખી ગયા છીએ તે ફ્લૉરેન્સ ડર્વેન્ટે સહાય અ પવા મરજી દેખાડી. લખાણ છોલાયું, ચળકાવાયું, કપાયું, ઘટાવા —એમ એમાં જાતજાતના આડાઊભા રંદા ફર્યા. દરમ્યાન આ પ્રયોગ લાયક થોડું સંગીત યોજવા એના જાણકાર માટે શોધખોળ શરૂ કરવા આવી. જેઈમ્સ જૉઈસ સાથે પારી(સ)માં કામ કરનાર એના



'યુલાઇસિસ' નાટકનું એક દૃશ્ય : બ્લૂમ તરીકે ઝીરો મોસ્ટેલ; ઝો તરીકે બિલિયા

સાથીદાર જ્યૉર્જ ઍન્થિલને પુછાવ્યું. ત્યારે એ વળી સ્પેનમાં ઊતરતી એક ફિલ્મનું સંગીત ત્યાં યોજે. ૭ મહિના એણે આ પ્રયોગનું સંગીત યોજવામાં લીધા અને ૧૯૫૭ની સાલ બેઠી. પછી એક નવો નુસ્ખો અજમાવવામાં આવ્યો. ભજવવા માટે માર્જેરીએ જે આખર નાટક કર્યું હતું એની નકલો બનાવી, પ્રખ્યાત નટનટીઓને તથા પ્રોડ્યુસર-ડિરેક્ટરોને એકેકી નકલ મોકલી આપવામાં આવી અને ભજવણીમાં ભાગ લેવા માગણી કરવામાં આવી. એક વર્ષભર આ તલાશ ચાલી. એમાં સત્તર પ્રખ્યાત પ્રોડ્યુસરોએ ચોખ્ખી ના ભણી, તેર જણાએ તો લખાણ વાંચ્યું પણ નહિ, કેટલાકે સારું છે પણ જોખમ ખેડવાનું મારું કામ નહિ એવી દિલગીરી દર્શાવી. ટાઇરોન ગથ્રી જેવાએ ના પાડી. જોસ ફેરર તો કહે કે જૉઈસના એ લખાણમાં શું બળ્યું છે એ જ મારાથી તો સમજાતું નથી. ભાતભાતની વ્યક્તિઓની સમજણ-સલાહમાં હા–ના, ના ખાસ્સો માળો ખડકાયો. ૧૯૫૭ની આખરમાં પ્રખ્યાત પ્રોડ્યુસર અને એમનો દોસ્ત અરવિન શાપિરો એમની કુમકે દોડ્યો અને 'ક્રીએટિવ આર્ટ ફાઉન્ડેશન' તરફ આંગળી ચીંધી. અને એમને લાગ્યું કે હવે પાકા પાસા પડ્યા.

નાટકમાં 'બ્લૂમ'નો પાઠ સૌથી અઘરો. એ કોણ કરે એની ચિંતામાં સૌ પડ્યા. ભલભલાને પૂછ્યું, પણ કંઈ મેળ બેસે નહિ. દરમિયાન એમના સાથીદાર અને રાહબર આયર્લૅન્ડના કવિ કોલમની ધર્મપત્ની ગુજરી જતાં થોડો વખત એમાં નીકળી ગયો. ચારેકોર પાછી નિરાશા. એમાં એકાએક 'સૅટરડે રિવ્યુ ઑવ લિટરેચર'ના તંત્રીએ એમને સામું પૂછ્યું 'પેલા યુલાઇસિસ નાટકની યોજનાનું શું થયું?' 'અમને બ્લૂમ-જૉઇસે ચીતર્યો છે એવો બ્લૂમ નથી મળતો.' એણે પોતાની પિછાનમાં આવેલા એક ભાઈ ઝીરો મોસ્તેલની સૂચના કરી અને કહ્યું કે 'બ્લૂમને લાયક તો એ જ એક નટ છે, ચકાસી જુઓ' ડૂબતો માણસ તણખલાને વળગે એમ એને નાણી જોયો; બીજા નટો આવી ભળ્યા અને તૈયારી શરૂ થઈ; અને ૧૯૫૮ની અધવચમાં નાટક ભજવાયું. લંડનમાં આવકારાયું; ના કહેનારા ભલભલા વિવેચકો દાંતમાં આંગળાં પકડી ગયા; અને પછી તો અંગ્રેજીમાં જ એ નાટકે લંડન, રોમ, બર્લિન, પારી(સ)ના પ્રેક્ષકોને પોતપોતાની બેઠકમાં જકડાવી દીધા. ૧૯૩૩માં પહેલો વિચાર કરનાર અને પચ્ચીસ વર્ષ લગી એની રજૂઆત માટે અથાગ મહેનત કરનાર સેઈલર આજે હયાત નથી, પણ નાટકે રંગભૂમિ ઉપર નાખેલી જડ જરા પણ ઢીલી કરી નથી.

નાટક લખતાં કદાચ પચ્ચીસ વર્ષ ન થાય, પણ રજૂઆત માટે પચ્ચીસ વર્ષની સાધના ને અનેક વ્યક્તિઓની સમજણ કામે લાગે ત્યારે રજૂઆત ફળ્યા વિના રહે? ધન્ય છે 'યુલાસિસ ઈન ધ નાઇટ ટાઉન'ની આખી યોજના વિચારી અમલમાં મૂકનારા મહારથીઓને, લેખિકા માર્જોરી બાર્કનટિનને.

મેં વળી કયે દિવસે જેઈમ્સ જૉઈસનું એ અગડંબગડમ્યમ થોથું વાંચ્યું હતું જે! એક વાર નાટક જોઇને પણ સમજવું જરા અઘરું લાગ્યું. બ્રિટિશ કાઉન્સિલમાંથી સ્ટીવન ટૉમસે તો ફરી વાર એ જોવાનો આગ્રહ કર્યો, અને મેં જોયું. નાટકની ગૂંથણી ભારે કરામતવાળી લાગી. અત્યંત અટપટી વસ્તુને ખૂબીથી પાસાદાર બનાવી હતી. બીજી વાર જોયા પછી મેં બીજે જ દિવસે સવારે ટૉમસ સાહેબને ટેલિફોન કર્યો કે 'હવે તો ત્રીજી વાર જોવાનું મન થયું છે, બની શકે?'

'અહીં લંડનમાં તો નહિ જ, ઇંગ્લંડમાં પણ નહિ.' 'તો?'

પારી(સ) કે આમ્સ્ટર્ડામમાં બને. આ મંડળી પારી(સ)માં દેશ-દેશનાં ભજવાતાં સર્વશ્રેષ્ઠ નાટકોમાં આ એક ભજવવા પારી(સ) જાય છે, ને ત્યાંથી હૉલૅન્ડ ફેસ્ટિવલમાં ભજવાશે.'

'થૅંક્યૂ, તો હું બનશે તો ત્યાં જોઈશ.'

'આમ્સ્ટર્ડામમાં તો તમે મહેમાન છો, એટલે ત્યાં તો જોશો જ, પણ પારી(સ)માં તો બધાં જ હાઉસ લગભગ વેચાઇ ગયાં છે એટલે આમ્સ્ટર્ડામમાં તમે બે વાર જોઇ શકો, એવી ગોઠવણ કરું છું.'

ઓહોહો! શું નથી આ નાટકમાં? ફકરા ગૂંથવા ખૂણામાં ચોપડી લઈ સૂત્રધાર પણ યોજ્યો છે. રંગભૂમિ ઉપર ઘડીઘડીમાં બદલાતાં દૃશ્યો માટે બે મોટા ગોળ ઘેરાવાના વિશાળ ઘાઘરા ઉપરથી નીચે ઉતાર્યા છે: એ ફરતા રહે દરમિયાન દૃશ્ય બદલાતું રહે. પણ ચપળ વીજળીની ગતિએ ભજવાતા એ નાટકનું વર્ણન શી રીતે થાય. ડબ્લિનમાં જે જમાત એકઠી થાય છે એ પ્રસંગ મૂળ કૃતિમાં જે છે તેજ વાંચો, એટલે 'બ્લૂમ'ની આઇરિશ યહૂદી અને સ્પૅનિશ લોહી ધરાવતી ધણિઆણી પોતાના કૂટણખાનામાં એના એક નખરાળા પંખા થકી ભલભલા આદમીઓને કેવા લટ્ટુ બનાવી કુલ્લુમાં ખપાવે છે, અને જીવનવ્યવહારમાં સંસારમાં ચારેકોર માનવસમાજ ઉપર દંભના કેવા થર પર થર ખડકાતા ગયા છે, એ બધાના પડદા ચરરરર ચરરરર, એવા તો ચીર્યા છે કે સોટી વાગતી રહે, તમે હસતા પણ રહો અને હૈયું ધ્રુમરાતું રહે. આ નાટકમાં બ્લૂમનો અભિનય ઝીરો મોસ્ટેલ કોઈ કારમી અદાથી કરી સૌનાં દિલ જીતી લે છે. ગોળમટોળ લાડવાશાહી, જરા ભારેખમ એની કાયા, અને માવા-મલીદા જેવું અમળાવી-મમળાવી શકાય એવા ભર્યા માંસનું એનું મોં, એને એ એવી તો કુશળતાથી રંગભૂમિ ઉપર પલોટે છે કે ક્યાં યે આંચ-આંચકો લાગે નહિ. ચકચકતા પારા જેટલી સ્વચ્છતાથી ચંચળાયા કરે; પ્રવાહી વહે એમ ફરે, તણખલું ઊડે એમ કૂદે, અને બાળક ગોઠમડું ખાય એવી ગુલાંટો મારે. નાટક પૂરું થતાં મોસ્ટેલને લંડન તો જાણે વધાવે, પણ આમ્સ્ટર્ડામના પ્રયોગ પછી તો ડચ પ્રેક્ષકોએ એના પગ આગળ ફૂલનો ડુંગર ખડો કરી દીધેલો ને દસબાર મિનિટ સુધી ખડે પગે તાળીઓ પાડતાં કોઈ ધરાયા નહિ; ને પછી નટો માટેની ત્યાંની ખાસ ક્લબમાં તે રાતે એના વખાણમાં જે મિજબાની ઊડી છે એનું તો વર્ણન જ શી રીતે કરું? (ચાલુ)

ચૈત્ર ૧૯૯૩
અંક ૧૬૦

કુમાર

પચ્ચીસ વર્ષ પહેલાં

પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો, 'માનવસંસ્કૃતિનો ઇતિહાસ' આલેખતો એક રસમય ને વિશદ સચિત્ર લેખ માત્ર થોડા શબ્દો અને એકજ આલેખમાં છ હજારવર્ષનો ઇતિહાસ કહી જાય છે. એ તો સદા સાચવી રાખવા જેવો મૂલ્યવાન છે. સાથે જે ચિત્ર આપ્યું છે તેની ઉપરની પટ્ટીઓમાં તે તે સંસ્કૃતિએ સ્થાપત્યની દિશામા કરેલી પ્રગતિનું સ્મૃતિચિહ્ન અને નીચેની પટ્ટીમાં તત્કાળની વ્યક્તિનું લાક્ષણિક ચિત્ર છે.


વચલા ચિત્રમાં જુદીજુદી રેખાઓવાળા આલેખમાં, ડાબી તરફના ભૂતકાળમાંથી જુદી-જુદી ઊંચાઇએ જતી પાંચ રેખાઓ છે. એમાં સૌથી નીચે હિંદુ સંસ્કૃતિ છે; તેની ઉપર અનુક્રમે ક્રેતન, ચિનાઈ, મિસરી (ઇજિપ્શ્યન) અને સુમેર (સુમેરિયન) સંસ્કૃતિઓ છે. એ બધી સંસ્કૃતિઓનાં ઉત્પત્તિસ્થાન, અનુક્રમે, હિંદુસ્તાનના શિવાલિક પર્વતોની આજુબાજુનો પ્રદેશ, ભૂમધ્ય સમુદ્રમાં આવેલો ક્રેતનો ટાપુ, ચીન, મિસર અને પશ્ચિમ એશિયા છે.

એ રેખાઓની ઊંચાઇથી એની સંસ્કારિતાનું પ્રમાણ સૂચવ્યું છે; એટલે કે એ રેખા જેમ વધુ ઊંચી એમ એ સંસ્કૃતિ વધુ વિકસિત.

એ ચિત્રકારની ગણતરી પ્રમાણે હિંદુ સંસ્કૃતિ ઊતરતી કક્ષાની હતી! પણ હિંદુ સંસ્કૃતિની એ રેખાની પ્રગતિ બહુ ધીમી છે, અને એવી રીતે ભવિષ્ય તરફ જતી રેખાઓને ભૂતકાળમાં પાછી હડસેલીએ, તો બીજી બધી કરતાં તે વધુ ઊંડા ભૂતકાળમાં જશે એમ લાગે છે. એની સાથે સ્પર્ધા કરે એવી એક માત્ર રેખા ચીની સંસ્કૃતિની છે. હિંદુ સંસ્કૃતિ ઈ. સ. પૂર્વે ૧૮૦૦ સુધી બહુ ઓછી પ્રગતિ કરી શકી છે. જોકે ત્યાંથી આગળ, ઉચ્ચ દિશા તરફ થતી એની ગતિ વધારે ઝડપ કરે છે અને દસેક સૈકામાં તો તે અસાધારણ ગતિ કરી નાખે છે. પણ હિંદુ સંસ્કૃતિના ચાહકોને આ આલેખ નિરાશ કરશે. એ રેખા, હિંદુ સંસ્કૃતિના ઇતિહાસના કેટલાક આંકડા (જેવા કે, વેદનો કાળ-ઈ.સ.

માનવ સંસ્કૃતિના ઇતિહાસનો આલેખ

જ્યોર્જ રિચાર્ડ નામના અમેરિકને તૈયાર કરેલા આ નકશામાં, સૌથી નીચે, ઈ.સ. પૂર્વે ૩૬૦૦થી માંડીને આજ સુધીના પંદર સરખા ગાળા પાડી તેમાં તે તે કાળની સંસ્કૃતિના લાક્ષણિક માનવો આલેખ્યા છે, ને મથાળાની પટ્ટીમાં એ જ સંસ્કૃતિનાં એ કાળનાં એવાં લાક્ષણિક પ્રતિનિધિત્વ ધરાવતાં સ્થાપત્ય દર્શાવ્યાં છે. વચ્ચેના ગાળામાંની રેખાઓમાં એક રીતે માનવ સંસ્કૃતિનો આખો ઇતિહાસ આપણી સમક્ષ રજૂ થાય છે. એની અંદરની એકેક રેખા એ આખી માનવ-મહાકથાનું એકેક પ્રકરણ છે, અને એ રેખાઓની ઊંચીનીચી ગતિમાં અનેક આશાઓ ને દર્દો છૂપ્યાં છે. વાંચો સાથેનો લેખ.





પાત્રોની બેઠકો, હાવભાવ અને શોભનો-આભૂષણો વગેરેમાં સ્પષ્ટ ભારતીય અસર દાખવતાં દક્ષિણ અમેરિકાના શિલ્પો.

પૂર્વે ૫૦૦૦ વર્ષ, મહાભારતનો કાળ-ઈ.સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ, બૌદ્ધ અને જૈનધર્મોના વિકાસનો કાળ-ઈ.સ. પૂર્વે ૭૦૦ વર્ષ વગેરે) સાથે બંધબેસતી નહિ લાગે.

ચીનની સંસ્કૃતિ ધીમી છતાં જોમભરી પ્રગતિ કરતી બધી સંસ્કૃતિઓની ટોચે આવે છે. પછીની મુસાફરીમાં પાછી થોડે વખતે નીચે આવી જાય છે. હિંદુ સંસ્કૃતિ પણ થોડી આગળ જતાં લગભગ સરખી ઊંચાઈએ આવી હાથ મિલાવે છે, અને પછી એ બંને (અને એ બે જ) પોતપોતાનું સંભાળતી ચિત્રપટ સોંસરી નીકળી જાય છે. બીજી તરફ મિસર, આસીરિયા ને કેત જાણે થાકયાં હોય એમ ઝોક ખાય છે.

બીજી એક ઉપયોગી વિચારણા કરી લેઇએ. અદશ્ય ભૂતકાળમાંથી આવેલી સુમેર સંસ્કૃતિ અનુક્રમે અકાડીઆ, બાબીલોન, આસીરિયા, ખાલ્ડીઆ અને પર્શિયા (ઈરાન)માં સંક્રાન્તિ પામતી આવે છે એ માનવસંસ્કૃતિના ઇતિહાસનું એક સૂચક પ્રકરણ છે. મોટે ભાગે તો સંસ્કૃતિઓ કાં થાકથી અથવા મારથી જ નાશ પામતી આવે છે, અને વિરુદ્ધ સંસ્કૃતિઓના સમાગમમાં એક જમીનદોસ્ત થાય છે અને બીજી જીવતી રહે છે. પણ એ સામાન્ય વલણમાં આ રેખા એક અપવાદ છે. છતાં એ જ અરસાનો ગ્રીસનો ખુમારીભર્યો વળાંક કાંઈ ઓછો રોમાંચક નથી. હવે બે સૈકા આગળ ચાલો, અને યૌવનભરી સંસ્કૃતિઓની સ્પર્ધામાં ન જીવી શકતું કેત જમીનદોસ્ત થાય છે.

મદભરી જતી ગ્રીસની સૌંદર્યરેખા મિસરને ઉલ્લો શ્વાસ લેવા પૂરતી છૂટ આપી થકવી સુવાડે છે, અને ઈરાનને પગ તળે કચડે છે. પણ એના ગર્વમાં એના જ પગ પાસે ઊગતી રેખા 'રોમ'નો એને ખયાલ રહેતો નથી. એ રોમ એકધારી ગતિથી આગળ વધતાં ગ્રીસ નમતું આવે છે; અને ઈ. પૂ. ૮૦૦નું દશ્ય આવ-

૫૪૭ ('કુમાર' અંક ૪૬૦)

તાં તો ઊલટાસૂલટું થઈ જાય છે!

રોમનો એ સુંદર વળાંક આપણને ઘડીભર આકર્ષી રાખે છે. એ ચડે છે ત્યારે આવરણોની પરવાહ કર્યા વિના, ને મૃત્યુનો સમય આવે છે ત્યારે પણ જેવું ઊગેલું એવું, પાછું માનવતાના મહાસાગરમાં વિલીન થાય છે.

મરતાં મરતાં એ બે કામ કરતું જાય છે: ૧) અર્વાચીન યુરોપીય સંસ્કૃતિને જન્માવવું જાય છે; અને ૨) ખંડિત થએલાં ગ્રીસના ને રોમના એ અવશેષો બાઇઝેન્ટાઈન સામ્રાજ્યને નામે અરધા યુરોપને પોતાની ગોદમાં આણતા જિંદગી માગી લે છે. પણ એમ ઉધાર લીધેલી શક્તિ એને વધુ વખત કામ લાગતી નથી, અને ઝનૂની અરબ તલવાર એને ઝમેદ કરે છે.

પણ આ નીચે કાળા ટેકરા શાના છે? ચિત્રકારે કુલ ત્રણ છાયાઓ નકશામાં પાથરી છે: સૌથી ઘેરી છાયામાં ઉત્તર અને દક્ષિણ અમેરિકાના મૂળ લોકો, વચલી છાયામાં મધ્ય એશિયાના આર્યો (જે પાછળથી યુરોપમાં જઈ વસ્યા તે) અને સૌથી આછી છાયામાં એશિયાના બાકીના ભાગના અને ઉત્તર આફ્રિકાના લોકો બતાવ્યા છે. આમ, નીચાણમાં જે ઘેરી છાયા છે તે નવી દુનિયામાં વસતી જૂની માનવતાની છે. યુરોપવાસીઓ અમેરિકા ગયા તે પહેલાં પણ ઉત્તર અને દક્ષિણ અમેરિકામાં કેટલાં યે માનવકુલો જીવન માટે સંગ્રામ ખેલી ગએલાં. એમાં મય, ટૉલટેક, ઇંકા ને અઝ્ટેક, એ બધાં સંસ્કૃતિવિનિમય કરતાં કરતાં એક સારી એવી સંસ્કૃતિ જમાવી ચૂકેલાં. અને એ બધાંથી જરા જુદી પ્યૂબાની સંસ્કૃતિ હતી. આપણને આ જૂની અમેરિકન સંસ્કૃતિઓનો બહુ જ ઓછો પરિચય છે. પણ એ જાણવા જેવું છે કે એમાંના એકની જ શાખા પેરૂઅન સંસ્કૃતિમાં રાજ્યવ્યવસ્થા એવી સુંદર હતી કે આપણને ઘડીભર તેની ઈર્ષ્યા આવે. ઘણા પુરાતત્ત્વવિદોના મત પ્રમાણે ત્યાં ગએલાં બૌદ્ધ ભિક્ષુઓએ તેમાં પ્રાણ પૂર્યો. ત્યાંનું ઘણું સ્થાપત્ય આપણા પૂર્વના સ્થાપત્યને મળતું આવે છે. (જુઓ ચિત્ર)

એમાંની છેલ્લી આશાભરી સંસ્કૃતિને યુરોપની બંદૂકે એક ભડાકે ઠાર કરી એ કરુણ અને ભયાનક દશ્ય બધા ઇતિહાસકારોની આંખમાં આંસુ લાવે છે.

અને એ યુરોપની સંસ્કૃતિ? ક્રાઈસ્ટની લગભગ સાથે જન્મેલી એ સંસ્કૃતિ ઝડપભેર આગળ વધતી, વચમાં આંતરવિગ્રહોમાં પ્રગતિ ભૂલી જાય છે. પણ જ્યારથી સોનાની શોધમાં એને અમેરિકા સાંપડે છે અને અમેરિકાની જૂની સંસ્કૃતિઓ કચડાતાં એના પગ ત્યાં મજબૂત થાય છે ત્યારથી એનામાં નવું ચેતન આવે છે, અને માણસજાતે હજુ સુધી સર નહિ કરેલી એવી ટોચે તે (પોતાની અમેરિકન શાખા સહિત) પહોંચે છે. એની એ ગતિની પાછળ ભૌતિક વિજ્ઞાનનું જોર છે. ત્યારે એથી નીચે, થોડા જ સૈકાઓમાં ધર્મઝનૂનના જોરે પગભર થઈ ગએલી અરબ સંસ્કૃતિ બે જૂની સંસ્કૃતિઓની સ્પર્ધા કરતી ઊભી છે. એથી આગળ આપણી દૃષ્ટિ પર ભવિષ્યનો કાળો પડદો પડી જાય છે.

ચિત્રકાર પોતાની ટૂંકી નોંધમાં કહે છે કે 'ગ્રીસ અને રોમ પોતપોતાના જમાનામાં ખૂબ ઊંચે ગયાં હતાં. પણ કાચબાની ચાલે ચાલતાં મિસર, ખાલ્ડીઆ, ચીન અને હિંદની ગતિની સરાસરી કાઢી હોય તો તે દરેક એનાથી વધી જાય. અને એમાં ચીન અને હિંદ તો હજુ પણ એવાં જ સશક્ત છે. તો પછી તાજી જ ઊંચી ગએલી યુરોપીય રેખા પણ ગ્રીસ કે રોમના જેવી જ અલ્પાયુષી કેમ ન હોય! ઇ. ૩૦૦૦ની સાલમાં ભવિષ્યનો કોઈ ઇતિહાસકાર આવો નકશો ચીતરે અને એમાં યુરોપીય સંસ્કૃતિને ભાગે ગ્રીસ કે રોમના જેવો છતાં જરા વધુ ઊંચો વળાંક આવે અને આજે હાસ્યાસ્પદ બનતી પૌર્વાત્ય સંસ્કૃતિઓ એવા તોફાની વાયુઓ ય જરા નીચાણના પ્રદેશમાં શાંતપણે, જેવા અગમ્ય ભૂતમાંથી ચાલી આવી છે એવા જ અગમ્ય ભવિષ્યમાં ચાલી જાય તો નવાઇ નહિ!'

તમાકુમાં નિકૉટીન નામનું જે ઝેર હોય છે એનું નામ તો ફ્રાન્સમાં પહેલ-વહેલી તમાકુ લાવનાર જીન નિકૉટના નામ પરથી પડયું છે. ત્રણ શેર તમાકુમાં એનું પ્રમાણ અધોળનું હોય છે. સોમલથી પણ એ અતિતીવ્ર હોઇ એનાં બે જ ટીપાથી કૂતરું મરી જાય છે.

શતરંજ

લેખક · સુરેશ મોદી

Pin (અણઊઠ)


શતરંજની રમતમાં ફોર્ક(Fork)થી પણ વધુ જોવા મળે છે પિન (અણઊઠ). જ્યારે એક મહોરું સામા પક્ષના કોઈ મહોરાની પોતાના પક્ષના મોટા મહોરા ઉપરના હુમલાની લાઈનમાં વચ્ચે હોય ત્યારે તે ત્યાંથી ઊઠી શકે નહિ. (આમ કરવાથી મોટું મહોરું મરે માટે) વળી જો તે મોટું મહોરું રાજા હોય તો તો તેમ કરવું અશક્ય જ છે.

અણઊઠ થયેલ મહોરું ત્યાંથી ખસી ન શકે તેથી તેની રક્ષણાત્મક શક્તિ નહિવત્ થઈ જાય છે તે આપણે શરૂઆતના તબક્કામાં અમુક પરિસ્થિતિમા જોયું જ છે. અણઊઠ થયેલ મહોરા ઉપર જો પ્યાદાનો હુમલો ખાળી શકાય તો તેને પ્યાદાના બદલામાં મારી પણ શકાય.



બાજુમાં અણઊઠની એક બહુ જ પરિચિત પરિસ્થિતિ આપી છે. જો સફેદનો વજીર KN3 ઉપર ન હોત તો કાળો P×B રમી શકત. પણ તેમ કરવાથી તેનો રાજા ધોળા વજીરની શેહમાં આવે છે. તે ઊંટને મારી ન શકે. વળી, સફેદ Q×P mateની ધમકી આપે છે એટલે કાળાને P–KN3 રમ્યા સિવાય છૂટકો નથી. 1…P–KN3. પછી સફેદ 2 B×R, K×Bથી ઊંટના બદલામાં હાથી મેળવે છે.

અણઊઠના બીજા બે દાખલા જોઇએ:



1 R–R8 Ch, K×R.

2 Q–R6 Ch, K–N1. હવે P×Q થઈ શકે તેમ નથી. (દૂર ખૂણામાં બેઠેલો સફેદ ઊંટ જુઓ.)

3 Q×P mate.

પ્યાદાને અણઊઠ કરવા હાથીનો ભોગ આપીને જે પરિણામ લાવવામાં આવ્યું છે તે ઘણું જ ચાતુરીભર્યું છે.



આ સ્થિતિમાં કાળાની ચાલ હોય તો તે Q×P mate કરી શકે તેમ છે; પણ સફેદ, કાળા રાજા અને વજીર એક જ લીટી ઉપર છે તેનો લાભ લઈને વજીરને અણઊઠ કરીને કેવી રીતે જીતે છે તે જોઇએ—

1 B–Q4, P–K4. અણઊઠ મિટાવવાનો પ્રયાસ.

2 B×P, અણઊઠ ચાલુ રાખીને મ્હાત ને એકાદ ચાલ માટે મુલતવી રાખવાનો જ પ્રયાસ નથી. જુઓ—

2…,Q×B(એ સિવાય છૂટકો જ નથી.)
3 Q–R6 mate.

સફેદ મ્હાત થવાને બદલે ત્રણ ચાલમાં કાળાને મ્હાત કરે છે. બધું અણઊઠને આભારી છે.

અહીં અણઊઠ બાબતમાં શતરંજ સાહિત્યમાં સૌથી વધુ પુસ્તક લખનાર ફ્રેડ રેનફેન્ડની એક સલાહ યાદ રાખવા જેવી છે. તે છે 'Best Advi.e about getting pinned is—DON'T.'

અણઊઠ મધ્યના તબક્કામાં સૌથી અગત્યનો ભાગ ભજવે છે. તેમ છતાં ક્યારેક શરૂઆતના તબક્કામા જ અણઊઠ રમત પૂરી થવાનું કારણ પણ બને છે. એક દાખલો જોઈએ. 1 P–K4, P–QB3; 2 N–QB3, P–Q4; 3 N–KB3, P×P; 4 N×P, N–B3; 5 Q–K2, QN–Q2; 6 N–Q6 mate. કાળાનું KP વજીરને લીધે અણઊઠ છે.

અણઊઠ દર વખત આટલા ઘાતક નથી હોતા. ક્યારેક અણઊઠ થએલ મહોરું વજીરના ભોગે પણ ખસીને જબ્બર પ્રતિરોધ કરે છે. આનો એક દાખલો આપણે અગાઉ જોઈ ગયા છીએ. (જુઓ ડિસે. '૬૧ના અંકમાં પૃ. ૪૬૦ ઉપર કાળાની ૪થી ચાલ પછીની નોંધ) ત્યાં કાળાનો ઘોડો અણઊઠ હોવા છતાં તે ખસે છે, પરિણામે તેનો વજીર મરે તો છે, પણ પાછળથી તે વ્યાજ સહિત (એક મહોરા સાથે) પાછો મેળવે છે. તેવો એક વધુ દાખલો જોઇએ.

1 P–K4, P–K4; 2 N–KB3, P–Q3; 3 B–B4, P–KR3; 4 N–B3, B–N5? 5 N×P, (અણઊઠ હોવા છતાં ખસે છે. તેમ કરવા માટે તેને પુરતું કારણ છે તે હવે સમજાશે.) B×Q; 6 B×PCh, K–K2; 7 N–Q5 mate.

આ બંને સ્થિતિઓની આકૃતિ નથી આપી કારણકે અત્યાર સુધીમાં તો આપણે આવી નોંધ ઉપરથી રમત માણતા શીખી ગયા છીએ.

અણઊઠનો એક અનોખો જ પ્રકાર નીચેના દાખલામાં જોવા મળે છે.



અહીં સફેદનો વજીર ને B3 ઉપરનો હાથી ઘણી સુંદર સ્થિતિમાં છે, પણ તેના મહાત કરવાના પ્રયત્નમાં કાળાનો B2 ઉપરનો હાથી નડે છે. સફેદ તેનો ઘણો સુંદર નિકાલ લાવે છે.

1 Q–K7!! અને કાળાનો B2 ઉપરનો હાથી અણઊઠ થાય છે અને તેની રક્ષણાત્મક શક્તિ નષ્ટ થઈ ગઈ. તમને થશે કે હાથી અણઊઠ કેવી રીતે થયો? તે કયા મોટા મહોરા પરના હુમલાની લાઇનમાં વચ્ચે આવે છે? હવે નીચેની સમજ જુઓ—

જો 1…R×R તો 2 Q–N7 mate અને જો 1…R×Q તો 2 R–B8 mate. આમ તો હાથી બન્ને તરફથી ખસી શકે તેમ નથી. તે કોઇ મહોરાની નહિ પણ એવા બે ખાનાની રક્ષા કરે છે જ્યાંથી સફેદ કાળાને મ્હાત કરી શકે. હવે કાળાને હાથીના રક્ષણ માટે કંઇક કરવું જ રહ્યું, પણ તે યે પૂરતું નથી. જુઓ—

1…, Q–B2; 2 Q–B8 Ch, R×Q; 3 R×R mate. (અનુસંધાન પૃષ્ઠ ૧૫૯)

ઘરગથ્થુ ઔષધ .... ૪] ગળો

ચરક-સુશ્રુતના સમયથી જેનો વિપુલ વિનિયોગ થતો આવ્યો છે એવી ગળો આયુર્વેદનું અતિ મહત્ત્વનું ઔષધ છે. એની વેલને કાપીને રાખી મૂકવા છતાં દિવસો સુધી એ સુકાતી નથી એથી સંસ્કૃતમાં એને 'અમૃતવલ્લરી' કહે છે. ભાવમિશ્ર ગળોના ગુણધર્મો ગણાવે છે: 'તીખી, કડવી, પાકમાં મધુર, રસાયનરૂપ, સંગ્રાહી, કષાય, ઉષ્ણ, લઘુ, બલપ્રદ, અગ્નિદીપન ને ત્રણે દોષને તથા આમ, તૃષા, દાહ, પ્રમેહ, ખાંસી, પાંડુરોગ, કમળો, કુષ્ઠ, વાતરક્ત, જ્વર, કૃમિ, ઊલટી, દમ, હરસ મૂત્રકૃચ્છ તેમજ હૃદયરોગને મટાડનાર છે'

જ્વર

જ્વરમાત્રમાં પિત્તનો વધારો હોય છે. વળી આદ્ય રસ ધાતુની પણ એમાં વિકૃતિ થાય છે—અર્થાત્ આહારરસ કાચો (આમ) રહી જાય છે. દરેક તાવમા અગ્નિમાંદ્ય પણ હોય છે. ગળો કડવી હોવાથી પરમ પિત્તશામક છે. આમને પકવ કરવાનો એમાં ગુણ હોવા ઉપરાંત તે અગ્નિદીપક પણ છે. પિત્તજ્વરમાં એવું ઔષધ જરૂરી છે કે જે વધી ગએલા પિત્તને વધારે નહિ અને છતાં અગ્નિને પ્રદીપ્ત કરે. ગળો પિત્તશામક અને અગ્નિવર્ધક હોઈ પિત્તજ્વરમાં પણ ફાયદાકારક છે. આથી ગમે તે કારણે આવેલા તાવમાં ગળોનો ઘરગથ્થુ ઉપયોગ કરી સાચો લાભ મેળવી શકાય છે. લીલી ગળોનો બે તોલા રસ કાઢી એમાં અર્ધો તોલો તુલસીનો રસ મેળવી સવાર-સાંજ પી જવો. મગના ઓસામણ અને ભાતની નરમ કણકીનો આહાર લેવો. તાવ ઊતરી જાય અને ધીમેધીમે ભૂખ ઊઘડે તે પ્રમાણે રોજિંદા ખોરાક પર ચડી જવું.

પ્રમેહ

બે તોલા ગળોના રસમાં અર્ધો તોલો મધ મેળવી સવારસાંજ પીવાથી પ્રમેહમાં પણ ફાયદો થાય છે. પ્રમેહમાં દૂષિત થએલા સ્રોતોમાં જે કાચો આમ ભરાએલો હોય છે એને ઉખેડવાનું, પકાવવાનું અને સ્રોતોશુદ્ધિ કરવાનું કામ ગળો બજાવે છે. પ્રમેહની ઉત્પત્તિનું કારણ પરિશ્રમરહિત બેઠાડુ જીવન અને આહારનો અતિ ઉપભોગ છે. હલકો ખોરાક, વ્યાયામ અને ઉપર્યુક્ત પ્રયોગ કરનારને જરૂર ફાયદો થાય. આહારવિહાર જેમનો તેમ રાખીને ગળો-મધનું સેવન કરનારને કશો લાભ નહિ મળે.

ધાવણની શુદ્ધિ

ચરકે ગળોનો સ્તન્યશોધન વર્ગમાં ઉલ્લેખ કર્યો છે. કફથી દૂષિત થએલું ધાવણ પચવામાં ભારે બને છે. એથી બાળકને ઊલટી થાય છે, તે કરાંજે છે, તેને લાળ પડયા કરે છે ને તે ઊંઘણસી અને તંદ્રાળુ બની જાય છે. ધાવણને હલકું અને શુદ્ધ કરવા માટે માતાએ ભારે પદાર્થો છોડી દઇ હલકો ખોરાક લેવો, અને ગળો, હરડે, બહેડાં, આમળાં તથા સૂંઠ સરખા વજને લઇ અધકચરાં ખાંડી તેના એક તોલા ભૂકાને પોણો શેર પાણીમાં નાખીને ઉકાળીને પાશેર પાણી રહે એટલે ઉતારીને ગાળી લઇ સે'જ સે'જ ગરમ હોય એવો એ કવાથ સવારસાંજ પીવો.

રસાયન ચૂર્ણ

'વૈદ્યજીવન'ના કર્તા લોલિંબરાજે ગળો ગોખરુ અને આમળાંના સમભાગનું રસાયન ચૂર્ણ બતાવ્યું છે. વૈદ્યોમાં એ ખૂબ પ્રચલિત છે. પિત્તના નાનાવિધ ઉપદ્રવોમાં એનો ઉપયોગ લાભકારક છે. આંખમાં, છાતીમાં, હાથપગનાં તળિયાંમાં કે પેશાબ કરતી વખતે દાહ થતો હોય એમાં, તથા અમ્લપિત્તમાં ૦। તોલો રસાયન ચૂર્ણ સવાર-સાંજ લેવું, ઉપર પાશેર ગાયનું દૂધ પીવું. આ સાદાસીધા પ્રયોગનું લાંબા વખત સુધી સેવન કરવાથી ઉત્તમ લાભ થાય છે. ગળો પરમ રસાયન દ્રવ્ય છે. 'રસાયન' શબ્દમાં રસ+અયન એમ બે પદ છે. રસ એટલે રસ, રક્ત વગેરે દ્રવ ધાતુઓ; અયન એટલે ગતિ. રસાદિ ધાતુઓની સમ્યક ગતિ થતી રહે તો ધાતુઓના નષ્ટ થતા કોષોની જગ્યાએ નૂતન કોષોની ઉત્પત્તિ થઈ શકે. વૃદ્ધાવસ્થામાં અને રોગાવસ્થામાં રસાયન બરાબર થતું નથી. પરિણામે ધાતુઓ શિથિલ અને નિર્બલ બનવા માંડે છે. ગળો રસાદિ ધાતુઓનું સમ્યકઅયન કરનાર છે, સ્રોતોશુદ્ધિ કરનાર છે, પ્રૌઢો માટે રસાયન ચૂર્ણનું સેવન લાભદાયી છે.

લાભશંકર ઠાકર




ટપાલટિકિટના આલેખનની એક આંતરરાષ્ટ્રીય હરીફાઇમાં પાકિસ્તાનના રશીદુદ્દીન ફરી એક વાર જીતી ગયા છે. 'મલેરિયા વિ૰ સંયુક્ત જગત' એ વિષય પરની સંયુક્ત રાષ્ટ્રોના 'વર્લ્ડ હેલ્થ ઑર્ગેનિઝેશને' પોતાની મલેરિયા-નિવારણ ઝુંબેશ નિમિત્તે બહાર પાડેલી નવી ટપાલટિકિટના એમણે કરેલા આલેખનને સર્વાનુમતે પસંદ કરવામાં આવ્યું છે.

આ ઝુંબેશ નિમિત્તે સંયુક્ત રાષ્ટ્રના અન્ય એંસી સભ્ય દેશો પણ ખાસ ટપાલટિકિટો બહાર પાડવાના હતા, જેમાં મોનાકોની ટિકિટ પર પણ માણસજાતના શત્રુ બની બેઠેલા આ એનોફિલિસ મચ્છરનું આલેખન છે. ગઇ તા. ૭મી એપ્રિલે ભારતે પણ આ નિમિત્તે એક ખાસ ટપાલટિકિટ બહાર પાડી છે.



૧લા જાન્યુઆરીએ પં. નહેરુએ ગૌહત્તી (આસામ)માં ખુલ્લી મૂકેલી જાહેરક્ષેત્રની પ્રથમ રીફાઈનરીના પ્રસંગે બહાર પડેલી ભારતની આ નવી ટિકિટ પર એ રીફાઈનરી તથા આસામના દ્યોતક ગેંડાનું આલેખન છે.





ઍંધાણ!

હોય ખોટો પંથ ને જો આયખું મારું ઢળે,
તો ભલે એનાથી ના ઍંધાણ મંઝિલનાં મળે;
કિન્તુ હો સદ્‌ભાગ્ય એ–કે જોઇને મારી કબર
પંથભૂલ્યા કોઈ રાહીનાં કદમ પાછાં વળે!–'ચાતક'

અમેરિકામાં પ્રોફેસર બનેલો સૌરાષ્ટ્રના પૂજારીનો પુત્ર

અત્યંત સામાન્ય સ્થિતિમાંથી પ્રબળ પુરુષાર્થ દ્વારા ક્રમશઃ પ્રગતિ સાધી જિંદગીનાં વિવિધ ક્ષેત્રે મોખરાનું સ્થાન સિદ્ધ કરનારા અનેક અમેરિકનોની વાતો આપણે સાંભળી છે, પરંતુ એક અમેરિકાવાસી ભારતીય યુવકે આ વર્ષે ડગલાસ કૉલેજમાં સમાજશાસ્ત્રના અધ્યાપક તરીકે કામગીરી શરૂ કરી છે. આશાકાન્ત નિમ્બાર્ક એનું નામ.

એનો જન્મ ૧૯૩૨ની સાલમાં સૌરાષ્ટ્રના ભોરીંગડા ગામમાં સાધુ કોમના એક ગરીબ પૂજારીને ઘેર થએલો. ત્યાંની ગામઠી શાળામાં ફક્ત ચાર ચોપડી સુધીનું જ શિક્ષણ અપાતું પરંતુ કંઈક બળવાખોર ને અતિ જિજ્ઞાસુ સ્વભાવને કારણે આશાકાન્તને તો એ એટલું ય પૂરું કરે તે પહેલાં શિક્ષકે કાઢી મૂકયો!

આ અપમાનથી આશાકાન્તના પિતા ધૂંધવાઈ ઊઠયા અને એના જવાબ રૂપે પુત્રને પ્રાથમિક શિક્ષક બનાવવાનું તેમણે નક્કી કર્યું. આશાકાન્તે ખંતથી અભ્યાસ કર્યો ને બાર જ વર્ષની ઉમરે તે રાજકોટમાં શિક્ષક થવા માટે જરૂરી પરીક્ષા આપવા પહોંચ્યો, એટલું જ નહિ પણ એ પરીક્ષામાં બેઠેલા ૧૮ થી ૫૦ વર્ષની વયના સો જેટલા ઉમેદવારોને યે પાછળ પાડી નાનકડો આશાકાન્ત સૌથી પહેલો આવ્યો. પરંતુ આટલો નાનકડો છોકરો વર્ગ કઇ રીતે સંભાળી શકે? એ મુદ્દા પર એને શિક્ષકપદ ન મળી શકયું. પણ ઘણી મહેનત પછી દોઢેક વર્ષે એક શિષ્યવૃત્તિ એને મળી અને એનું અંગ્રેજી ભણતર શરૂ થયું.

પાંચ વર્ષ પછી મૅટ્રિકમાં પહેલો વર્ગ મેળવી શિષ્યવૃત્તિ લઇને તે ભાવનગરની શામળદાસ કૉલેજમાં દાખલ થયો અને સમાજશાસ્ત્ર તથા નૃવંશશાસ્ત્રનો અભ્યાસ કરી ૧૯૫૬માં ફર્સ્ટ કલાસ સાથે બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી ને બે સુવર્ણચંદ્રકો પણ મેળવ્યા.

આ પછી મુંબાઇમાં 'તાતા ઇન્સ્ટિટયૂટ ઑવ સોશ્યલ સાયન્સિસ' ખાતે વધુ અભ્યાસ કરી ઍમ્હર્સ્ટ કૉલેજની હૅરૉલ્ડ જૉન્સન ફેલોશિપ મેળવીને અમેરિકા અભ્યાસ કરવા પહોંચી ગયો. દક્ષિણ એશિયામાંથી આવી ફેલોશિપ મેળવનાર આશાકાન્ત એકલો જ હતો. ઍમ્હર્સ્ટ અને બર્કલેમાં કૅલિફોર્નિયા યુનિવર્સિટી ખાતે તેણે ઉચ્ચ અભ્યાસ જારી રાખ્યો, ને ડેનફોર્થ ફેલોશિપ હેઠળ નૅશવિલ ખાતેની ફિસ્ક યુનિવર્સિટીમાંથી એમ.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી.

સૌરાષ્ટ્રના ગામડાના એ આશાકાન્ત હાલ ન્યૂ યૉર્ક શહેરમાં 'ન્યૂ સ્કૂલ ફૉર સોશ્યલ રીસર્ચ' ખાતે પીએચ.ડી.નો અભ્યાસ કરી રહ્યા છે, ને ડગલાસ કૉલેજમાં અધ્યાપનનું કામ પણ કરે છે.



પોતાની સુદીર્ઘ કારકિર્દી ભણી ઊડતી નજર નાખતાં તેઓ કહે છે: 'જ્યાં ટેલિફોન, સિનેમા, પોસ્ટ ઑફિસ કે કશું સાધન નથી એવા તદ્દન નાનકડા ભારતીય ગ્રામવિસ્તારમાંથી અમેરિકા સુધી મેં જે મજલ કાપી તેમાં મને કશી મુશ્કેલી પડી નથી: ભારતીય પરંપરાનાં મૂળ જાળવી રાખ્યા છતાં અહીંના રીતરિવાજો મેં અપનાવી લીધા છે. સર્વ પ્રકારની પરિસ્થિતિને હું અનુકૂળ થઈ ગયો છું.' પોતાની પ્રગતિ માટે પિતાનો આભાર માનતાં એ કહે છે: 'નાની ઉમરે મને લગ્નના બંધનમાં નહિ નાખીને તથા



ગોરિલા

માણસ જેવા લાગતા વાનરોમાં ગોરિલાના નામથી તો સૌ પરિચિત છે. ઈ. ૧૮૬૧માં શેલુ નામના શોધસફરીના અનુભવોમાંથી આ વાનર ખ્યાતિમાં આવ્યાં. Gorilla gorilla એ એનું શાસ્ત્રીય નામ. કાળા મેશ ને કરચલીયાળા ચહેરા સિવાય આખા શરીરે એમને રુવાંટી હોય છે. પશ્ચિમ આફ્રિકાનાં ગીચ જંગલોમાં પોતાના કબીલા સાથે તે આહારની શોધમાં ભટકતાં રહે છે. રાતવાસા માટે કોઇ વૃક્ષની નીચે માળા જેવી પથારી કરીને રહે છે. ફળો ને કંદમૂળ તથા કુમળાં ડાળપાન એમનો આહાર. એને માટે તેઓ અહીંતહીં ભમતાં કયારેક વસતિ નજીક આવીને કોઈ વાડીબગીચાનો પણ સોથ વાળી દે.

પૂર્વ બેલ્જિયમના પહાડોમાં દસ હજાર ફૂટની ઊંચાઈએ રહેનારી Gorilla berigei નામની એની એક બીજી જાત પણ ઈ. ૧૯૦૩માં મળી આવી છે. ત્યાંની ઠંડીને લીધે એમને શરીરે વધુ રુવાંટી હોય છે.

ચિમ્પાન્ઝીના વર્ગનો હોવા છતાં ગોરિલા બુદ્ધિનો મંદ હોય છે; પણ કદમાં એ સાડા પાંચ ફૂટ જેટલો ઊંચો ને બારતેર મણની ભારે તથા ગજબની તાકાત ભરેલી કાયાવાળો હોય છે. એનો સ્વભાવ પણ ચિમ્પાન્ઝી જેવો મળતાવડો નથી; તેમ કુતૂહલવૃત્તિ કે નકલ કરી શકવાની ચાતુરી યે તેનામાં નથી. પણ શાંત અને રમતિયાળ ખરો. જો કે મોટે ભાગે આસપાસની દુનિયાથી એ અલિપ્ત રહે છે. સ્વભાવે અનાક્રમક છતાં છંછેડાય તો એના જેટલું ભયંકર પણ કોઈ નહિ. બહુ બચપણમાં પકડાયું હોય તો બચ્ચાને થોડું ઘણું કેળવી શકાય; પણ બંધનાવસ્થામાં ગોરિલાં લાંબો વખત જીવી શકતાં નથી.

સાધારણ સ્થિતિમાં પણ શક્ય તેટલી સહાય આપીને તેમણે મને કેટલું બધું પ્રોત્સાહન આપ્યું છે!'

ભવિષ્ય વિષે હજુ આશાકાન્તે કોઈ સંકલ્પ કર્યો નથી. તેઓ કહે છે, 'અહીં અમેરિકામાં બુદ્ધિગમ્ય વાતાવરણ ઘણું છે, છતાં મને લાગે છે કે ભાવનાત્મક સંતોષ તો મને ભારતમાં જ મળશે. મારું જ્ઞાન ત્યાં ઉપયોગમાં આવે તો કેવું સારું! પીએચ. ડી. કરીશ ત્યાં સુધીમાં અંતિમ નિર્ણય લેવા માટે પૂરતો સમય રહેશે.'

નિધન-નોંધ

સ્વ. ગોકુલદાસ ખીમજી બાંભડાઈ: સ્વ. જયકૃષ્ણ ઈન્દ્રજીના શિષ્ય. અલ્પશિક્ષિત છતાં વનસ્પતિવિદ્યાના અદ્‌ભુત ઉપાસક અને ગુજરાતી ભાષાના તદ્‌વિષયક અતિ અલ્પસંખ્ય સારાં પુસ્તકોમાં ઉમદા એવા 'વનસ્પતિસૃષ્ટિ' નામક ગ્રંથના કર્તા. વનસ્પતિઓનો વિપુલ સંગ્રહ પણ કરેલો. એ સંગ્રહ અને ગ્રંથના કૉપીરાઈટ તેઓ વલ્લભવિદ્યાનગરને આપતા ગયા છે. શરીરે ખડતલ, સ્વભાવે સાદગીપરસ્ત, સ્વાર્થત્યાગી અને કંઈક ધૂની, મૂગા સેવક. કચ્છમાં માંડવીના હરિજનો માટે એક બાલાશ્રમ સ્થાપેલો જેનો બધો ખર્ચ પોતે ઉઠાવતા. પુત્ર ન હોઈ પોતાની લાખેક રૂપિયાની તમામ મિલ્કતનું ટ્રસ્ટ પણ એ આશ્રમને માટે કરતા ગયા છે. ૨૮મી ફેબ્રુઆરીએ ૮૫ વર્ષની ઉંમરે એમનું દુઃખદ અવસાન થયું.

સ્વ. પ્રાણસુખ માનચંદ નાયક: 'તત્ત્વતરંગી' અને 'પ્રાણ પ્રેમ પુષ્પમાળા' નામક ધર્મચિંતનમય લોકપ્રિય કાવ્યોના ધર્મપરાયણ કવિ અને જીવનસમસ્ત સંગીતના ઉપાસક. સ્વ. પં૦ ભાતખંડેના પટ્ટશિષ્ય. રણજિત મૂવીટોન અને ઇમ્પીરીઅલ ફિલ્મ કંપનીનાં લગભગ સિત્તેર જેટલાં ચલચિત્રોનું એમણે સંગીતદિગ્દર્શન આપેલું. સ્વયં કવિ અને ગીતકાર તરીકે પણ વિખ્યાત હોઈ વીસ વર્ષ પરના સંગીતજગતમાં એમનું નામ લોકજીભે રમતું. વ્યવસાય અને સંગીતસાધના ઉપરાંતનું જીવન જ્ઞાતિની સેવા ને જૈન ધર્મના તત્ત્વ-ચિંતનમાં ગાળતા. હમણાં વિસનગરમાં ૮૫ વર્ષની વયે એમનું અવસાન થયું.

સ્વ. ડૉ. ભાસ્કર પટેલ: ક્ષયરોગના નિષ્ણાત આ ડૉક્ટરનો જન્મ ૨૭ ઑગસ્ટ ૧૮૯૭માં ખેડા જિલ્લાના સોજિત્રા ગામે થએલો. તબીબી અભ્યાસ દરમ્યાન જ સ્વાતંત્ર્યની લડતમાં ઝંપલાવવા કૉલેજ છોડી. પાછળથી જર્મની જઈ એમ.ડી.ની ઉપાધિ મેળવેલી. ૧૯૩૦માં અસહકારની અને '૪૨માં 'હિંદ છોડો'ની લડતમાં ભાગ લીધેલો. '૫૨માં ખેડા જિલ્લામાંથી ચુંટાઇ મુંબાઇ ધારાસભામાં ગયા અને '૫૬માં દારૂબંધી ખાતામાં નાયબ પ્રધાન થયા. '૫૭માં રાજ્ય વિધાન સભા તરફથી ચુંટાઇને ફરી નાયબ પ્રધાન થએલા. મુંબાઇના દારૂબંધી બોર્ડના તેઓ પ્રમુખ હતા. ૧૨મી માર્ચે ૬૫ વર્ષની વયે અવસાન થયું.

પંચાયત રાજ્ય

લોકશાહીને સફળ બનાવવી હોય તો પાંચ વર્ષે ચૂંટણીઓ આવે ત્યારે લોકો મતદાન પૂરતા સક્રિય થાય ને પછી પોતપોતાના ખાનગી કામમાં લાગી જાય એ પૂરતું નથી. સાચી અને સફળ લોકશાહીમાં એકેએક નાગરિક પોતાનું કામ જેવી કુશળતાથી કરે છે તેવી જ રીતે જાહેર કામ પણ રસ લઇને કુશળતાપૂર્વક કરે એ જરૂરનું છે. આને માટે એવું વિચારવામાં આવ્યું છે કે જો સત્તાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવે, એટલે કે ઉપરના થરોમાં ભેગી થએલી સત્તાને વહેંચી નાખવામાં આવે તો બધા જ માણસો જાહેર કામોમાં રસ લે અને તે વધારે સારાં તથા ઝડપથી થાય. આ માટે આપણે એક પંચાયત ધારો કર્યો છે જેનો અમલ ગુજરાત રાજ્યમાં ૧લી મે ૧૯૬૨થી શરૂ થશે.

આ કાયદો ખરેખર ક્રાન્તિકારી છે. એમાં લોકોને જે સત્તા આપવામાં આવી છે તેનો જો સાવધાનીપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો છેલ્લાં સો વર્ષમાં જે કામ ગામડાં નથી કરી શક્યાં તે હવે પછીનાં પાંચ વર્ષોમાં કરી શકશે. આ કાયદા પ્રમાણે દરેક જિલ્લામાં ચાર પ્રકારની પંચાયતો અમલમાં આવશે: ગ્રામ, નગર, તાલુકા ને જિલ્લા પંચાયત. ગ્રામપંચાયત એક કે વધારે ગામડાંની બનશે. એના વિસ્તારમાં માત્ર દસ હજાર સુધીની વસતિ હોવી જોઇએ. પછી દસથી ત્રીસ હજારનાં વિસ્તારમાં નગર પંચાયત સ્થપાશે.

આપણે જેને તાલુકો કહીએ છીએ તેમાં એમના પ્રતિનિધિઓમાંથી તે તે તાલુકાની તાલુકા પંચાયત સ્થપાશે અને એ જ રીતે જિલ્લાના વિસ્તારમાં જિલ્લા-પંચાયત સ્થપાશે. ગામડાં તથા શહેરોના આ વિસ્તારોમાં રહેતાં ૨૧ વર્ષની ઉમરનાં બધાં સ્ત્રીપુરુષો ત્યાં ત્યાં મતદાર થઇ શકશે અને દરેક મતદાર પંચાયતની ચૂંટણીમાં ઊભો રહી શકશે. દર ચાર વર્ષે આવી ચૂંટણીઓ થશે. ગ્રામ પંચાયતમાં નવથી પંદર જેટલા અને નગર-પંચાયતમાં ૧૫થી ૩૧ જેટલા સભ્યોને ચૂંટવાના રહેશે. આમાં સ્ત્રીઓ અને પછાત વર્ગના બે સભ્યોને ફરજિયાત લેવાના રહેશે. ચૂંટાએલા સભ્યો પછી સરપંચ અને ઉપ-સરપચને ચૂંટી કાઢશે અને એ લોકો પછી પંચાયતનો કારભાર ચલાવશે.

દરેક ગ્રામ પંચાયતના સરપંચ અને નગર પંચાયતના ચેરમેનને તાલુકા-પંચાયતમાં સ્થાન મળશે. આ ઉપરાંત સહકારી મંડળીઓના અધ્યક્ષોએ ચૂંટેલા સભ્યો, ૨ સ્ત્રીઓ, ૨ પછાતવર્ગના સભ્યો તથા તે તાલુકાના મતદાર મંડળમાંથી ચૂંટાએલા ધારાસભ્ય પણ તાલુકા-પંચાયતના સભ્ય થશે. તે તાલુકાના મામલતદાર તથા તાલુકામાં આવેલી સુધરાઈઓના પ્રમુખો પણ તાલુકા-પંચાયતના સભ્યો થશે. આ બધા સભ્યો પોતાના પ્રમુખ ને ઉપ-પ્રમુખ ચૂંટી કાઢશે અને પછી એ બધા તાલુકાનો વહીવટ ચલાવશે.

દરેક તાલુકા પંચાયતના પ્રમુખને જિલ્લા-પંચાયતમાં સ્થાન મળશે. આ ઉપરાંત બધી તાલુકા-પંચાયતો પોતાનો એક સભ્ય ચૂંટીને જિલ્લા પંચાયતમાં મોકલશે. આમાં પણ બે સ્ત્રીઓ અને પછાત વર્ગના સભ્યોને માટે જગ્યાઓ અનામત રાખવી પડશે. આ ઉપરાંત જિલ્લામાં રહેતા બે કેળવણીનિષ્ણાતો, લોકસભા ને રાજ્યસભાના તે વિસ્તારમાં રહેતા સભ્યો, ત્યાંના વિધાનસભાના સભ્યો, જિલ્લા કલેક્ટર તથા સુધરાઈઓના પ્રમુખો પણ જિલ્લા-પંચાયતના સભ્યો થશે.

જિલ્લા કે તાલુકાના ભલા માટે જે કામો કરવાની સત્તા કલેક્ટર કે મામલતદારને હતી, જે જે કરવેરા તેઓ ઉઘરાવી શકતા અને કાયદો તથા વ્યવસ્થા સાચવવા તેઓ જે કંઇ કરતા તે લગભગ બધી જ સત્તાઓ હવે આ ચારે પ્રકારની પંચાયતોને આપી દેવામાં આવી છે. પોતાના વિસ્તારના રસ્તા સારા કરવા, પ્રજાજનોને પાણીની અને ગટર ઈ૦ ની સગવડ આપવી, ભણતર માટે વ્યવસ્થા કરવી, ઉત્તમ આરોગ્ય સચવાય તેને માટે કામ કરવું, ઉત્પાદન વધે તે જોવું, સહકારી મંડળીઓ દ્વારા વેપાર ઈ૦ને ઉત્તેજન આપવું, આ અને આવાં અનેક કામો હવે પંચાયતો જુદીજુદી સમિતિઓ (જેવી કે શિક્ષણ-સમિતિ, જાહેર બાંધકામ સમિતિ, આરોગ્ય સમિતિ જેવી સમિતિઓ) દ્વારા કરી શકશે. આ બધાં કામ માટે તેઓ પોતાની નોકરીમાં માણસોને સીધા રાખી શકશે. એવી નોકરીઓ માટે માણસો પસંદ કરવામાં રાજ્યમાં 'પબ્લિક સર્વિસ કમિશન' હોય છે તેવાં મંડળો પણ જિલ્લાઓમાં સ્થપાશે. પંચાયતના નોકરો રાજ્યમાં જઈ શકશે અને રાજયના નોકરની જરૂર હોય તો તેવી સેવા પંચાયતોને આપી શકાશે. આ ઉપરાંત પોતપોતાના વિસ્તારમાં ગુના ન થાય તે જોવાની

અને થાય તો અમુક પ્રકારના ગુનાઓની તપાસ કરી ન્યાય આપવાની સત્તા પણ પંચાયતોને આપવામાં આવી છે.

આ બધું કામ કરવા નાણાંની મદદ જોઇએ તે સ્વાભાવિક છે. પંચાયત ધારામાં પંચાયતોને જુદીજુદી જાતના કરવેરા (જેવા કે પાણી વેરો, ઑક્ટ્રોય, મેળાવેરો વગેરે) નાખવાની અને ઉઘરાવવાની સત્તા આપવામાં આવી છે. આ ઉપરાંત એમને રાજ્ય તરફથી નક્કી કરેલી 'ગ્રાન્ટ' પણ મળશે અને એ રીતે અત્યાર સુધીની પંચાયતોને હમેશ નડતો નાણાંનો પ્રશ્ન પણ સારી રીતે ઉકેલવામાં આવ્યો છે.

—દામુભાઇ શુક્લ

ઉનાળામાં ઠંડક

હવે ગ્રીષ્મના ધોમધખાટ તડકા અને ઉકળાટમાંથી બચવા આપણે અનેક સાધનોનો અને દ્રવ્યોનો ઉપયોગ શરૂ કરીશું આઈસ્ક્રીમ, બરફ, એર કન્ડિશન્ડ (વાયુ અનુકૂલિત) સાધનો ને ઠંડાંમીઠાં પીણાંઓનો હવે ધોધ વહેશે. સુખી માણસો વળી હિલ સ્ટેશનો ઉપર કે દરિયાકિનારે જઈ રહેશે, ને ગરમીમાંથી બચવા બધા જ પ્રયત્નો કરશે.

પરંતુ શું ગરમી એ માનવી માટે સર્વથા અહિતકર છે? એમ હોય તો કુદરત એને પેદા કરે શા માટે? ગરમીથી દૂર ભાગનારા ભૂલી જાય છે કે ગરમી એ તો માનવીની પ્રતિકાર-શક્તિને કસોટીએ ચડાવવાનો કુદરતી નિરધાર છે. ઠંડી અને ગરમીની સામે જે માનવી સ્વસ્થ રીતે ટકે છે, એને ભાગ્યે જ રોગો થાય છે. માનવીના જીવનમાં ઝેરોને દૂર કરવાનો, પસીના દ્વારા માનવશરીરની વિકૃતિઓનો નાશ કરવાનો એ કુદરતનો ક્રમ છે. આ ક્રમ વખતે માણસે ભયથી દૂર નહિ ભાગતાં કુદરતના એ ક્રમને અનુકૂળ થઇને જીવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

આજે આપણા દેશમાં અનેક પ્રકારનાં એલર્જિક દરદો વધી રહ્યાં છે. આ એલર્જી એ કોઈ રોગ નથી પણ રોગને બહાર ધકેલવા માટેનો માનવશરીરનો કુદરતી પ્રયત્ન છે. આવા પ્રસંગે શરીરની ઝેર ફેંકવાની શક્તિને બળ મળે તેવો જીવનવ્યવહાર ગોઠવવો જોઈએ. પરંતુ આપણે તો એને બદલે શરીર આવાં ઝેરને દૂર કરવાની શક્તિ જ ગુમાવી બેસે તેવું કરીએ છીએ અને પરિણામે રોગો વધારે જીર્ણ બને છે. આપણા સમાજમાંથી દિવસે દિવસે પ્રતિકારશક્તિ ઘટતી જાય છે. આથી ગરમી કે ઠંડી સહન થતી નથી. થોડાથોડા દિવસે શરદી થઈ જાય છે ને બીજા રોગોના ભોગ થવું પડે છે. ઋતુઓ એ તો ઇશ્વરનો આશીર્વાદ છે અને એના દોષમાંથી બચવા માટે ઋતુનો સ્વીકૃત ખોરાક લેવો એ જ એનો સાચો અને સારો ઉકેલ છે.

ઉનાળાની ગરમીમાંથી બચવા માટે સૌથી પહેલાં ચૈત્ર માસની શરૂઆતમાં જ મીઠું ઓછું કરી નાખવું જોઇએ, શક્ય હોય તો બંધ જ કરી દેવું જોઇએ. આપણા ચૈત્રના અલૂણા વ્રતોની પાછળ આ પ્રતિકારની શક્તિ મળી રહે તેવી ભાવના છે. આ ઋતુમાં ખારો રસ લોહીની ગરમી વધારે છે, અને પરિણામે પાતળી પડેલી રક્તધાતુ (વિદગ્ધાજીર્ણ) પેદા કરીને પાચનતંત્રના નાના મોટા રોગોને નોતરે છે.

બીજો માર્ગ આમલી, લીમડો અને ખજૂરનો થોડીથોડી માત્રામાં ઉપયોગ કરવો તે છે. આમલી ને પાણીમાં પલાળી રાખો. તે તોલા ૨॥, લીમડાનાં કૂણાંકૂણાં પાન તોલો ૧ (મળે તો એનાં ફૂલ, કોલ તોલો ૧) અને ખજૂરની એના ઠળિયા વગરની પેશી તોલા ૫; આ બધાંને સારી રીતે લઠી ભોજન વખતે એમાંથી ૨થી ૨॥ તોલા લો. ગાંધીજીએ આમલી અને લીમડો ગરીબ પ્રજાને પૂરતા પ્રમાણમાં પ્રજીવક 'સી' મળી રહે તે માટે લેવાની ભલામણ કરી છે અને વર્ધા આશ્રમમાં એનો રોજ ઉપયોગ કરીને એની ગુણવત્તાની ચકાસણી કરી છે.

ત્રીજો ઉપા[illegible]ર અને દહીં અથવા સાકર અને દહીં છે. લોકો આ દિવસોમાં શીખંડ ખાય છે, પણ એ તો એ ખોરાક લેવાની વિકૃત રીત છે. દહીંમાંથી જે પાણી નીતરી જાય છે એ જ દહીંનું ઉત્તમ અંગ છે. એ પાણી વગરનું દહીં કોઈ રીતે હિતકર નથી. એટલે દહીંમાં જ સાકર કે ખજૂર નાખીને એનો ઉપયોગ કરવો જોઇએ. સંતરાં, ફાલસા, કરમદાં જેવાં ખાટાંમીઠાં ફળ અને કેરી કે આમળાંનો મુરબ્બો પણ ઉનાળામાં એક પ્રકારની ઠંડક આપનાર નીવડે છે. ખાટાં ને મધુર રસપ્રધાન દ્રવ્યો તો આ ઋતુનો પોષક અને વિષશામક ખોરાક છે. બપોરના ભોજન પછી એકાદ કલાક દિવસભર પલાળી રાખેલી માટીનું પૅક પેટ-પેઢુ ઉપર મૂકવાથી પિત્તની વિદગ્ધતા શાંત થાય છે. ઉનાળાની ગરમીમાં પ્રતિકારની શક્તિ વધારવા માટે લીંબુનું, કેરીનું, વાળાનું, બિલ્લાનું, ગુલેબનફસાનું, વરિયાળીનું કે ગ્રેપફ્રુટ (દ્રાક્ષ)નું શરબત કે ખસખસ, એલચી, વાળા ને દૂધની ઠંડાઇ પણ મદદરૂપ થશે.

('પ્રવાસી') 'ચિકિત્સક'

વીરતા અને સાહસનું સન્માન: શ્રી પુરાણી-પારિતોષિક

ભારત જ્યારે સ્વતંત્ર નહોતું ત્યારે શ્રી અરવિંદની પ્રેરણાથી શ્રી છોટુભાઈ પુરાણી તથા શ્રી અંબુભાઇ પુરાણીએ ગુજરાતના યુવાનોનું દેહઘડતર કર્યું, તેમનામાં રાષ્ટ્રની ભાવના સીંચી અને રાષ્ટ્ર સ્વાતંત્ર્યની લડતોમાં અનેક મરજીવા યુવાનોની ભેટ આપી. હવે જ્યારે ભારતને આઝાદી મળી છે ત્યારે તે આઝાદીને સુરક્ષિત રાખવા માટે આપણને સૌથી વધુ જરૂર છે ભાવનાશાળી, સાહસિક અને સેવાભાવી યુવાનોની, કે જેઓ દુર્ગમ ગિરિશિખરો ચડવામાં, ભીષણ જંગલો ખૂંદવામાં, ભયાનક જળધોધમાં નાવ હંકારવામાં, પૂર કે આગમાં પીડિતોના રક્ષણાર્થે ઝંપલાવવામાં, પગપાળા કે સાઇકલ ઉપર લાંબા પ્રવાસો ખેડવામાં આનંદ માને, તથા ગૌરવ અનુભવે.

ગુજરાતની પ્રજા આવાં વીરતાભર્યાં અને સાહસિક કાર્યો પ્રત્યે અભિમુખ બને તથા જીવના જોખમે પણ પરોપકાર, સાહસ અને પરાક્રમ કરવા પ્રેરાય તે દૃષ્ટિએ શ્રી અંબાલાલ પુરાણી દ્વારા રૂ. પચીસ હજારની રકમ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળને મળી છે. મંડળે ઘડેલી એ માટેની યોજના આવી છે.

(૧) કાર્યક્ષેત્ર ગુજરાત રાજ્ય રહેશે ને પુરુષ તથા સ્ત્રી બંને પાત્ર ગણાશે. (૨) દર વર્ષે રૂા. ૨,૦૦૦ સુધીનાં પારિતોષિકો નીચે મુજબ સાહસિક કાર્યો તથા વીરતાભર્યાં પરાક્રમો માટે આપવામાં આવશે: (અ) અકસ્માત પ્રસંગે અથવા કુદરતી આપત્તિ જેવી કે દુષ્કાળ, જલપ્રલય, આગ, રોગચાળો વગેરે સામે વીરતાભરી જીવસટોસટની કામગીરી માટે; (બ) ચોર, લૂંટારા, ધાડ કે હુમલા સામે જીવના જોખમે સ્ત્રી, બાળક, પ્રજાજન કે ગામનું રક્ષણ કરવા માટે બિનસિપાહી કે બિનસૈનિક વ્યક્તિને; (ક) પગપાળા સાઈકલ પર સાહસિક પ્રવાસ માટે; (ડ) નૌચાલનક્ષેત્રે સાહસિક પ્રવાસ માટે; (ઇ) ઉડ્ડયનક્ષેત્રે સાહસિક વિક્રમ માટે; (ફ) પર્વતારોહણક્ષેત્રે સાહસિક પ્રવાસ માટે; (જ) રમતગમતમાં ગુજરાતને ગૌરવ અપાવે તેવી સિદ્ધિ માટે.

ઉપર્યુક્ત ક્ષેત્રોમાં દર વર્ષે પરિસ્થિતિ અનુસાર એક 'સવિશેષ' અને બીજાં સાત 'સામાન્ય' એમ મળી કુલ આઠ સુધી પારિતોષિકો 'સાહસવીર ચન્દ્રકો' તથા પ્રમાણપત્રો આપવામાં આવશે. ફંડના વહીવટ માટે ગુજરાતના પાંચ વ્યાયામપ્રેમી ને અગ્રણી પ્રતિષ્ઠિત સજ્જનોનું ટ્રસ્ટીમંડળ રચાયું છે અને પારિતોષિકને પાત્ર વ્યક્તિઓની પસંદગી માટે એવા જ આઠ અગ્રણીઓની નિર્ણાયક સમિતિ નિમાઈ છે. પારિતોષિકપાત્ર વ્યક્તિની સર્વાંગી માહિતી એકત્ર કરી ઉપર્યુક્ત નિર્ણાયક સમિતિને મોકલવા માટે પ્રત્યેક જિલ્લા માટે વ્યાયામ અને સામાજિક કાર્યકરોની જિલ્લાસમિતિઓ પણ નિમાવાની છે.

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : એમિલ ઝોલા



પોતાની કાયા, કીર્તિ, કમાણી અને મિત્રોના ભોગે પણ અસત્ય ને અન્યાયનો સામનો કરનાર સાહિત્યકાર એમિલ ઝોલા ઈ. સ. ૧૮૪૦ની ૪થી એપ્રિલે પારીસમાં જન્મેલો.

એમિલ એડુઅર્ડ ચાર્લ્સ આંત્વા ઝોલા એ એનું આખું નામ. પિતા ફ્રાન્સિસ્કો ઝોલા ફ્રેન્ચ નાગરિકત્વ ધરાવતા કુશળ ઈટાલિયન ઇજનેર હતા. એમિલની સાત વર્ષની ઉંમરે જ તેમનું ઓચિંતું અવસાન થતાં આજીવિકા માટે માતાએ પારકાં વૈતરાં કરીને પુત્રને પારીસની એકોલ નૉર્માલની કૉલેજમાં પહોંચાડેલો પણ લેખનના શોખને કારણે એમિલ છેલ્લી પરીક્ષામાં નાપાસ થયો. આથી માતાને તો આઘાત લાગ્યો જ, પણ એમિલમાં યે ઘણી નિરાશા આવી ગઈ.

આખરે પિતાના એક મિત્રે એને ગોદીમાં નોકરી અપાવી; પણ એ ન ફાવી. છૂટા થવાથી ભૂખમરો, ચીંથરેહાલપણું ને નિરાશા તેના જીવનમાં વ્યાપી ગયાં. ભૂખને કારણે ઘણીવાર એ બેભાન બની જતો. પિતાના એક બીજા મિત્રે એક પ્રકાશન સંસ્થામાં ચોપડીઓના બંડલ બાંધવાની નોકરી અપાવી. અહીં એ ઘણી ચોપડીઓ વાંચતો અને નિજાનંદ ખાતર એનાં અવલોકનો લખતો. એનો આ લેખનશોખ જોઈ શેઠે એને જાહેરખબર ખાતામાં ગોઠવ્યો. સ્થિતિ કંઈક સુધરી એટલે એણે માતાને પણ બોલાવી લીધી. ફુરસદના વખતમાં એણે વાર્તાઓ લખવા માંડી. થોડી પ્રકટ પણ થઇ તેથી પ્રોત્સાહિત થઇ એનો સંગ્રહ કરીને પ્રકાશકને બતાવ્યો. એ પ્રકટ થતાં સાહિત્યજીવનમાં એણે પગ મૂક્યો.

સીન નદી કાંઠે એણે હવે ઘર રાખ્યું. એ ઘરધણીની પુત્રી ઍલેક્ઝાંડ્રિયાને એનો પ્રેમી તરછોડી ગએલો ત્યારે એમિલે એને ઘરપત આપી અને પાછળથી બંને પરણી ગયાં. હવે એ વાસ્તવદર્શી કૃતિઓ સર્જવા લાગ્યો. માનવહૃદયનાં ઊંડાણોનો એ બહુ સહેલાઈથી તાગ કાઢી શકતો, સમાજના રોગ દર્શાવતી કેટલીક વાસ્તવદર્શી નવલકથાઓ એણે લખી જેથી એ લોકપ્રિય થયો, ને લોકનિંદ્ય પણ.

ધીમેધીમે એ નવલકથાના દસ ગ્રંથો પ્રકટ થયા. એક જિજ્ઞાસુ તરીકે, સમીક્ષક તરીકે અને માનવતાના એક શિક્ષક તરીકે એણે પોતાની શક્તિ તેમાં દેખાડી દીધી. એ કથામાં આવતાં દરેક સ્થળની એણે જાતે મુલાકાત લીધેલી. જે જીવતી વ્યક્તિઓ પરથી એણે પાત્રનિરૂપણ કરેલાં એ દરેક વ્યક્તિનો પરિચય કેળવી એણે એમની બોલચાલ રીતભાત વગેરેનો ઊંડો અભ્યાસ કરેલો. એ માટે રાખેલી દળદાર નોંધપોથીઓમાંથી જ એણે પોતાની કથાનું વસ્તુ વિકસાવેલું.

પણ લોકોના એક વર્ગમાં એના આ વાસ્તવદર્શી આલેખનો સામે અણગમો હતો. એવામાં ફ્રાન્સના એક યહૂદી અફસર ડ્રેફસ પર જર્મનોને લશ્કરી રહસ્યો પહોંચાડવાના આરોપ હેઠળ થએલી સજાના અન્યાય સામે ઝોલાએ માથું ઊંચક્યું. 'આઇ એક્યુઝ' (હું આરોપ મૂકું છું) નામે પત્રિકા પ્રકટ કરી તેમાં એણે ડ્રેફસની નિર્દોષતા અને ખરા ગુનેગાર માણસોનાં તરકટને ખુલ્લાં પાડ્યાં. પરિણામે એના પર કામ ચાલ્યું ને એને દંડ તથા કેદની સજા થઈ. સત્ય અને ન્યાય માટેની આ લડતને પરિણામે એ ફરી પાછો એકાકી નિરાશ ને નિષ્કંચન બની ગયો. પણ એણે ડ્રેફસ માટે લડવાનું જારી જ રાખ્યું. આખરે ડ્રેફસની ફેરતપાસ થઇ ને એ નિર્દોષ સાબિત થયો. ઝોલાને સફળતા મળી.

૧૯૦૨ની ૨૯મી સપ્ટેમ્બરે રાત્રે એ મોડે સુધી લખતો રહ્યો. તે સૂતો ત્યારે તાપવાની સગડી ભડભડતી જ હતી. પાછળથી સગડીની આગ તો ઠરી ગઈ પણ એનો ધુમાડો ચાલુ રહ્યો. એ ધુમાડાને કારણે જ બીજે દિવસે સવારે એ મૃત્યુ પામેલો મળ્યો. રાતે અધૂરા મૂકેલા લખાણમાં લખ્યું હતું 'સત્ય દ્વારા ઉચ્ચ ને સૌમ્યપૂર્ણ માનવતાનું નવસર્જન'. અને એના જીવનનો પ્રધાન સંદેશ પણ એ જ છે.

પ્રસંગવિશેષ : કિનેટોસ્કોપ • સિનેમાની આદિ રજૂઆત, ૧૪મી એપ્રિલ ૧૮૯૪




ઈ. ૧૮૯૪ની ૧૪મી એપ્રિલના દિવસે ન્યૂયૉર્કના બ્રૉડવે વિસ્તારમાં જોડાની એક દુકાનમાં ઘટતા ફેરફાર કરી એક અદ્‌ભુત શોધની જાહેરમાં રજૂઆત કરવામાં આવી. કિનેટોસ્કોપ નામની એ શોધમાં હાલતાંચાલતાં ચિત્રો દેખાતાં હતાં. એમાં છીંક ખાતો માણસ દેખાતો, નાચતી છોકરી બતાવાતી અને જાણીતી બંદૂકબાજ ઍન ઓકલેની બંદૂકબાજી પણ તેમાં જોવા મળતી! લોકોને આશ્ચર્યમાં ગરકાવ કરી દેનારી આ ચલચિત્રોની શોધ જગવિખ્યાત વિજ્ઞાની એડિસનની ન્યૂ જર્સીની પ્રયોગશાળામાં 'બ્લૅક મેરી' નામક એક ડબા જેવી સાધન વડે કરેલી ફોટોગ્રાફીથી થઇ હતી. પાછળથી 'સિનેમા' તરીકે વિકસેલી એ શોધનું આ 'કિનેટોસ્કોપ' બહુ શરૂઆતનું—ને એથી આજના વિકાસની સરખામણીમાં તો ઘણું વિચિત્ર સ્વરૂપ હતું; પણ એમાં મૂળ સિદ્ધાંતનો ફેરફાર બહુ થયો નથી. ત્યારે તો માત્ર પંદર પંદર સેંકડનાં જ એ ફિલ્મ-ચિત્રો હતાં અને એ જોવા માટે પણ વારાફરતી એકએક માણસે ખાસ કાણામાંથી નજર માંડવી પડતી હતી. એ પછીની અર્ધી સદીમાં કિનેટોસ્કોપની આ શોધે એક આગવું સિનેમાજગત સર્જવા જેવો જે વિકાસ સાધ્યો છે એના તો આપણે સૌ સાક્ષી છીએ.

અનુસંધાન] **શતરંજ** [પૃ. ૧૫૪થી

અણધારી મળતો હુમલાનો એક બીજો પ્રકાર છે, જેને skewer કહે છે. તેમાં વચ્ચે રહેતું મહોરું મોટી કિંમતનું હોય છે અને તે હુમલામાંથી ખસે એટલે પાછળનું મહોરું મફતના ભાગમાં મરે છે. જુઓ (બાજુમાં)

1 R–R8. હવે સફેદ P–R8 (=Q)થી પ્યાદાને વજીર બનાવવાની ધમકી આપે છે અને R×Q પછી R×R અને છેલ્લે વધતા હાથીની મદદથી જીતે જ. તેથી કાળાનો જવાબ 1..., R×P સિવાય કંઈ ન હોઈ શકે પણ હવે 2 R–R7 Ch અને રાજા ગમે ત્યાં ખસે એટલે 3 R×R. અને જીત નક્કી છે.



અભ્યાસની પળ

ફોટો કલાકાર: હેરોલ્ડ ટર્ની

રોજિંદી દિનચર્યાની વચ્ચે વચ્ચે મળતી અવકાશની પળોને નિજ વ્યાસંગમાં પ્રયોજી દેતા અભ્યાસરત પાત્રની આ લાક્ષણિક છબિમાં ફોટો-કલાકારે ઘેરી પશ્ચાદ્‌ભૂમિને પડછે ઉપસી આવતી તડકાની કુમાશને જે રીતે ઝડપી લીધી છે તેમાં એની કલાદૃષ્ટિ અને એના કૅમેરા કસબ, બંનેની પ્રતીતિ થાય છે.





ગુંફન (લીથોગ્રાફ: એમ. સી. એશ્વર) પરસ્પરની આકૃતિઓથી જ રચાતી જતી, ૨૧ શ્યામ અને ૧૯ સફેદ અપ્તરંગી જીવસૃષ્ટિ (અને વચ્ચે એક વાદ્ય)નું નિરૂપણ કરતી આ અદ્‌ભુત ગૂંથણીના સર્જક આ પ્રકારની રચનાઓના સમર્થ સ્વામી ગણાય છે. નેધરલૅન્ડના એ કલાકારની આવી જ એક કૃતિ 'હવા અને પાણી' ૪૩૧મા અંકના પૂંઠા પર આવી ગઈ. 'સ્પેઇસ ડેકોરેશન' કે 'મોઝેઇક'ને નામે ઓળખાતી આ રચના પાછળ આકારોના હિસાબે ગોઠવવાની બૌદ્ધિક શક્તિ ઉપરાંત પ્રવાહી લયલીનતા પણ છે. એમ લાગે છે કે એની રચના સર્જકે નથી કરી પણ એ બધા આકારો પોતે જ જાણે એકબીજાના ગાળાઓમાંથી પોતપોતાની લાક્ષણિકતાઓ લઈને આપોઆપ ઉપસતા-સર્જાતા આવે છે.

> તપે તાપે તો યે સુખડ નવ સૌરભ પરહરે,
> મરે ભૂખે ભાવે મૃગપતિ કદી ના તૃણ ચરે.

કવિ નાનાલાલ સૌરાષ્ટ્રના વિદ્યાધિકારી હતા ત્યારે એક દિવસ ટ્રેઈનિંગ કૉલેજના રસોડાની ઓચિંતી મુલાકાત લેતાં તેમણે છાત્રોને ઘી વિનાની રોટલી ખાતાં જોયા. પૂછતાં જણાવ્યું કે માસિક છ રૂપિયાની છાત્રવૃત્તિમાં ઘી શે પોસાય? એમણે તરત છાત્રવૃત્તિની રકમ બમણી કરવા સરકારમાં લખાણ કર્યું, અને લગભગ બાર મહિને એ મંજૂર થઈને આવ્યું ત્યાં સુધી નિયમિત પોતાને ઘેરથી ઘીનો ડબ્બો મોકલતા રહ્યા. [ગઈ પાંચમીએ (ગુડીપડવાને દિવસે) એમની જયંતી ગોજવાઈ.]

〃

કહેવતોના અર્થ: 'દીકરીઆળું ઘર ને બોરડીઆળું ખેતર.'—નીચા કદ ને મબલખ પાકને કારણે બોરડીનું ઝાડ—કે એવાં ઝાડ ધરાવતું ખેતર ઝુડવાની લાલચ જેમ કોઈથી રોકી શકાતી નથી અને એની રંજાડ સહજ થાય છે, તેમ પુત્રીઓ ધરાવતા ઘરને—દીકરીના માબાપને વિશે સમાજમાં રહેલો નાનમનો ભાવ દર્શાવતી આ કહેવત સ્પષ્ટ છે.

〃


અનેકાર્થી શબ્દ: થડ=મુખ્ય વસ્તુ; ઉત્પત્તિસ્થાન; મૂળ; છેક નીચેનો ભાગ: મૂળ અને ડાળાં વચ્ચેનો ઝાડનો ભાગ: જેમાં લાઠ ફરે છે તે જમીનમાં ખોડેલું ઘાણીનું મુખ્ય લાકડું—ખોડ; ધડ; પાસેની જગ્યા, પડોશ; નજીકનું: મંડાણ; ભરતકામ કે ગીતમાં શરૂઆત; રાગ; રમતનો મુખ્ય માણસ, વંશવૃક્ષનું મૂળ; સ્ત્રીઓનાં લમણાં ઉપરના વાળ અંબોડા સાથે બાંધવાની દોરી; એક જાતનો અવાજ.

ખોટી માન્યતા: બરફ કે ઠંડાં પીણાંથી ગરમીમાં શરીરને કાયમી ઠંડક નથી મળતી ને ગરમ પીણાં પીવાથી ઠંડીમાં ગરમી પણ નથી મળતી. જે અસર જણાય છે તે ક્ષણિક હોય છે.

ચાનાં પાંદડાં એક કલાક સુધી પાણીમાં ઊકળવા દીધા પછી એક શીશીમાં ભરી લેજો. વાર્નિશવાળું ફર્નિચર, કાચનાં બારીબારણાં, આયના વગેરે સાફ કરવા માટે એ એક ઉત્તમ પ્રવાહી બની રહેશે.

〃

ખાટા થઈ ગએલા દૂધથી આરસપહાણ બહુ સરસ રીતે સાફ થાય છે.




કલાકણિકા: હોશિયારપુર (પંજાબ)નું હાથીદાંતના જડતરકામવાળું ટેબલનું મથાળું

[illegible] (સંપાદક-આલેખક: [illegible])



રૉબિન હૂડ કલ્પના કે હકીકત?

ઇંગ્લંડમાં નૉટિંગહામશાયર, યૉર્કશાયર, ડર્બીશાયર, સ્ટૅફર્ડશાયર અને વૂસ્ટરશાયર પરગણાંઓમાં રૉબિન હૂડના નામ સાથે સંકળાયેલાં અનેક સ્થળો છે: છતાં રૉબિન હૂડ નામે ખરેખર કોઈ બહારવટીઓ થઈ ગયાનો દસ્તાવેજી પુરાવો મળતો નથી. નૉટિંગહામમાં તો એનું એક પૂતળું પણ છે.





ધી ઑલ્ડ ક્યૂરિયૉસિટી શૉપ લંડનમાં કિંગ્સવેને છેડે આવેલી આ દુકાનને જ (કહે છે કે) ડિકન્સે પોતાની એ જ નામની કથામાં અમર કરી છે.



યૉર્કશાયરના ખાણપ્રદેશમાં તો રૉબિન હૂડ નામે એક ગામડું પણ છે.



શ્રૉપશાયરમાં બૉસ્કોબેલ મુકામે 'રૉયલ ઓક' નામે ઓળખાતું આ વૃક્ષ ઈ.સ.૧૬૫૧માં ચાર્લ્સ બીજો જેમાં છુપાયેલો એ અસલ વૃક્ષના જ ફળના બીજમાંથી ઊગેલું છે.



બ્રિટનમાં માત્ર કોઈ કોઈ બંદરકાંઠે જ જોવા મળતું આ શોભન મૂળમાંતો 'શિપ-સ્મિથ' નામક વહાણવટું કરતી એક પેઢીના નામના પ્રથમાક્ષર (S) ની સંજ્ઞા છે. વીતી ગએલા જહાજી યુગોની યાદ આપતું આ શોભન યૉર્કમાં રામસગેટ મુકામે આવેલું છે.